


ગુરૂવાર તા.૧૦ જુલાઈ ૨૦૨૫ * • પાનાં : ૧૨ • કિંમત : ₹ ૫.૦૦

VOICE OF THE PEOPLE

REG. NO. SRT 751/2024-26
Valid up to 31-12-2026

R.N.I.Reg. No. : GUJGUJ/2012/44686

# ગુજરાત ગાર્ડિયન

દૈનિક અખબાર

• તંત્રી : મનોજ મિસ્ત્રી • સંવત ૨૦૮૧ • અષાઢ સુદ પૂનમ • વર્ષ : ૧૩ • અંક : ૩૫૨

Live News: www.gujaratguardian.com
E-paper : www.gujaratguardian.in E-mail : (News)gujaratguardiangroup@gmail.com / (Advertiseing) advtguardian@gmail.com

• ગાર્ડિયન હાઉસ, સુમન દેસાઈની વાડી, ઉધના દરવાજા, રિંગ રોડ, સુરત-૩૯૫૦૦૨ • ફોન : ૦૨૬૧-૪૦૧૦૨૦૩, ૨૬૩૬૬૧૧/૧૨/૧૩. • (જાહેર ખબર વિભાગ) ૦૨૬૧-૪૦૧૦૨૩૭/૦૨૬૧-૪૦૧૦૨૩૯




## ગુજરાતમાં વધુ એક કરૂણાંતિકા

# વડોદરાની મહિનદીનો ધોરીનસ સમાન બ્રિજ ધરાશાયીઃ 13નાં મોત

### દક્ષિણ, મધ્ય ગુજરાતને ટુંકા અંતરેથી જોડતો ગંભીરા બ્રિજ ઘણા સમયથી બિસ્માર હતો : સરકારે ઉદાસીનતા દાખવતા આખરે અનેક વાહન ચાલકો સાથે ધરાશયી થઈ ગયો : રાજ્યમાં ચારે તરફથી ફિટકાર : લોકોએ સરકારને પણ ઝાટકી





**સુરત, અમદાવાદ તા.9**

ગુજરાતમાં સર્જાયેલી વધુ એક કરૂણાંતિકામાં વડોદરા નજીક મહિસાગર નદી ઉપરનો ધોરીનસ સમાન 'ગંભીરા બ્રિજ' આજે સવારે અચાનક તૂટી પડતા અનેક વાહનો બે કાંઠે વહેતી મહિસગાર નદીમાં ખાબક્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ 13ના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. જ્યારે છ લોકો ઘવાયા હતા. મહિસાગર નદીના પ્રવાહમાં તણાઈ ગયેલા અને લાપતા લોકોની શોધખોળ ચાલી રહી છે. ગંભીર ગામને અડીને આવોલ બ્રિજ 'ગંભીરા બ્રિજ' તરીકે ઓળખાતો હતો. વર્ષ 1985માં બનાવવામાં આવેલ બ્રિજ નિર્માણકાર્ય વખતે પણ વિવાદો ઉભા થયા હતા. પાછલા ઘણાં સમયથી જર્જરિત થઈ રહેલા બ્રિજ અંગે સરકારી તંત્રનું વારંવાર ધ્યાન દોરવામાં આવ્યું હતું. છતાં તંત્રએ ધરાર બેદરકારી દાખવતા આજે વહેલી સવારે બ્રિજ અચાનક ધસી પડ્યો હતો અને 13 લોકોના તાત્કાળ મોત નિપજ્યા હતા અને અનેક લોકો ઘવાયા હતા.

મોરબીનો કેબલ બ્રિજ તૂટી પડવાની અને 137 લોકોનાં મોતની ઘટના લોકોની નજર સામે તરવરી ઉઠી હતી. મોરબી બ્રિજ દુર્ઘટના બાદ રાજ્ય સરકારે રાજ્યભરના બ્રિજની મજબૂતાઈ અંગે સરવે કરાવ્યો હતો. આ સરવેમાં પણ અનેક બ્રિજ ક્ષતિગ્રસ્ત જણાયા હતા. પરંતુ સમયની સાથે બધું ભૂલાઈ ગયું હતું અને લોકો મોતને મુઠ્ઠીમાં લઈને ક્ષતિગ્રસ્ત બ્રિજ ઉપરથી આજે પણ પસાર થઈ રહ્યા છે. પરંતુ સરકારી તંત્રોને લોકોની જિંદગીની કોઈ જ વિસાત નથી.

ગંભીરા બ્રિજ બિસ્માર હતો આ અંગે અનેક ફરિયાદો પણ મળી હતી. તંત્રએ આ ફરિયાદને ગંભીરતાથી લીધી હોત તો કદાચ આજથી દુર્ઘટના સર્જાઈ ન હોત. ગંભીરા બ્રિજ દક્ષિણ, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતો મહત્ત્વનો કડીરૂપ બ્રિજ હતો અને બે પ્રદેશો વચ્ચે અંતર ટૂંકુ થઈ જતું હોવાથી સૌરાષ્ટ્ર તરફ જતા વાહન ચાલકો માટે ગંભીર બ્રિજ પહેલી


• અનુસંધાન પાના ૧૧ ઉપર




### બ્રિજમાં મેજર ડેમેજ નહોતું, પુલ જર્જરિત નથીઃ કાર્યપાલક ઇજનેર

માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઇજનેર એન. એમ. નાયકાવાલાએ જણાવ્યું કે આ બ્રિજ 1985માં બન્યો હતો. અને બ્રિજની લાઇફ 100 વર્ષની હોય છે. ગયા વર્ષે માલુમ પડતાં કામગીરી કરાઇ હતી. અને આ વર્ષે પણ ખાડા પુરાયા હતા. અમારા રિપોર્ટમાં બ્રિજમાં મેજર ડેમેજ નહોતું. પુલ જર્જરિત નથી, અહેવાલ આવે ત્યારબાદ કારણોની જાણ થશે.

### વડાપ્રધાને સંવેદના વ્યક્ત કરી

વડાપ્રધાને સંવેદના વ્યક્ત કરી મૃતકોના પરિવારજનોને 2 લાખ અને ઘાયલોને 50,000ની સહાયની જાહેરાત કરી. મોદીએ ગુજરાતના વડોદરા જિલ્લામાં પુલ તૂટી પડવાથી થયેલી જાનહાની પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. મોદીએ અકસ્માતમાં ઘાયલ થયેલા લોકો માટે ઝડપી સ્વસ્થ થવાની પણ પ્રાર્થના કરી છે. વડાપ્રધાને મૃતકોના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી પ્રત્યેકને 2 લાખ રૂપિયા અને ઘાયલોને પ્રત્યેકને 50,000 રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

### મૃતકો

1. વખત સિંહ મનુભાઈ જાદવ (35 વર્ષ) રહે. કહાનવા, તા.જંબુસર
2. કાનજીભાઈ મેલાભાઈ માછી (70 વર્ષ) રહે.ગંભીરા, તા.આણંદ
3. પ્રવીણ લાલજીભાઈ જાદવ (33 વર્ષ) ઉંદેવ, ખંભાત
4. રમેશ રાવજીભાઈ પઢીયાર (38 વર્ષ) મુજપુર, પાદરા
5. હસમુખભાઈ મહીજીભાઈ પરમાર (40 વર્ષ) હર્ષદપુરા, મજાતણ, પાદરા
6. નૈતિક રમેશભાઈ પઢીયાર (2 વર્ષ) મુજપુર, પાદરા
7. વૈદિકા રમેશભાઈ પઢીયાર (6 વર્ષ) મુજપુર, પાદરા
8. રાજેશ ઈશ્વર ચાવડા (26 વર્ષ) દેવાણ, તા.આકલાવ
9. પર્વત ભગવાનભાઈ વાગડિયા (20 વર્ષ) સરસવા, મહીસાગર ઉત્તર
10. જશભાઈ શંકરભાઈ હરીજન (65 વર્ષ) ગંભીરા, આંકલાવ

અન્ય ત્રણ વ્યક્તિઓ

### ઇજાગ્રસ્તો

1. નરેન્દ્રસિંહ રતનસિંહ પરમાર (45 વર્ષ) દેહગામ, ગાંધીનગર
2. ગણપતસિંહ માનસિંહ રાજપુત (40 વર્ષ) રાજસ્થાન
3. રાજુભાઈ દોડાભાઈ (30 વર્ષ) દ્વારકા, નાની શિરડી
4. સોનલબેન રમેશભાઈ પઢિયાર (35 વર્ષ) મુજપુર,પાદરા
5. અરવિંદભાઈ મહીજીભાઈ પરમાર - મજાતણ, પાદરા
6. દિલીપભાઈ રામસિંહ પઢિયાર (35 વર્ષ), નાની શેરડી

### ગુજરાતમાં બે દાયકામાં 19 બ્રિજ તુટી પડ્યા 188 નિર્દોષ લોકો બે મોત કોળિયો બની ગયા

| પુલ | તારીખ | મોત |
|---|---|---|
| 1) મહીસાગર ગંભીરા બ્રિજ દુર્ઘટના | 9 જુલાઈ 2025 | 13 |
| 2) બોટાદમાં પાટલિયા નદી પુલ | જૂન 2025 | 00 |
| 3) મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ | 5 નવેમ્બર, 2024 | 03 |
| 4) બોડેલી-છોટાઉદેપુર પુલ | 28 ઑગસ્ટ 2024 | 00 |
| 5) ચોટીલાના હબિયાસર ગામ પુલ | 27 ઑગસ્ટ 2024 | 00 |
| 6) મોરબીના હળવદમાં પુલ | 26 ઑગસ્ટ 2024 | 00 |
| 7) સુરત શહેરમાં મેટ્રોનો પુલ | 30 જુલાઈ 2024 | 00 |
| 8) મહેસાણાના આંબેડકર બ્રિજ | 14 ફેબ્રુઆરી 2024 | 00 |
| 9) પાલનપુરમાં નિર્માણાધીન બ્રિજ | 23 ઓક્ટોબર 2023 | 01 |
| 10) ખેડાના બામણગામ બ્રિજ | 4 ઑક્ટોબર 2023 | 00 |
| 11) ધંધુસરનો 45 વર્ષ જૂનો બ્રિજ | 5 જુલાઈ 2023 | 00 |
| 12) મોરબીનો ઝૂલતો પુલ | 30 ઓક્ટોબર 2022 | 141 |
| 13) રાજકોટના માધાપર ચોકડી બ્રિજ | 25 જાન્યુઆરી 2022 | 00 |
| 14) અમદાવાદ મુમતપુરા બ્રિજ સ્પાન | 21 ડિસેમ્બર 2021 | 00 |
| 15) મહેસાણા બાયપાસ હાઈવે બ્રિજ | 24 જાન્યુઆરી 2020 | 00 |
| 16) રાજકોટ આજીડેમ ચોકડી પુલ | 2020 | 00 |
| 17) સુરતમાં પીપલોદ ફલાયઓવર | 2019 | 00 |
| 18) અમદાવાદનો હાટકેશ્વર પુલ | 2021-22 | 00 |
| 19) દમણગંગા પુલ દુર્ઘટના | 28 ઓગસ્ટ 2003 | 30 |
| કુલ | | 188 |

**મોરબીનો ઝૂલતો બ્રિજ અને દમણ ગંગા તુટી પડવાની કલંકિત ઘટનાઓ દાયકા સુધી ઈતિહાસમાં કાળા અક્ષરે લખાયેલી રહેશે**

## અમેરિકાએ વિદ્યાર્થી, પ્રવાસી અને H-1B વિઝા ચાર્જની સિક્યોરિટીમમાં 250 ડોલરનો વધારો કર્યો

**નવી દિલ્હી તા.9**

વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો અને પ્રવાસીઓ સહિત નોન-ઈમિગ્રન્ટ વિઝા અરજદારોની સિક્યોરિટી ડિપોઝીટમાં વર્ષ 2026થી 250 ડોલરનાં વધારાની અમેરિકાએ જાહેરાત કરી છે. આ ફી ચોક્કસ શરતો હેઠળ પરત કરી શકાય છે, પરંતુ તે ફુગાવાના દર પર આધારિત હોવાથી વાર્ષિક ધોરણે બદલાશે. તેમાં વધઘટ થવાની સંભાવના રહેશે. આ અંગેનાં કાયદા પર રાષ્ટ્રપતિ ટ્રમ્પે



4 જુલાઈનો રોજ હસ્તાક્ષર કર્યા હોવાની જાહેરાત કરી હતી.

અમેરિકાએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વન બિગ બ્યુટીફુલ બિલ એક્ટ હેઠળ વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો અને પ્રવાસીઓ સહિત નોન-ઈમિગ્રાન્ટ વિઝામાં 250 ડોલર સિક્ટોરિટી ડિપોઝીટમાં વધારો કરવાની જાહેરાત કરી છે. વિઝા ઈન્ટિગ્રિટી ફી રજૂ કરીને તેની ઈમિગ્રેશન નીતિમાં વધુ એક ફેરફાર કર્યો છે, જે 4 જુલાઈના


• અનુસંધાન પાના ૧૧ ઉપર


**વિઝા ચાર્જની સિક્યોરિટી ફુગાવાના દર પર આધારિત હોવાથી વાર્ષિક ધોરણે બદલાશે, કાયદા પર રાષ્ટ્રપતિ ટ્રમ્પે 4 જુલાઈનો રોજ હસ્તાક્ષર કર્યા હોવાની જાહેરાત**

## ટ્રમ્પે વધુ છ દેશો ઉપર 30 ટકા ટેરિફ લાદ્યો

**વૉશિંગ્ટન, તા. 09**

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ એક ટેરિફ બોમ્બ ફેંક્યો છે. ટ્રમ્પે બુધવારે દેશોને નવા ટેરિફ પત્રો જારી કર્યા છે. જેમાં તેમને 1



ઓગસ્ટ, 2025 થી પારસ્પરિક ટેરિફ લાદવાની ચેતવણી આપવામાં આવી હતી. ટ્રમ્પ દ્વારા આજે જારી કરાયેલા ટેરિફ મુજબ, ફિલિપાઇન્સ (20%), બ્રુનેઈ (25%), મોલ્ડોવા (25%), અલ્જેરિયા (30%), લિબિયા (30%), ઈરાક (30%) પર કર લાદવામાં આવ્યો છે.

ટ્રમ્પ દ્વારા આજે જારી કરાયેલા ટેરિફ મુજબ, ફિલિપાઇન્સ (20%), બ્રુનેઈ (25%), મોલ્ડોવા (25%),

### નવી યાદીમાં અલ્જેરિયા, લિબિયા, ઈરાક પર 30 ટકા જયારે બ્રુનેઈ, મોલ્ડોવા પર 25 ટકા અને ફિલિપાઈન્સ પર 20 ટકા ટેરિફની જાહેરાત કરી : 1 ઓગસ્ટથી શરૂ થશે

અલ્જેરિયા (30%), લિબિયા (30%), ઈરાક (30%) પર કર લાદવામાં આવ્યો છે.

આ 6 દેશો પર ટેરિફ લાદવાનો નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે એક દિવસ પહેલા જ અમેરિકન રાષ્ટ્રપતિએ દક્ષિણ કોરિયા અને જાપાન સહિત 14 દેશો પર ટેરિફ લાદ્યો હતો.

સોમવારની જાહેરાત પછી, જાપાન, દક્ષિણ કોરિયા અને દક્ષિણ આફ્રિકા સહિત ૧૪ દેશોને સત્તાવાર પત્રો મોકલવામાં આવ્યા હતા , જેમાં ૨૫ ટકાથી ૪૦ ટકા સુધીની ભારે આયાત જકાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ટ્રમ્પે જાપાન (૨૫ ટકા),


• અનુસંધાન પાના ૧૧ ઉપર





# પાલના તબીબ ભાઈ સાથે નશાના રવાડે ચડેલા સગા નાનાભાઈએ પાંચ કરોડનો ચૂનો ચોંપડ્યો

**સુરત, તા.૯**

શેર ડબ્બા ટ્રેડીંગ અને દારુના નશાના રવાડે ચઢેલા સગા નાના ભાઈને સુધારીને હોસ્પિટલનો વહીવટ આપવાનું મોટા વરાછા અને હીરાબાગ વરાછા ખાતે ઈટાલીયા મલ્ટી સ્પેશિયલ હોસ્પિટલ ચાલવતા ડોક્ટરને ભારે પડી ગયું હતું. નાના ભાઈએ મોટાભાઈની જાણ બહાર હોસ્પિટલના વિસ્તરણ અને ટેક્ષ પ્લાનિંગના ઓથા હેઠળ ભાગીદારી પેઢી ઉભી કરી હતી અને મોટા ભાઈની હોસ્પિટલની આવકમાંથી પોતાના અને પત્નીના નામે જમીન અને મિલકતોની ખરીદી કરી હતી. મોટાભાઈના સુરત ડિસ્ટ્રીક્ટ બેંકના ઓવર ડ્રાફ્ટના ખાતામાંથી રૂપિયા ટ્રાન્સફર કારાવી લઈ ૪.૯૪ કરોડની ઉચાપત કરી હોવા અંગેની ફરિયાદ ડીસીબીમાં નોંધાઈ હતી.આ કેસમાં ઈકો સેલની ટીમે ઉચાપત કરનાર નાના ભાઈની ધરપકડ કરી હતી.

ડોકટર અનીલ રાજા ઈટાલીયા (રહે.શ્રીપદ પાર્ક એરેના પાલ હજીરા રોડ મૂળ રહે.પાંચ પીપળા ગામ તા.તળાજા જી.ભાવનગર)એ ડીસીબીમાં પોતાના જ સગા ભાઈ યોગેશ રાજા ઈટાલીયા સામે ૪.૯૪ કરોડની ઉચાપતની ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે પોતે તબીબ છે અને હાલમાં વરાછાના હીરા બાગ તેમજ મોટા વરાછાના પ્લેટીનમ પાર્કમાં ઈટાલીયા મલ્ટી સ્પેસ્યાલિટી હોસ્પિટલ ચલાવે છે.તેનો સગો નાનો ભાઈ ઘણા સમયથી દારુના અને શેર ડબ્બા ટ્રેડીંગના રવાડે ચઢી ગયો હતો અને તેમાં તેણે ઘણા રૂપિયાનું નુકશાન કર્યું હતું. પરિવારમાં સૌથી નાનો યોગેશ હોય માતા પિતાની લાગણીને માન આપી અનીલ ઈટાલીયાએ પોતાની હોસ્પિટલમાં વહીવટકર્તા બનાવીનમે યોગેશના માથે જવાબદારી આપી હતી અને ભરોસો મુક્યો હતો.જેનો યોગેશ ઈટાલીયાએ ગેરલાભ લીધો હતો અને ગેરરીતી આચરવાનું શરુ કરી દીધું હતું. તેણે હોસ્પિટલની આવક આવતી હતી તેમાં નજર બગાડી હતી અને તેમાંથી કામરેજ અને મોટા વરાછા વિસ્તારમાં પોતાના અનેપત્નીના નામે જમીનની ખરીદી કરી લીધી હતી.

## યોગેશ ઈટાલીયાને દારૂની લત છોડાવી મોટાભાઈ ડો.અનિલ ઈટાલીયાએ પોતાની હોસ્પિટલનો કારભાર આપી દીધો: યોગેશે જમીન, મિલકતો અને રોકડ ગજવે ઘાલી, યોગેશની ધરપકડ

ઉપરાંત હોસ્પિટલના વિસ્તરણ અને ટેક્ષપ્લાનિંગના ઓથા હેઠળ ભાગીદારી પેઢી ઉભી કરી હતી અને તેની આવક માંથી ઈટાલીયા જીમ અને યોગા સેન્ટર ખોલી નાખ્યું હતું.તેમજ સુરત ડીસ્ત્રીક્ત બેંક લાલદરવાજા શાખા માંથી પણ ડોક્ટર્સ મિત્ર ઓવર ડ્રાફ્ટ ખાતામાંથી પણ મોટી રકમ ટ્રાન્સફર કરી લીધી હતી. આમે કુલ રૂ.૪.૯૪ કરોડ જેટલી રકમની ઉચાપત યોગેશ ઈટાલીયાએ કરી હતી.

# નર્મદ યુનિ. કેમ્પસમાં પ્રાકૃતિક કૃષિ મોડલ ફાર્મની સ્થાપના કરવાની કાઉન્સિલની બેઠકમાં મંજુરી

**સુરત, તા.૯**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની સુચનાને પગલે કેમ્પસમાં પ્રાકૃતિક કૃષિ મોડલ ફાર્મની સ્થાપના કરવાની મંજૂરી આજે એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં આપવામાં આવી હતી. તેમજ અલગ અલગ ૩ ફેકલ્ટીમાં સાત નવા કોર્સ શરૂ કરવા ઉપરાંત યુનિવર્સિટીના શૈક્ષણિક ક્ષેત્રમાં બે નવી ફેકલ્ટી ઉમેરવા માટે પણ મંજૂરી આપવામાં આવી હતી.

## ત્રણ ફેકલ્ટીમાં સાત નવા કોર્ષ સહિત બે નવી ફેકલ્ટીનો ઉમેરો કરવાનો પણ નિર્ણય લેવામા આવ્યો

રાજ્યપાલ અને યુનિવર્સિટીનાં કુલાધિપતિ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા યુનિવર્સિટીના કેમ્પસોમાં પ્રાકૃતિક કૃષિ મોડલ ફાર્મની સ્થાપના કરવા માટે સૂચના આપી હતી, ત્યારબાદ યુનિવર્સિટી તરપથી કેમ્પસમાં ફાર્મની સ્થાપના કરવા માટે આજે એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં સત્તાવાર મંજૂરી આપવામાં આવી હતી. જેમાં રૂરલ સ્ટડીઝ ડિપાર્ટમેન્ટને સંપૂર્ણ કામગીરી આગળ વધારવાની તાકીદ કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને કેમ્પસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કુદરતી ખેતી પ્રત્યે જાગૃત થાય તે હેતુથી ફાર્મની સ્થાપના કરવામાં આવશે. આ ઉપરાંત યુનિવર્સિટી ખાતે ફેકલ્ટી ઓફ ઈન્ટરડિસિપ્લિનરી સ્ટડીઝ અને ફેકલ્ટી ઓફ વોકેશનલ સ્ટડીઝ શરૂ કરવા અંગે બોર્ડ ઓફ ડીન દ્વારા ભલામણ કરવામાં આવી હતી. જેને એકેડેમિક કાઉન્સિલ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. અને હવે આગામી સમયમાં યુનિવર્સિટી ખાતે બોર્ડ ઓફ સ્ટડીઝ- ઈન્ટરડિસિપ્લિનરી સ્ટડીઝ અને બોર્ડ ઓફ સ્ટડીઝ- વોકેશનલ સ્ટડીની રચના કરવામાં આવશે. આ ઉપરાંત યુનિવર્સિટી તરફથી ત્રણ અલગ-અલગ ફેકલ્ટીમાં સાત જેટલા નવા કોર્ષ શરૂ કરવાનું નક્કી કરાયું છે.

# સરકારની માઈક્રોફૂડ પ્રોસેસિંગ યોજનાથી સેંકડો નાના ઉદ્યોગકારોને વિદેશના માર્કેટમાં નિકાસ કરતા થઇ ગયા

**ગાંધીનગર, તા.૯**

કૃષિપ્રધાન દેશ તરીકે ભારત પાસે ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે અગ્રેસર બનવાની ઉજળી તકો રહેલી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ કેન્દ્ર સરકારે ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગને પ્રાથમિકતા આપતાં વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે, જે પૈકી એક મહત્વની યોજના છે- પ્રધાનમંત્રી ફોર્મલાઈઝેશન ઑફ માઇક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝીસ (PMFME) યોજના. 29 જૂન, 2020ના રોજ ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ મંત્રાલય દ્વારા PMFME યોજના શરૂ કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ નાના, અસંગઠિત ફૂડ પ્રોસેસિંગ એકમોને નાણાંકીય સહાય, તકનીકી તાલીમ અને વ્યવસાય સંબંધિત સહાય પૂરી પાડીને તેમનું અપગ્રેડેશન અને ફોર્મલાઈઝેશન (સંસ્થાકીયકરણ) કરવાનો છે. ગુજરાતમાં આ યોજનાના કુલ 675 લાભાર્થીઓ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે PMFME યોજનાનું સફળ અમલીકરણ કરીને 675 લાભાર્થીઓને જોડ્યા હતા. રાજ્યએ કેન્દ્રીય સમર્થન દ્વારા વધુ સારી ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને નાના ફૂડ પ્રોસેસિંગ એકમોના વિકાસને આગળ ધપાવ્યો છે અને નવા બજારોમાં તેમનો પ્રવેશ સુનિશ્ચિત કર્યો છે. આ પ્રયાસો વિકસિત ભારતના વિઝન સાથે સુસંગત છે અને સમાવેશી આર્થિક વિકાસ માટે રાજ્યની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે, PMFME યોજના અંતર્ગત નાના ખાદ્ય વ્યવસાયોને પ્રોજેક્ટ ખર્ચ પર 35% સબસિડી (10 લાખ સુધી), સ્વ-સહાય જૂથોના દરેક સભ્ય માટે 40,000નું પ્રારંભિક ભંડોળ, બ્રાન્ડિંગ અને માર્કેટિંગ માટે 50% સહાય અને ટેક્નિકલ અને વ્યવસાયિક કૌશલ્યમાં તાલીમ આપવામાં આવે છે.

સુરભી વેફર્સ પ્રાઇવેટ લિમિટેડ. ગુજરાતના નવસારીના લલિત ઠુમ્મરે એક રસોડામાં શરૂ કરેલો બિઝનેસ હવે સીમાડાઓ વટાવી ગયો છે. લલિત ઠુમ્મર પહેલાં ઘરે 1-2 કિલો વેફર્સ બનાવતા અને વેચતા. PMFMEની મદદથી આ બિઝનેસ એટલો વિસ્તર્યો કે, હવે સાત દેશોમાં દરરોજ 1.5 ટન બનાના વેફર્સની નિકાસ થાય છે. આ યોજના હેઠળ લલિત ઠુમ્મરને પીલિંગ, સ્લાઈસિસ અને ફ્રાઈંગ માટેના ઑટોમેટેડ મશીન દ્વારા વધુ ઉત્પાદન કરવાની તક મળી, જેનાથી સ્વચ્છતા, એકસરખી ગુણવત્તા, લાંબી શેલ્ફલાઈફ સાથે તાજા કેળાની દરરોજની પ્રોસેસિંગની ક્ષમતા 6 ટન સુધી ગઈ અને કંપની માટે આંતરરાષ્ટ્રીય બજારોના દરવાજા ખુલી ગયા.

**સુરતના મયુર વઘાસિયા, નવસારીના લલિત ઠુમ્મર, અમદાવાદના બકુલેશ નાગરે ઘરના રસોડાથી બિઝનેસની શરૂઆત કરી હતી**

# રાજહંસ સિનેમા ગૃપે દિવ્યાંગ બાળકો માટે "સિતારે જમી પર" ફિલ્મનું સ્ક્રીનીંગ કરીને બાળકોને ખુશ કર્યા

**સુરત, તા.૯**

રાજહંસ સિનેમાએ શહેરના દિવ્યાંગ બાળકો માટે "સિતારે જમીન પર" ફિલ્મનું સ્પેશિયલ સ્ક્રીનીંગ આયોજીત કરીને માનવતા અને કરુણાનો હૃદયસ્પર્શી ઉમદા સંદેશો આપ્યો હતો. આ કાર્યક્રમ રાજહંસ સિનેમા, વેસુ અને રાજહંસ સિનેમા, કતારગામ, સુરત ખાતે યોજાયો હતો. આ યાદગાર અનુભવનો ભાગ બનવા માટે આનંદ સ્પેશિયલ સ્કૂલ ફોર એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ અને દીપ સ્પેશિયલ એજ્યુકેશનલ ટ્રસ્ટના બાળકોને આમંત્રણ અપાયું હતું.

રાજહંસ સિનેમા-ગ્રુપ, સમાજના દરેક તબક્કાના લોકોની સહભાગીતા અને મનોરંજન સ્ક્રીનની આગળ વધીને આનંદ-ઉલ્લાસ ફેલાવવા માટે પ્રતિબદ્ધ છે. તેના ભાગરૂપે યોજાયેલી, આ પહેલ બધાને સામેલ કરવાની વૃત્તિને પ્રોત્સાહન આપવા અને તમામ લોકો માટે અર્થપૂર્ણ, આનંદદાયક અનુભવો બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. અહીં કાર્યક્રમ




દરમિયાન, હાસ્ય અને પ્રેરણાથી ભરેલા વાતાવરણ સાથે, ખરેખર બાળકોએ સિનેમાના જાદુનો અદ્ભુત અને યાદગાર અનુભવ કર્યો હતો. ઓડિટોરિયમ ખાસ કરીને તેમના આરામ અને સરળતા માટે ગોઠવવામાં આવ્યું હતું, જેમાં સ્વયંસેવકો અને સ્ટાફના સભ્યોએ દરેક બાળકના સ્વાગત અને દેખરેખની પૂરી કાળજી લીધી હતી. આ પ્રસંગે, રાજહંસ સિનેમાના ચેરમેન જયેશ દેસાઈએ જણાવ્યું હતું કે, "અમારું માનવું છે કે, સિનેમામાં એકજૂટ કરવાની, વ્યક્તિને દુખ-દર્દમાથી બહાર લાવવાની અને પ્રેરણા આપવાની શક્તિ છે. આ સ્પેશિયલ સ્ક્રીનીંગનું આયોજન, એ વાસ્તવમાં સહિયારા અનુભવો બનાવવા તરફ એક નાનું પગલું છે, જે દરેક હૃદયમાં સ્મિત અને આનંદ લાવે છે." ફિલ્મના સ્ક્રીનીંગમાં બાળકો સાથે આવેલા માતા-પિતા, શિક્ષકો અને તેમની સંભાળ રાખનાર વ્યક્તિઓ દ્વારા આ પહેલની ખૂબ જ પ્રશંસા કરવામાં આવી હતી. અનેક લોકોએ સિનેમાને સુલભ બનાવવા માટે કરવામાં આવેલા આ વિચારશીલ ઉમદા પ્રયાસ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

**સિનેમામાં લોકોને એક જૂટ કરવાની, વ્યક્તિને દુ:ખમાંથી બહાર લાવવાની પ્રેરણા આપવાની શક્તિ ધરાવે છે: જયેશ દેસાઈ**

# સુરત ચેમ્બર્સના એક્સપોમાં કેન્દ્રીય મંત્રી શેખાવત હાજરી આપશે: ટ્રેઝરર મિતિષ મોદીએ દિલ્હીમાં મુલાકાત કરી

**સુરત, તા.૯**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિ તરીકે ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને SGCCI ગ્લોબલ કનેકટના સીઈઓ પરેશ ભટ્ટે ૧લી જુલાઇ ૨૦૨૫ના રોજ નવી દિલ્હી ખાતે ભારત સરકારના કેન્દ્રિય પર્યટન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતની સાથે રૂબરૂ મુલાકાત કરી હતી.

આ બેઠક દરમિયાન ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આગામી તા. ૨૩થી ૨૫ ઓગષ્ટ ૨૦૨૫ દરમ્યાન સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે આયોજિત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ટુરિઝમ એક્ષ્પો (GITE Expo)'ને વધુ સાર્વત્રિક બનાવવાના હેતુથી વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. મંત્રી સાથેની મુલાકાત દરમિયાન ચેમ્બર ઓફ કોમર્સ તરફથી GITE Expoના પ્રમોશન માટે ભારત સરકારના Incredible India લોગોના સત્તાવાર ઉપયોગ માટે



પણ વિનંતી કરવામાં આવી હતી, જેની સ્વીકૃતી પર્યટન મંત્રીએ આપી હતી. આ ઉપરાંત, ચેમ્બરના માનદ્ ખજાનચી મિતિષ મોદીએ GITE Expoના ઉદ્ઘાટન સમારંભ માટે ભારતના કેન્દ્રિય પર્યટન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતને અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ પાઠવ્યું હતું. સાથે સાથે ભારતના વિવિધ રાજ્યોના ટૂરિઝમ બોર્ડને GITE Expoમાં સક્રીય ભાગીદારી કરી શકે તે માટે મંત્રીશ્રીને વિનંતી કરવામાં આવી હતી. 'ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ટુરિઝમ એક્ષ્પો' થકી ચેમ્બર ઓફ કોમર્સનો હેતુ ભારતના વિવિધ રાજ્યો અને આંતરરાષ્ટ્રીય સ્ટેકહોલ્ડર્સ વચ્ચે ટૂરિઝમ અને ઈન્વેસ્ટમેન્ટ ક્ષેત્રે સકારાત્મક વાતાવરણ ઊભું કરવાનો છે. આ એક્ષ્પો સુરત અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ - ધંધાઓ તથા ટૂરિઝમ સેકટરને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર રજૂ કરવાની વિશેષ તક ઉભી કરશે.

## ૨૩ ઓગસ્ટથી ત્રણ દિવસ ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ અને ટુરિઝમ એક્સ્પો યોજવામાં આવશે: કનેક્ટના CEO પરેશ ભટ્ટ પણ મુલાકાતમાં જોડાયા

# સુરતમાં નાના-મધ્યમ ઉદ્યોગોના સાહસિકો માટે કાઉન્સિલિંગ સેન્ટરની શરૂઆત કરાશે

**સુરત, તા.૯**

સુરત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આગામી 16 જૂલાઈથી નાના અને મધ્યમ ઉદ્યોગ માટે કાઉન્સેલીંગ સેન્ટરની શરૂઆત કરવામાં આવનાર છે. જેમાં તજજ્ઞો દ્વારા ઉદ્યોગકારોને એક્ષ્પોર્ટ-ઈમ્પોર્ટ, એમએસએમઈ, સ્ટાર્ટ-અપ, લોન-સબસિડી, ટેક્ષ્ટાઈલ અને ડાયમંડના વિષયો પર માર્ગદર્શન આપશે.



ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ કાઉન્સેલિંગ સેન્ટર હેઠળ વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા મફતમાં માર્ગદર્શન આપવામાં આવશે, જેમાં ખાસ કરીને એક્ષ્પોર્ટ-ઈમ્પોર્ટ, એમએસએમઈ, સ્ટાર્ટ-અપ, રેવન્યુ સંબંધિત પ્રશ્નો, લોન અને સબસિડી યોજના તેમજ ટેક્ષ્ટાઈલ અને ડાયમંડ કિલનિક જેવી મહત્વપૂર્ણ સેવા આપવામાં આવશે. ઉદ્યોગ જગત સાથે સંકળાયેલા નાના વેપારીઓ, નવા ઉદ્યોગો શરૂ કરનાર સ્ટાર્ટ-અપ ફાઉન્ડર્સ તેમજ નીતિ-માર્ગદર્શનની જરૂરિયાત ધરાવતા તમામ માટે આ કાઉન્સેલિંગ સેન્ટર એક પ્લેટફોર્મ પૂરું પાડશે.

## સેન્ટરમાં આયાત-નિકાસ, એમએસએમઈ, રેવન્યુ સંબંધિત પ્રશ્નોના ઉકેલનું માર્ગદર્શન અપાશે: ચેમ્બર પ્રમુખ નિખિલ મદ્રાસી

16 જૂલાઈથી નાનપુરા સમૃદ્ધિ ભવન ખાતે આ કાઉન્સેલીંગ સેન્ટરની શરૂઆત કરવામાં આવશે. જેમાં નિયમ સમયે તજજ્ઞો પ્રશ્નો સાથે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત કાઉન્સેલિંગ સેન્ટર વિવિધ સરકારી વિભાગો, બેંકો અને ઔદ્યોગિક સંગઠનો સાથે પણ સંકલન કરી ઉદ્યોગકારોને જરૂરી જાણકારી પૂરી પાડશે.

# સુરતના જમીન દલાલ સાથે 45 લાખની છેતરપિંડીમાં ગુજરાતી ફિલ્મ ડિરેક્ટર સિદ્ધાર્થ ત્રિવેદીની ધરપકડ

**સુરત, તા. ૯**

પાલ સ્થિત રાજહંસ કોમ્પ્લેક્ષ પાસે માર્સ ઍપાર્ટમેન્ટમાં રહેતા અને જમીન દલાલીનું કામકાજ કરતા વરૂણ અશોકકુમાર મોદી(ઉ.વ. ૪૨)એ પાલ પોલીસ સ્ટેશનમાં ગુજરાતી ફિલ્મના ડાયરેક્ટર સિદ્ધાર્થ કેશવલાલ ત્રિવેદી (રહે, જગાણા, તાલુકો પાલનપુર, જી. બનાસકાંઠા) સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં તેઓએ જણાવ્યું હતું કે આરોપી સિદ્ધાર્થ ત્રિવેદીએ જૂન-૨૦૨૧થી નવેમ્બર-૨૦૨૩ દરમિયાન બનાસકાંઠામાં આવેલી બે દુકાન પોતાની માલીકી ન હોવા છતાંયે પોતાની માલીકીની હોવાનું કહી ફરિયાદી વરૂણ મોદી સાથે ૨૦ લાખમાં સોદો કર્યો હતો.

ત્યારબાદ સિદ્ધાર્થે ૫ લાખ મેળવી વરૂણ મોદીને દુકાનનો સાટાખત કરી આપ્યો હતો. આ ઉપરાંત ૪૦ લાખ હાથ ઉછીના પણ લીધા હતા. આમ વરૂણ મોદી પાસેથી સિદ્ધાર્થે રૂ.૪૫ લાખ લઈ લીધા હતા. દરમિયાન વરૂણ મોદીએ દુકાનનો દસ્તાવેજ કરી આપવા કહેતા સિદ્ધાર્થ ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. જેથી વરૂણ મોદીને શંકા ગઈ હતી અને તપાસ કરતા સિધ્ધાર્થ ત્રિવેદીએ જે બે દુકાન પોતાની માલીકીનું હોવાનુ કહી પૈસા પડાવ્યા હતા તે અન્ય કોઈની માલીકીની હોવાનું બહાર આવતા પૈસા પરત માંગતા સિધ્ધાર્થ ત્રિવેદીએ ૪૦ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક પણ રિટર્ન થયો હતો. આખરે વરૂણ મોદીએ સિદ્ધાર્થ ત્રિવેદી વિરૂદ્ધ પાલ પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં પાલ પોલીસે સિદ્ધાર્થ ત્રિવેદીની ધરપકડ કરી આજે કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે આરોપીના ૨ દિવસના રિમાન્ડ આપ્યા હતા. સરકાર તરફે મહિલા સરકારી વકીલ પ્રેમલતા ડામોર અને મુળ ફરિયાદી તરફે વકીલ નરેશ ગોહિલે દલીલો કરી હતી.

## બનાસકાંઠાની દુકાન વેચવાના બહાને પાલના જમીન દલાલ વરુણ મોદી પાસેથી ડિરેક્ટર સિદ્ધાર્થ ત્રિવેદીએ રૂપિયા પડાવી લીધા હતા

# પારડી-કણદે ખાતે નાગરિક સુવિધા કેન્દ્ર અને વોર્ડ ઓફિસનું ધારાસભ્ય સંદિપ દેસાઈના હસ્તે લોકાર્પણ

**સુરત, તા.૯**

સુરત મહાનગર દ્વારા પુરી પાડવામાં આવતી વિવિધ સેવાનો લાભ ઉધના ઝોન-બી વિસ્તારમાં રહેતા લોકોને પ્રાપ્ત થઇ શકે તેમજ પ્રાથમિક સુવિધાને લગતી વિવિધ ફરીયાદોનો તાકીદે ઉકેલ આવી શકે તે માટે ૧૮૯.૬૮ કરોડના ખર્ચે પારડી-કણદે ખાતે નાગરીક સુવિધા કેન્દ્ર અને વોર્ડ ઓફીસ બનાવવામાં આવી છે. આજે સવારના ૧૦.૩૦ કલાકે ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદિપ દેસાઇના હસ્તે નવનિર્મિત નાગરીક સુવિધા કેન્દ્ર અને વોર્ડ ઓફીસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

સુરત શહેરમાં સમાવેશ થયેલા વિસ્તારોમાં રહેતા લોકોને સુવિધા પ્રાપ્ત થઇ શકે તે માટે સુરત મનપા દ્વારા તબક્કાવાર પ્રોજેકટો સાકાર કરવામાં આવી રહ્યા છે. સુરત મનપાના ઉધના ઝોન-બી વિસ્તારમાં રહેતા લોકોએ વેરા બીલ, મેરજ સર્ટીફીકેટ, મરણનો દાખલા સહીતની મનપા દ્વારા પુરી પાડતી સેવા માટે દુર જવું નહી પડે તે માટે ઉધના ઝોન-બી વિસ્તારમાં નાગરીક સુવિધા કેન્દ્ર કાર્યરત કરવામાં આવે તેવી રજુઆત ધારાસભ્ય સંદીપ દેસાઇ દ્વારા કરવામાં આવી હતી. આ સાથે પાણી, ડ્રેનેજ, લાઇટ અને રસ્તા સહીતની પ્રાથમિક સુવિધાને લગતી ફરીયાદોનો ઝડપથી નિકાલ થાય તે માટે વોર્ડ ઓફીસ શરૂ કરવામાં આવે તેવું પણ ધારાસભ્ય દ્વારા જણાવવામાં આવ્યું હતું. ધારાસભ્ય સંદીપ દેસાઈની રજુઆત અને સ્થાનિક રહીશોને જરૂરીયાતને ધ્યાને લઇ સુરત મનપા દ્વારા ૧૮૯.૬૮ કરોડના ખર્ચે પારડી-કણદે ખાતે નાગરીક સુવિધા કેન્દ્ર અને વોર્ડ ઓફીસ બનાવવામાં આવી હતી. જેનું આજે ધારાસભ્ય સંદીપ દેસાઇના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નાગરિક સુવિધા કેન્દ્ર અને વોર્ડ ઓફિસ કાર્યરત થતા જાહેર જનતાને સુગમતા થઈ રહેશે. અને આધારકાર્ડ, વેરાબિલ, જન્મ-મરણના દાખલાંઓ સહિતની સેવાઓ એક જ જગ્યા પરથી પ્રાપ્ત થઇ શકશે. નાગરિક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ દરમિયાન ધારાસભ્ય સંદીપ દેસાઈએ વિકાસના કામોની વાત કરવા સાથે પારડી-કણદેની નવી શાળાના બાંધકામ મુદ્દે માજી સરપંચ અને હાલના વોર્ડ પ્રમુખની મહેનતને બિરદાવી હતી. વિવિધ વિકાસના કામોની ભેંટ ઉધના ઝોન-બીના નિવાસીઓના જીવનમાં મૂળભૂત સુવિધાઓ સરળ વહીવટી દક્ષતા સુનિશ્ચિત કરી રહી હોવાનું સંદીપ દેસાઇ જણાવ્યું હતું.

## નાગરિક સુવિધા કેન્દ્ર કાર્યરત થતા વેરાબીલ, મેરેજ સર્ટિ., મરણના દાખલા સહિતની સેવા ઘરઆંગણે મળી રહેશે, સંદિપ દેસાઈની રજૂઆત ફળી

# નર્મદ યુનિ.એ ભાંગરો વાટ્યો, MTB આર્ટસ કોલેજમાં ૧૩૫ બેઠકો સામે ૮૯૮૧ ઓફર લેટર મોકલી આપ્યા

**સુરત, તા. ૯**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અઠવાલાઈન્સ સ્થિત એમટીબી આર્ટસ કોલેજ દ્વારા ખાલી 135 બેઠકો સામે 8981 જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ માટે ઓફર લેટર મોકલી આપવામાં આવતા આજે કોલેજ ખાતે અફરાતફરી જેવી સ્થિતિ ઉદ્ભભવી હતી. અને તમામ વિદ્યાર્થીઓએ પ્રવેશની દાવેદારી નોંધાવવાની સાથે ઉગ્ર વિરોધ નોંધાવતા સંચાલકોની હાલત કફોડી બની હતી.



વિદ્યાર્થીઓને પ્રવેશની સમાન તક મળી રહે તે માટે અમલમાં મુકવામાં આવેલી રાજય સરકારની ગુજરાત કોમન એડમીશન સર્વિસની પ્રવેશ પ્રક્રિયામાં ફોર્મ ભરનાર દરેક વિદ્યાર્થીઓને મેરીટનાં ધોરણે ઓફર લેટર મોકલી તેમને પ્રવેશ ફાળવવાનાં હોય છે.

જેમાં એમ.ટી.બી કોલેજની માત્ર 135 જેટલી બેઠકો ખાલી હોવા છતા તેમણે એક સાથે 8981 જેટલા વિદ્યાર્થીઓને ઓફર આપવામાં આવતા આજે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ કોલેજ ખાતે પહોંચી ગયા હતા અને પ્રવેશ માટે દાવેદારી કરી હતી.

જો કે એકસાથે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ 1 હજારથી વધુ વિદ્યાર્થીઓ કોલેજ ખાતે પહોંચી જતા અવ્યવસ્થા સર્જાઈ હતી. અને વિદ્યાર્થીઓએ હોબાળો મચાવ્યો હતો.આ અંગે કુલસચીવ આર.સી.ગઢવીએ જણાવ્યું હતુ કે પ્રાથમિક તપાસમાં કોલેજ કક્ષાએ ભુલ થઈ હોવાનું જાણવા મળ્યું છે. જેથી કોલેજને માત્ર નોટિસ પાઠવીને આચાર્ય પાસે હકીકતલક્ષી અહેવાલ માંગવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. કોલેજ સંચાલકો પાસેથી જવાબદારો સામે કાર્યવાહી કરાશે.

**ઓફર લેટર મળતા તમામ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે દાવેદારી કરતા મામલો ગરમાયો, કોલેજને નોટીસ**

# સ્માર્ટવર્ક્સ કોવર્ડિંગનો આજે IPO ખુલશે શેર દીઠ ૩૮૭થી પ્રાઈઝબેન્ડ નક્કી કરાયો

**અમદાવાદ, તા.૯**

સ્માર્ટવર્ક્સ કોવર્કિંગ સ્પેસીસ લિમિટેડ ("Smartworks" or "The Company") ગુરૂવાર, 10 જુલાઈ, 2025ના રોજ ઈક્વિટી શેર્સના તેના આઈપીઓના સંદર્ભે બિડ/ઓફર ("Offer") ખોલવાની દરખાસ્ત કરે છે.

કુલ ઓફર સાઈઝમાં રૂ. 4,450 મિલિયન સુધીની રકમના કંપની દ્વારા ઈક્વિટી શેર્સના ફ્રેશ ઇશ્યૂ (the "Fresh Issue") અને કંપનીના કેટલાક વર્તમાન શેરધારકો દ્વારા 33,79,740 સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફર ("Offer for Sale")નો સમાવેશ થાય છે (the "Total Offer Size").

એમ્પ્લોઇ રિઝર્વેશન પોર્શનમાં બિડિંગ કરી રહેલા લાયક ઠરનાર કર્મચારીઓને ઈક્વિટી શેર દીઠ રૂ. 37નું ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. કંપની તેના દ્વારા મેળવવામાં આવેલા રૂ. 1,140 મિલિયન સુધીની રકમના કેટલાક બાકી દેવાની સંપૂર્ણ કે અંશતઃ ચૂકવણી કે પૂર્વચૂકવણી



કે રિડમ્પશન માટે, રૂ. 2,258.40 મિલિયનની રકમ નવા સેન્ટર્સમાં ફિટ-આઉટ્સ માટે મૂડી ખર્ચ માટે તથા નવા સેન્ટર્સમાં સિક્યોરિટી ડિપોઝીટ્સ માટે તેમજ બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ઉપયોગ કરવાની યોજના ધરાવે છે (the "Objects of the Offer"). વેચાણ માટેની ઓફરમાં એનએસ નિકેતન એલએલપી દ્વારા 4,90,000 સુધીના ઈક્વિટી શેર્સ, એસએનએસ ઈન્ફ્રારિયલ્ટી એલએલપી દ્વારા 3,10,000 સુધીના ઈક્વિટી શેર્સ ("Promoter Selling Shareholders"), સ્પેસ સોલ્યુશન્સ ઈન્ડિયા પીટીઈ લિમિટેડ (અગાઉની લિસબ્રાઇન પીટીઈ લિમિટેડ) દ્વારા 25,79,740 સુધીના ઈક્વિટી શેર્સ ("Investor Selling Shareholders") નો સમાવેશ થાય છે.

**બિડ સલઘુતમ ૩૬ ઈકવિટી શેર્સ અને ૩૬ના ગુણાંકમાં કરી શકાશે- ૧૪ જુલાઈના રોજ IPOઓ બંધ કરાશે: ૪.૪૫૦ મિલિયન સુધીની રકમ ઓફર કરાશે**

# સુરત ખાડીપુર મુદ્દે કોંગ્રેસનું અવનવું, મેયરને બદલે વિપક્ષના નેતા પાયલ સાકરીયાને રજૂઆત કરી!

**સુરત, તા.૯**

ખાડીપુરના મુદ્દે આજે શહેર કોંગ્રેસ દ્વારા મનપાના વિપક્ષનેતા પાયલ સાકરીયાને રજુઆત કરવામાં આવી હતી. ખાડીપુર માટે જેટલા ભાજપ શાસકો જવાબદાર છે એટલું જ જવાબદાર મનપાનો વિપક્ષ પક્ષ હોવાનો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો હતો. મનપાના મેયર સહીતના પદાધિકારીઓને રજુઆત કરવાના બદલે વિપક્ષ નેતાને કોંગ્રેસ દ્વારા રજુઆત કરવામાં આવી હોય લોકોમા આશ્ચર્ય ફેલાયું હતું.

સુરત શહેરમાં આવેલા ખાડીપુરના કારણે રાજકારણ ગરમાયું છે. મનપાના ભાજપ શાસકો પર માછલા ધોવાતા તાકીદે ખાડીપુરની સમસ્યા માંથી લોકોને છુટકારો અપાવવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આજે શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલાની આગેવાની હેઠળ કોગ્રેસના આગેવાનો મેયર દક્ષેશ માવાણી સહીતના પદાધિકારીઓને ખાડીપુર મુદ્દે રજુઆત માટે ગયા હતા. દરમિયાન મેયર સહીતના પદાધિકારીઓ હાજર નહી હોય શહેર કોંગ્રેસના આગેવાનો મનપાના વિપક્ષ નેતા પાયલ સાકરીયાને આવ્યો હતો. ભાજપ અને આપની સાઠ-ગાઠ સાથે ભષ્ટાચાર આચરવામાં આવ્યું હોવાને કારણે ખાડીપુરની સ્થિતિ સર્જાઇ હોવાનો આક્ષેપ પણ કરવામાં

## મેયર સહિતના પદાધિકારીઓ હાજર નહી હોવાથી કોંગ્રગેસના વિપુલ ઉધનાવાલાએ પાયલ સાકરીયાને આવેદન પાઠવી રજૂઆત કરી

આવેદન પત્ર આપી રજુઆત કરી હતી. દરમિયાન ખાડીપુર માટે જેટલા ભાજપ શાસકો જવાબદાર છે એટલું જ જવાબદાર મનપાનો વિપક્ષ પક્ષ હોવાનો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો હતો. મહત્વની વાત એ છે કે મનપાના પદાધિકારીના બદલે કોંગ્રેસના આગેવાનોએ વિપક્ષ નેતાને રજુઆત કરતા મનપા કર્મચારીઓ આશ્ચર્યચકિત થઇ ગયા હતા.

# નર્મદા જિલ્લાનો ગાંજાના ગુનાનો વોન્ટેડ આરોપી સુરતમાંથી પકડાયો

**સુરતઃ** નર્મદા જીલ્લાના આમલેઠા પોલીસ મથકના ગાંજાના ગુનામાં વોન્ટેડ રીઢા આરોપીને ડીસીબીની ટીમે આજે લસકાણા ડાયમંડ નગરની પાસેથી ઝડપી લીધો હતો.તેની સામે ૨૯ કિલો ગાંજો સપ્લાય કરવા બાબતનો ગુનો નોંધાયો હતો.તેની સામે રેલ્વેને ઉથલાવવાના કાવતરાના બે ગુના કતારગામ પોલીસ મથકમાં અગાઉ નોંધાઈ ચુક્યા છે. ડીસીબીની ટીમે આજે લસકાણાના ડાયમંડ નગર નજીકથી એક રીઢા ગુનેગાર સંતોષ ઉર્ફે શાપા ઉર્ફે સાપ ઉર્ફે સરફરાઝ ઉર્ફે પપ્પુ ઉર્ફે શુશાંત ઈશ્વર પરીડા રહે.પટેલ ટાઉનશીપ કામરેજ મૂળ રહે.બેગુનિયાપાડા જી.ગંજામ ઓરિસ્સાને ઝડપી લીધો હતો.

# સુરતમાં નશીલા સીરપના વેચાણ સામે પોલીસના દરોડા

**સુરત, તા.૯**

ડોક્ટરના પ્રીસ્કીપ્સન વગર ગેરકાયદેસર રીતે ખાંસીના રોગ માટે ઉપયોગમાં લેવામાં આવતા સીરપનું વેચાણ કરતા મેડીકલ સ્ટોર્સ પર આજે દિવસ દરમિયાન દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી જેમાં સુરત સીટી એસ.ઓ.જી. અને વરાછા અને અલગ અલગ પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી હતી.જેમાં ૩૩૩ જેટલા મેડીકલ સ્ટોર્સમાં તપાસ કરવામાં આવી હતી. અને અમરોલી અને પૂણા વિસ્તારના મેડીકલ સ્ટોર્સ પરથી કોડીન સીરપની ૧૫ બોટલો અને ઊંઘ આવવા માટેની સીરપની ૫ બોટલો કબજે કરી છે.

રાજ્યનાં ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આપેલી સુચના મુજબ આજે રાજ્યભરમાં ડોકટરના પ્રીસ્ક્રીપ્સન વિના ખાંસી અને ઊંઘની દવા વેચતા મેડીકલ સ્ટોર્સમાં તપાસ કરવા તમામ પોલીસને સુચના આપવામાં આવી હતી.જેના અનુસંધાને આજે સુરત સીટી એસ.ઓ.જી.ના નેતૃત્વમાં તમામ પોલીસ મથક વિસ્તારમ મેડીકલ સ્ટોર્સમાં અલગ અલગ ટીમો બનાવીને તપાસ કરવામાં આવી હતી. જેમાં એસ.ઓ.જી.ના ૬ ડી.સી.પી.૧૨ એ.સી.પી. અને ૩૬ પી.આઈ.૪૦ પી.એસ.ઈઆઈ.અને ૩૫૦ જેટલા પોલીસ કર્મચારીઓના કાફલાએ કુલ ૩૩૩થી પણ વધુ મેડીકલ સ્ટોર્સમાં તપાસ કરી હતી જેમાં અમરોલી વિસ્તારમાં ક્રિશ્ના મેડીકલ સ્ટોર્સ માંથી ૧૫ કોડીન સીરપની બોટલો અને અને ઊંઘ માટે આપવામાં આવતી અલ્પ્રામાંઝોલની ૫ બોટલો કબજે કરવામાં આવી હતી.જ્યારે પૂણા વિસ્તારના આશાપૂરી મેડીકલ સ્ટોર્સ માંથી ૯૩ જેટલી કોડીન સીરપની બોટલો મળી આવી હતી.જે મેડીકલ સ્ટોર્સનાં માલિકની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ દ્વારા મેડીકલ સ્ટોર્સના માલિકોને ચેતવણી પણ આપવામાં આવી હતી કે ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શન વિના કોઈ પણ જાતની દવાનું વેચાણ કરવું નહિ.અન્યથા પોલીસ કાયદેસરની કાર્યવાહી કરશે.

## ૩૫૦થી વધુ પોલીસકર્મીઓની ટીમે ૩૩૩ મેડીકલ સ્ટોર્સમાં તપાસ કરી, કસૂરવાર મેડીકલ સ્ટોર્સના માલિક સામે કાર્યવાહી હાથ ધરવામા આવી

Printed by Manojbhai Laljibhai Mistry at GUARDIANPRESS B-17/2, Hojiwala Industrial Estate, Sachin-Palsana Road, Near Sachin, Surat on behalf of owners Manojbhai Laljibhai Mistry & Published by Manojbhai Laljibhai Mistry at Guardian House, Suman Desai ni Wadi, Udhna Darwaja, Ring Road, Surat-395002 on behalf of Owners Manojbhai Laljibhai Mistry Editor: Manojbhai Laljibhai Mistry.

# ગંભીરા બ્રિજ દુર્ઘટના માટે જવાબદાર અધિકારીઓ સામે સાપરાધ મનુષ્ય વધનો ગુનો દાખલ કરવા રજૂઆત

વડોદરા તા.9

વડોદરામાં 9 જુલાઈ, 2025ના રોજ મોટી દુર્ઘટના સર્જાઈ હતી. પાદરા-જંબુસર વચ્ચે મહિસાગર નદી પર આવેલો 40 વર્ષ જૂનો ગંભીરા બ્રિજ તૂટી પડતાં કુલ 7 જેટલા વાહનો નદીમાં ખાબક્યા હતા. આ દુર્ઘટનામાં 13 લોકોના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. જ્યારે 10થી વધુ લોકો ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હોસ્પિટલ મોકલવામાં આવ્યા હતા. ગંભીરા બ્રિજ દુર્ઘટનાને લઈને જવાબદારો સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધવા અંગે સામાજિક કાર્યકર દ્વારા પાદરા પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવી છે. જ્યારે 10 મૃતદેહો પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી હજુ પણ રેસ્ક્યુની કામગીરી ચાલી રહી છે.



વડોદરામાં ગંભીરા બ્રિજ દુર્ઘટનાને લઈને સામાજિક કાર્યકર લખન દરબારે પાદરા પોલીસમાં અરજી કરીને જવાબદાર અધિકારીઓ વિરુદ્ધમાં ગુનો નોંધવાની માંગણી કરી છે. તેમણે જણાવ્યું હતું કે, 'ગત ઑગસ્ટ 2022ના રોજ અધિકારીને બ્રિજ અંગે રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ પણ કોઈ પગલાં લેવાયા ન હતા. જેમાં અધિકારીઓની બેદરકારીને કારણે આજે નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે.'

દરમિયાન ગંભીરા બ્રિજ દુર્ઘટનાની તપાસ માટે માર્ગ અને મકાન વિભાગના છ સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. જેમના દ્વારા આ સમગ્ર મામલે તપાસ કરવામાં આવશે એવું માર્ગમકાન વિભાગમાંથી જાણવા મળ્યું છે.

પાદરા ગંભીરા મુજપુર બ્રિજ પર બનેલી દુર્ઘટનામાં મૃત્યુ પામેલા 14 વ્યક્તિઓમાંથી અત્યાર સુધી 10 લોકોના મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. પાર્થીવ મૃતદેહોને સરકારી વાહન દ્વારા તેમના પરિવાર-સ્વજનના ઘર સુધી પહોંચાડવામાં આવ્યા છે. જ્યારે ઘટનાસ્થળે હજુ પણ રેસ્ક્યુની કામગીરી શરૂ છે. જેમાં બ્રિજ પરથી નદીમાં પડેલા તમામ વાહનો હજુ પણ નદીમાં જ ગરકાવ છે.

## માર્ગ-મકાન વિભાગના છ સભ્યોની તપાસ કમિટિની રચનાઃ ૨૦૨૨ના વર્ષમાં બ્રિજની જર્જરિત હાલત અંગે જાણ કરવા છતાં તંત્ર ઊંઘતું રહયું: લખન દરબાર



હાલમાં અલુણાવ્રત ચાલી રહ્યાં છે ત્યારે સુરતના સરથાણામાં આવેલી સ્વામીનારાયણ પરમસુખ ગુરુકૂળમાં બાળાઓએ અલૂણાવ્રત નિમિત્તે શાળામાં મિસ ગોરમા અને મિસ્ટર કેસરિયા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકો અવનવા રંગોમાં સજ્જ થઈને આવતાં આકર્ષક લાગી રહ્યાં હતા. (તસવીર પ્રદીપ ગોહિલ)

# ગંભીરાબ્રિજ તૂટીપડવાનીઘટનામાટેસરકારના રાજીનામાની કોંગ્રેસ સહિત વિપક્ષની માંગણી

અમદાવાદ, તા.૯

વડોદરાના પાદરા-જંબુસર વચ્ચે આવેલો ગંભીરા બ્રિજ તૂટી પડતાં કુલ 7 વાહનો નદીમાં ખાબકી ગયા છે. જ્યારે એક ટ્રક બ્રિજ પર લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં જ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૧૩ લોકોના મોતની ઘટનાને પગલે કોંગ્રેસ, આપ અને શંકરસિંહ સહિતે ભાજપ સરકારની ઝાટકણી કાઢતાં મુખ્યમંત્રીના રાજીનામાની માંગ કરી હતી. કોંગ્રેસે ગંભીરા બ્રિજની ઘટનાને દુર્ઘટના નહીં સરકારની બેદરકારીનું પરિણામ ગણાવી હતી.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતુ કે ગુજરાતની સાડ છ કરોડની જનતા પોતાની સુવિધા, સુખાકારી અને સલામતીમાં ટેક્સ આપે છે, નહીં કે કોઈ અધિકારીઓ, કોન્ટ્રાક્ટરો કે મંત્રીઓના ખિસ્સા ભરવા માટે. ગુજરાતમાં 156ની બહુમતી વાળી ડબલ એન્જિન સરકાર અત્યારે પેપરો ફુટવા, બ્રિજ તૂટવા, ડ્રગ્સ ઉતરવા માટે આખા દેશ અને દુનિયામાં




જાણીતી બની છે. ગંભીરા બ્રિજ તૂટવાની ઘટના અંગે તેમણે કહ્યુ કે માર્ગ અને મકાન વિભાગ મુખ્યમંત્રી હસ્તક છે અને તેમની સીધી દેખરેખ હેઠળ છે અને તેની જવાબદારી મુખ્યમંત્રીની છે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થોડા વર્ષોની અંદર ૧૭ કરતા વધુ બ્રિજ તૂટી પડ્યા છે અને ગત વર્ષની વાત કરી તો 2022માં સાત કરતા વધુ બ્રિજ તૂટી પડ્યા હતા.

રિપેરિંગ માટે સોંપાયેલા બ્રિજ પણ તૂટી પડયા છે એમ ગુજરાત કોંગ્રેસ પ્રવક્તા મનિષ દોશીએ જણાવ્યું હતું તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકારના પેટનું પાણી નથી હલતું. ગોઝારી દુર્ઘટના બાદ સરકારનું એક જ રટણ તે તપાસ થશે. આ પ્રકારના જવાબો એ સરકારની આંખ મીંચામણા છે. તંત્રની ગુનાહિત બેદરકારીના કારણે આ સમસ્યા સર્જાય છે.

આ બાબતે શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતુ કે ૩૦ વર્ષના શાસનમાં ભાજપનો ભ્રષ્ટાચાર અજગર બની આખા ગુજરાતને ધીમે ધીમે ગળી રહ્યો છે. આજે ભાજપ પ્રજાને પોતાની ગુલામ ગણી રહી હોય તેમ પોતાની મનમાની કરી રહી છે.

### શંકરસિંહ, અમિત ચાવડા, અને 'આપ'ના નેતાઓએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સીધા જ જવાબદાર ઠેરવ્યા

## ગંભીરા પુલ પુનઃકાર્યરત ન થાય ત્યાં સુધી વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ

મધ્ય ગુજરાતથી સૌરાષ્ટ્રને જોડતો મહીસાગર નદી ઉપરનો ગંભીરા પુલ આજ રોજ વહેલી સવારે તુટી ગયેલ હોય જેના પરીણામે આ રસ્તા ઉપર વાહનની અવર-જવર દરમ્યાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે વાહન વ્યવહાર બંધ કરવાનું ઈચ્છનીય હોઈ આજથી તા.૯ જુલાઈથી ગંભીરા પુલ પુનઃકાર્યરત ન થાય ત્યાં સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવાતું જાહેરનામું અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ ઋતુરાજ દેસાઇ પ્રસિદ્ધ કર્યુ છે.ગંભીરા બ્રીજ ઉપર આવતા અને જતા તમામ પ્રકારના વાહનો માટે વૈકલ્પિક માર્ગો પર રૂટ ઉપર ડાયવર્ટ કરવામાં આવ્યો છે. પાદરા આણંદને જોડતા ગંભીરા પુલ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ તથા ઉમેટા બ્રીજ ભારે વાહનો માટે પ્રતિબંધીત કરવામાં આવ્યો છે. ડાયવર્ટેડ કરેલ રૂટની વિગતો જોઈએ તો,તારાપુરથી વડોદરા જતા ભારે વાહનોએ સીધા વાસદ થઈને વડોદરા તરફ રૂટ ડાયવર્ટ કરાયો છે.

# મેડિકલ સ્ટોર્સ મારફતે નશિલી દવાના વેચાણને નાથવા પોલીસનું રાજ્યભરમાં મેગા ઓપરેશન

અમદાવાદ, તા.૯

રાજ્યમાં નશાકારક દવાઓના દુરુપયોગ અને ગેરકાયદેસર વેચાણને



રોકવા માટે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયની સૂચનાથી આજે બપોરે ૧૨:૦૦ વાગ્યાથી રાજ્યભરની મેડિકલ સ્ટોર્સમાં ગુજરાત પોલીસ દ્વારા મેગા ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ મેગા ચેકીંગ અભિયાનમાં રાજ્યના તમામ શહેરો અને જિલ્લાઓમાં સ્થાનિક પોલીસ મથકના ઈનચાર્જ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલ.સી.બી.), સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસ.ઓ.જી.) અને જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ વિભાગના અધિકારીઓના સંકલનમાં વ્યાપક ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. આ ચેકિંગમાં ખાસ કરીને શાળાઓ, કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓની નજીક આવેલી મેડિકલ સ્ટોર્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે, જ્યાં નશાકારક દવાઓના દુરુપયોગની શક્યતા વધુ હોય છે. ખાસ કરીને જે દવા કન્ટેન્ટનો નશા માટે દુરુપયોગ થઈ શકે છે, તેનું પ્રિસ્ક્રિપ્શન વગર વેચાણ થતું હોવાનું જણાય તો કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં Amidopyrine, Phenacetin, Nialamide, Chloramphenicol, Phenylephrine, Furazolidone, Oxyphenbutazone તેમજ Metronidazoleનો સમાવેશ થાય છે. આ દવાઓ ફક્ત ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન સાથે જ વેચાવી જોઈએ, અને તેનું ગેરકાયદેસર વેચાણ આરોગ્ય અને સમાજ માટે ગંભીર જોખમ ઉભું કરે છે.

બપોરે ૧૨ વાગ્યેથી રાજ્યવ્યાપી શરૂ કરેલા આ ચેકીંગ અભિયાન અંતર્ગત સાંજે ચાર વાગ્યા સુધીમાં વલસાડ જિલ્લામાં ૨૮૨ મેડિકલ સ્ટોર્સનું સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં એક NDPS એક્ટ હેઠળનો કેસ સહિત કુલ ૪૫ કેસ નોંધવામાં આવ્યા છે. તે ઉપરાંત સુરત શહેરમાં ૩૩૩ મેડિકલ સ્ટોર્સમાં ચેકીંગ કરી એક મેડિકલ સ્ટોરમાંથી ૯૩ કોડીન સીરપ તેમજ એક મેડિકલ સ્ટોરમાંથી ૧૫ કોડીન સીરપ અને પાંચ આલ્પ્રામાઝોલ બોટલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તે ઉપરાંત પાટણ જિલ્લામાં ચાર વાગ્યા સુધીમાં ૬૧ મેડિકલ સ્ટોર્સ, નવસારીમાં ૧૮૪, જામનગરમાં ૬૬ મેડિકલ સ્ટોર્સમાં ચેકીંગ, ભરૂચ જિલ્લામાં ૨૫૮ સ્થળે ચેકીંગ તેમજ આહવા ડાંગમાં ૨૩ મેડિકલ સ્ટોર્સમાં ચેકીંગ કરવામાં આવ્યું છે. તે ઉપરાંત દાહોદ જિલ્લામાં કુલ ૧૨૯ મેડિકલ સ્ટોર, પંચમહાલ જિલ્લામાં ૧૧૨ અને ગાંધીનગર જિલ્લામાં ૩૧૭ મેડિકલ સ્ટોર્સમાં સાંજે ચાર વાગ્યા સુધી ચેકીંગ હાથ ધરાયું હતું.

## શાળા, કોલેજ નજીકના સ્ટોર્સને ટારગેટ બનાવવામાં આવ્યાઃ સુરત, વલસાડમાં કોડીન સીરપ અને આલ્પ્રામાંઝોલની બોટલોનો જથ્થો કબજે કરવામાં આવ્યો

# રાજકોટમાં ધીરધારનો ધંધો કરતા ૭૩ વર્ષના વૃધ્ધની હત્યા કરી લાશ સળગાવી દેવાનો પ્રયાસ

રાજકોટ તા.૯

શહેરના રૈયાધાર વિસ્તારમાં શાંતિનગરના ગેઈટ સામે આવેલા મોમાઈનગર શેરી નં.3 મફતિયાપરામાં એકલા રહેતાં મનસુખ આણંદજીભાઈ ટાંક (ઉ.વ.73)ની ગઈકાલે રાત્રે માથામાં બોથડ પદાર્થનો ઘા ઝીંકી, ઘાતકી રીતે હત્યા નિપજાવ્યા બાદ, લાશને સળગાવી દેવાયાની ચોંકાવનારી બની હતી. હત્યાની ઘટનામાં મૃતકના ઘરમાં રહેલા રૂપિયા ત્રણ લાખની રકમ પણ ગાયબ હોય હાલ લૂંટના ઈરાદે અને પૈસાની લેતી દેતી દેતી મામલે હત્યા થઈ હોવાની પ્રબળ શંકા છે.

સોમવારે રાત્રે સાડા દસેક વાગ્યે તેમના મકાનમાંથી ધુમાડા નિકળતા જોઈ પાડોશીઓએ નજીકમાં રહેતાં તેમના સગા-સંબંધીઓને જાણ કરી હતી. જેથી તમામ દોડી આવ્યા હતા.આવીને જોયું તો મનસુખભાઈ મૃત હાલતમાં પડયા હતા. માથામાં ઈજાના નિશાન હતા. હાથ અને છાતીના ભાગે દાઝી ગયેલા હતા. જેના પરથી પોલીસે એવું તારણ કાઢ્યું છે કે મનસુખભાઈને હત્યારાઓએ માથામાં બોથડ પદાર્થના ઘા ઝીંકી પતાવી દીધા બાદ બનાવને આત્મહત્યામાં ખપાવવા તેમની લાશ સળગાવી દીધી હશે.

### ઘરમાંથી માથામાં ઈજાઓ અને છાતીના ભાગે દાઝી ગયેલી હાલતમાં લાશ મળી આવી

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે ચોરી કે લુંટના ઈરાદા સહિતની તમામ થિયરીઓ ઉપર તપાસ ચલાવવામાં આવી રહી છે. ઘટનાસ્થળ આસપાસ સીસીટીવી કેમેરા નથી. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે.

# વડોદરા MS યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં 124 વિદ્યાર્થિનીઓને ખોરાકી ઝેરની અસર

વડોદરા તા.9

વડોદરાની MS યુનિ.ની ગર્લ્સ હોસ્ટેલમાં 124 વિદ્યાર્થિનીને ફૂડ-પોઈઝનિંગની અસર થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ હતી, જ્યાં હાલ તમામની હાલત સ્થિર છે. કેટલીક વિદ્યાર્થિનીઓને પ્રાથમિક સારવાર અપાયા બાદ રજા પણ આપી દેવામાં આવી છે. 350 વિદ્યાર્થિનીને ભોજન લીધા બાદ મોડીરાત્રે પેટમાં દુખાવો શરૂ થયો હતો. ત્યાર બાદ 124 તેમને સયાજી હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. યુનિવર્સિટીના એસ.ડી હોલમાં મોટા ભાગની વિદ્યાર્થિનીઓને ઝાડા-ઊલટી થતાં હતાં. ખીર, પનીર અને દાળ-ભાત જમ્યા બાદ 350 વિદ્યાર્થિનીને મોડીરાત્રે પેટમાં દુખાવો શરૂ થયો હતો.

આ અંગે કેરળની વિદ્યાર્થિનીએ જણાવ્યું હતું કે મેં રાત્રે હોસ્ટેલમાં ભોજન લીધું હતું, જેમાં પનીર ભુરજી, ખીર, રોટલી અને ભાત ખાધાં હતાં. રાત્રે એક વાગ્યા પછી તબિયત લથડી હતી અને પેટમાં ખૂબ જ દુખતું હતું. હું હંસા મહેતા ગર્લ્સ હોસ્ટેલમાં રહું છું.

MS યુનિવર્સિટીના ફાઇનલ વર્ષમાં અભ્યાસ કરતી દિલ્હીની વિદ્યાર્થિનીએ જણાવ્યું હતું કે મારું નામ માનુષી છે. ગઈકાલે જ અમારું મેસ ખૂલ્યું હતું અને બધાએ ત્યાં ભોજન લીધું હતું, જે કોઈ લોકોએ ત્યાં ભોજન લીધું હતું તે તમામને ફૂડ-પોઈઝનિંગની અસર થઈ છે. જમવામાં પનીર ભુરજી, દાળ-ભાત ,રોટલી હતી. એમાં રોટલીની ક્વોલિટી



ખૂબ જ ખરાબ હતી. શાકમાં મને કઈ લાગ્યું નહોતું અને મેં ખીર ખાધી નથી, પરંતુ મને રોટલીમાં ખૂબ જ ગડબડ લાગતી હતી. રાત્રે એક વાગ્યા બાદ પેટમાં ખૂબ જ દુખાવો થયો હતો અને ઝાડા થઈ ગયા હતા, સાથે જ વોમિટિંગ થઈ રહી હતી. આ સાથે જ વોર્ડનને જાણ કરતાં અમને હોસ્પિટલમાં લાવવામાં આવ્યાં હતાં.

### મેસના પ્રથમ દિવસે ખીર, પનીર અને દાળ-ભાતનું ભોજન લીધા બાદ મોડીરાત્રે પેટમાં દુખાવાની ફરિયાદ થતાં તમામને સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી, તમામની હાલત સ્થિર

# ગંભીરા બ્રિજ તૂટી પડવાથી હવે સૌરાષ્ટ્ર તરફ જતા વાહન ચાલકોને ૫૦ કિમી ચકરાવો થશે

સુરત, તા.9

ગંભીરા બ્રીજ દુર્ઘટનાના કારણે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાંથી સૌરાષ્ટ્રમાં જનારા વાહનચાલકોને 50 કિલો મીટરથી વધુનો ફેરો કરવો પડશે. હવે વાહનો વાસદ થઈ હંકારવા પડશે. જે પુલની તુલનામાં 50 કિલો મીટરનો ફેરો કરાવશે.

અત્યાર સુધીની સ્થિતિ એવી હતી કે સુરતથી ભરૂચ-જંબુસર થઈ ગંભીરા બ્રીજ પસાર કરી બોરસદ નીકળતા હતા. જે તારાપુર ચોકડીથી સીધો બગોદરા પાસે અમદાવાદ-રાજકોટ હાઈ-વે સુધી નીકળતો હતો.

આ પુલ તૂટી જવાના કારણે હવે વડોદરાથી ફાજલપુર થઈ વાસદ જવું પડશે. ત્યાંથી તારાપુર ચોકડી થઈ વાહનો જઈ શકશે. આમ જવામાં સુરત અને દક્ષિણ ગુજરાતના લોકોને બે નુકાસની વેઠવી પડશે. એક તો 50



કિલો મીટરનું અંતર વધી જશે અને બીજું ટોલટેક્સ ભરવો પડશે. ગંભીરા બ્રીજના રસ્તે કોઇ ટોલ ટેક્સ આવતો ન હોવથી લોકો એ રસ્તો પસંદ કરતા હતા.

એક વાત એવી પણ છે કે છેલ્લાં પાંચેક વર્ષથી આ પુલ અને પુલ સુધી પહોંચવાનો રસ્તો અત્યંત બિસ્માર હાલતમાં હોવાના કારણે લોકો આ રસ્તે જવાનું ટાળતા હતા. બીજી બાજુ તારાપુર ચોકડી વાળો રસ્તો સિક્સ લેન થઈ જતાં મુસાફરીના સમયમાં લગભગ એક કલાકનો ફેર પડતો હતો. જેથી મોટા ભાગના વાહનચાલકો ગંભીરા બ્રીજ પરથી જવાનું ટાળતા હતા.

પાદરા અને બોરસદના વાહનચાલકોમાં નાનાં વાહનો સિંધરોટ થઈ ઉમેટા તરફ જઈ શકશે. જ્યારે મોટાં વાહનો વડોદરાથી ફાજલપુર થઈ વાસદ તરફ જશે.

### સુરત સહિત દ.ગુજરાતના વાહન ચાલકો માટે ગંભીરાબ્રિજ આશીર્વાદરૂપ હતો

# સરકાર બ્રિજ દુર્ઘટનાની રાહ જોતી હતી, વર્ષ ૨૦૨૨થી લોકોએ બ્રિજની હાલત અંગે સરકારને તાકીદ કરી હતી

આણંદ તા.૯

મધ્ય ગુજરાતથી સૌરાષ્ટ્રને જોડતો મહીસાગર નદી પરનો 45 વર્ષ જૂનો ગંભીરા બ્રિજ આજે વહેલી સવારે તૂટી પડતા હાહાકાર મચી ગયો છે. આ ઘટનામાં બ્રિજ ઉપરથી પસાર થઈ રહેલી બે ટ્રક, બે પિકઅપ અને એક રિક્ષા બે કાંઠે વહેતી મહીસાગર નદીમાં ખાબક્યા હતા. જેમાં ૧૩ વ્યક્તિઓના મોત થયા છે. જ્યારે 8થી વધુ લોકોને રેસ્ક્યુ કરીને બચાવી લેવાયા છે. જોકે, આ જર્જરિત બ્રિજ અંગે વર્ષ 2022થી સ્થાનિકો, જાગૃત નાગરિકો અને વિપક્ષ દ્વારા અનેક રજૂઆતો અને બ્રિજની કથળેલી સ્થિતિ દર્શાવવામાં આવતી હતી, પરંતુ તંત્ર જાણે કે કોઇ મોટી દુર્ઘટનાની રાહ જોતું હોય એમ એક પણ રજૂઆત કાને ધરી નહોતી.

વર્ષ 2022માં જ્યારે મોરબીમાં દુર્ઘટના ઘટી એ બાદ વર્ષ 2023માં સ્નેહલ પટેલના નામના નાગરિકે આ



ગંભીરા બ્રિજ અંગે ગંભીરા બ્રિજની ખખડધજ હાલતનો વીડિયો શેયર કરીને જણાવ્યું હતું કે, આ બ્રિજની હાલત જોઇને લાગે છે કે મોરબી જેવા જ જલ્દી બ્રેકિંગ ન્યૂઝ આવશે.

આ જર્જરિત બ્રિજ અંગે વર્ષ 2022માં હાલના વડોદરા જિલ્લા પંચાયત પાદરા બેઠકના સભ્ય હર્ષદસિંહ પરમારે તત્કાલીન માર્ગ મકાન વિભાગના અધિકારી મિસ્ત્રીને જાણકારી આપી હતી. આ સાથે જ કલેકટરને પણ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું કે આ બ્રિજ જોખમી છે જેને કારણે તેની મરામત કરાવવામાં આવે પરંતુ તંત્ર કોઇ ગંભીરતા દાખવવામાં નહોતી આવી. વડોદરા જિલ્લા પંચાયતના પાદરા બેઠકના સભ્ય હર્ષદસિંહ પરમાર જણાવે છે કે, વર્ષ 2022ઓગસ્ટમાં અમે લોકોએ માર્ગ મકાન વિભાગના અધિકારી મિસ્ત્રી તેમાં જિલ્લા પંચાયતના અધિકારીઓને ટેસ્ટ રિપોર્ટ જાહેર કરવાની માગ કરી હતી.

### મોરબી બ્રિજ દુર્ઘટના બાદ લોકોને ગંભીરા બ્રિજ તૂટી પડવાનો ભય હતો પરંતુ સરકારી તંત્રએ વાત કાને ધરી નહોતી

# જુનાગઢની માણાવદર તા.પ.માં ૩૯ કરોડના ભ્રષ્ટાચાર સામે RTI એક્ટિવિસ્ટનુ ઊંટ ઉપર બેસી વિરોધ પ્રદર્શન

જૂનાગઢ, તા.9

જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકા પંચાયતમાં 39 કરોડ રૂપિયાના ભ્રષ્ટાચારના આક્ષેપો સામે RTI એક્ટિવિસ્ટ અને ભીમ આર્મીના પ્રમુખ ગુણવંત મિયાત્રાએ અનોખી રીતે વિરોધ પ્રદર્શન કર્યું.

ગુણવંત મિયાત્રા 2016થી જ વખતોવખત રજૂઆતો કરી રહ્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે, માણાવદર તાલુકા પંચાયત દ્વારા 14મા નાણાપંચના કામોમાં અંદાજે 39 કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર કરાયો છે, જેમાં સરકારી જમીનના ખોટા દસ્તાવેજો ઊભા કરવામાં આવ્યા, ખોટા સોગંદનામા રજૂ કરાયા, વ્હીલનામા પણ ખોટા હોવાનું તેઓ કહી રહ્યા છે. આ સમગ્ર કૌભાંડમાં આજે દિન સુધી કોઈ પણ ગુનો નોંધાયો નથી. આ કારણે ગુણવંત મિયાત્રાએ હાઈકોર્ટમાં પોતાનું અને પરિવારનું નાગરિકત્વ રદ કરવાની અને ઈચ્છામૃત્યુ આપવા માગણી પણ કરી હતી. કોર્ટમાં તેમના નિવેદન લેવામાં આવ્યા હતા છતાં જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ તંત્ર, તાલુકા પંચાયત - કોઈ પણ અસરકારક પગલું ભરતું ન હોવાના



આક્ષેપો તેમણે કર્યા હતા. ગુણવંત મિયાત્રાએ જૂનાગઢ શહેરના મુખ્ય રસ્તાઓ પર ઊંટની પીઠ પર બેનરો લગાવી વિરોધ પ્રદર્શન કર્યું.બેનરોમાં લખેલું હતું કે,"ગુજરાત સરકારની ઝુમલા સિસ્ટમ : તાલુકા સ્વાગત, જિલ્લા સ્વાગત, મુખ્યમંત્રી સ્વાગત એ બધું નાટક છે.2016થી લડી રહ્યો છું, આજે સુધી ન્યાય નથી, છતાં પણ ગુનો નોંધાતો નથી. ગૃહમંત્રી હર્ષ સંઘવી રાજીનામું આપે, મુખ્યમંત્રી રાજીનામું આપે અને ગુજરાતને બિહાર બનતા રોકો." ગુણવંત મિયાત્રાએ જણાવ્યું કે જૂનાગઢ જિલ્લામાં કે ગુજરાતમાં જ્યારે આમ નાગરિકે સત્તાધારી સરકાર સામે અવાજ ઉઠાવવાનો પ્રયત્ન કરે.

### ભીમ આર્મીના પ્રમુખ ગુણવંત મિયાત્રાએ હાઈકોર્ટમાં નાગરિકત્વ રદ કરવા સાથે ઈચ્છામૃત્યુની માંગ સાથે ઊંટ પર બેનરો લગાવી આખા જુનાગઢ શહેરમાં ફર્યા

# ધ્રાંગધ્રામાં રસ્તા ઉપર પસાર થવા મુદ્દે બે જૂથ વચ્ચે હિંસક અથડામણ, ફાયરિંગ: મહિલા સહિત ૬ને ઈજા

સુરેન્દ્રનગર, તા.9

ધ્રાંગધ્રા તાલુકાના જીવા ગામમાં રસ્તા પરથી પસાર થવાના મુદ્દે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ સર્જાઈ હતી. ક્ષત્રિય સમાજના કેટલાક લોકોએ પશુ લઈને જતા ભરવાડ યુવાન પર હુમલો કર્યો હતો. આ ઘટનાને પગલે બંને સમાજના લોકો સામસામે આવી ગયા હતા.



ક્ષત્રિય સમાજના લોકોએ ખાનગી હથિયાર વડે ફાયરિંગ કર્યું હતું. આ હિંસક ઘટનામાં એક મહિલા સહિત ભરવાડ સમાજના 6 લોકોને ઈજા થઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધ્રાંગધ્રા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

ઈજાગ્રસ્તોની ફરિયાદના આધારે પોલીસે નવ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓમાં પ્રદિપસિહ ચંદુભા ઝાલા, દીગ્વિજયસિંહ ઉર્ફે ચીકુભા ચંદુભા ઝાલા, વિશાલસિહ પોપટસિહ, શિવરાજસિંહ ભીમભા, યુવરાજસિહ અનીરૂધ્ધસિહ ઝાલા, કિશનસિંહ પોપટસિહ, કાનભા મહેન્દ્રસિંહ, મીતરાસિંહ હીતેન્દ્રસિહ ઝાલા અને રવિ હકાભાઈ કાચરોલાનો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓનું રિક્રિએશન પંચનામું પણ જીવા ગામમાં કર્યું છે અને વધુ તપાસ હાથ ધરી છે.

### ક્ષત્રિય સમાજ અને ભરવાડ સમાજ વચ્ચે થયેલી અથડામણ, 9 આરોપીની ધરપકડ કરવામાં આવી



# ભવિષ્યમાં કૃષ્ણની ઘણી જરૂર પડશે

ચિંતન

ભવિષ્ય માટે કૃષ્ણની ઘણી સાર્થકતા અને આવશ્યકતા છે. જ્યારે બધા જ માનવમૂલ્યો ઝાંખા પડી જશે અને આંતરિક દ્વંદ્વથી ભરેલા ધર્મો અંધકારમાં ડૂબી જશે અને ઈતિહાસની રાખ તેમને ઢાંકી દેશે ત્યારે કૃષ્ણરૂપી તેજતણખો ચમકતો રહેશે. માત્ર ચમકશે જ નહિ, વધારે નીખરશે, કેમ કે ત્યારે પહેલીવાર મનુષ્ય એટલો યોગ્ય બનશે કે કૃષ્ણને સમજી શકશે.

કૃષ્ણને સમજવા મુશ્કેલ છે. કોઈ માણસ સંસાર છોડીને ચાલ્યો જાય અને શાંત થઈ જાય તે વાત સમજવી સહેલી છે. પરંતુ, કોઈ સંસારના સંઘર્ષોની વચ્ચે રહીને શાંત થઈ શકે એ સમજવું અઘરું છે. કોઈ માણસ આસક્તિ સાથે છેડો ફાડીને વૈરાગ્ય ધારણ કરે અને તેનામાં પવિત્રતા જન્મે એ સમજવું સહેલું છે. પરંતુ, કોઈ જીવનના તમામ ઉપદ્રવો વચ્ચે રહીને, ધૂળ-કિચડ અને આંધીઓ વચ્ચે રહીને પણ પોતાની જ્યોતને સ્થિર રાખી શકે એ વાત સમજવી અઘરી છે. અને એટલે જ કૃષ્ણને પણ સમજવા અઘરા છે.

ને તેથી જ જે લોકોએ કૃષ્ણની પૂજ્યા છે, જેમણે કૃષ્ણની આરાધના કરી છે તે સૌએ પણ કૃષ્ણને ટુકડે-ટુકડામાં વહેંચી નાંખ્યા છે. બાળકૃષ્ણ ગામની સ્ત્રીઓની છેડતી કરે તો આપણને એમાં કંઈ વાંધો નથી, પરંતુ યુવા કૃષ્ણ જ્યારે ગામની સ્ત્રીઓની છેડતી કરે છે તો તે બહુ અઘરું થઈ પડે છે. ત્યારે આપણને એ સમજવું મુશ્કેલ થઈ પડશે. કેમ કે આપણે આપણા દૃષ્ટિકોણથી જ સમજી શકતા હોઈએ છીએ. તેથી કોઈ કૃષ્ણના એક રૂપને સ્વીકારશે તો કોઈ બીજો વળી કૃષ્ણના બીજા રૂપને પસંદ કરશે.

ગીતાને પ્રેમ કરનારાઓ ભાગવતની અવગણના કરશે, કેમ કે ભાગવત રચનાર કૃષ્ણ કંઈ જુદા જ છે. ભાગવતને પ્રેમ કરનારાઓ ગીતાની ચર્ચામાં પડશે નહિ. કેમ કે ક્યાં રંગ-રાગ અને રાસલીલા ને ક્યાં યુદ્ધનું મેદાન! આ બંને કૃષ્ણની વચ્ચે કંઈ તાલમેલ નથી બેસતો.

આ સંદર્ભે એ સમજી લેવું ઉચિત રહેશે કે રામને આપણે ચારિત્ર્યવાન કહીએ છીએ, રામ ઘણા ગંભીર છે. તેમનું જીવન એ 'લીલા' નથી, 'ચરિત્ર' છે. કિન્તુ, કૃષ્ણ ગંભીર નથી. કૃષ્ણનું જીવન 'ચરિત્ર' નથી, 'લીલા' છે. રામ મર્યાદાઓમાં બંધાયેલા વ્યક્તિ છે, મર્યાદાઓ ઓળંગીને તે એક ડગલુંય આગળ નહિ વધારે. કૃષ્ણના જીવનમાં મર્યાદા જેવી કોઈ વસ્તુ જ નથી. પૂર્ણ સ્વતંત્ર! આ અમર્યાદિતપણું પણ કૃષ્ણના જાતઅનુભવનું અંતિમ ફળ છે. તેથી હિંસા પણ ત્યાં અપ્રામાણિકતામાં ખપી ગઈ છે, કેમ કે હિંસા કરી જ ન શકાય! અને જ્યાં હિંસાને પણ અપ્રામાણિકતામાં ખપાવી દેવાય છે, ત્યાં અહિંસા પણ અપ્રામાણિકતા જ ગણાય છે. કેમ કે જ્યાં સુધી હિંસા સાર્થક છે, જ્યાં સુધી હિંસા થઈ શકે છે ત્યાં સુધી જ અહિંસા પણ સાર્થક છે. હકીકતમાં પોતાને હિંસક માનવું એ ભૌતિકવાદ છે, અને પોતાને અહિંસક માનવું એ પણ એ ભૌતિકવાદનો જ બીજો છેડો છે. એક માને છે કે હું મારી નાખીશ. બીજો માને છે કે હું નહીં મારીશ, હું મારવા માટે તૈયાર નથી. પરંતુ, બંને જ માને છે કે મારી 'શકાય' છે.

**કૃષ્ણને સમજવા અઘરા છે. ગીતાને પ્રેમ કરનારાઓ ભાગવતની અવગણના કરશે, કેમ કે ભાગવત રચનાર કૃષ્ણ કંઈ જુદા જ છે**

એવું અધ્યાત્મ જે યુદ્ધને પણ એક રમત માને છે, અને જે રાગની, ભોગની, યોગની, ધ્યાનની - એમ તમામ દિશાઓને એકસાથે સ્વીકારી લે છે, એવા સમગ્રતાને સમાવતાં દર્શનની આવશ્યકતા રોજ વધતી જાય છે. કેમ કે આપણને એવી વાતો ખબર પડી છે, જે આપણને ક્યારેય ખબર નહોતી. પરંતુ, કૃષ્ણને તો એ ચોક્કસ ખબર હતી. (સૌજન્યઃ ઓશો) ■

# ગુરુની વંદનાનું અનોખું પર્વઃ ગુરૂ પૂર્ણિમા

પર્વવિશેષ

સમગ્ર વૈદિક સાહિત્યના સર્જનમાં અને ભારતીય સંસ્કૃતિની પરંપરામાં ગુરુ-શિષ્ય પરંપરાનું મહત્ત્વ અનેરું છે. વેદના અધ્યાયોને મંડલ કહેવામાં આવે છે. ઋગ્વેદના ૧૦ મંડલોમાં વિવિધ ઋષિઓ અને તેમના શિષ્યો દ્વારા વિવિધ ઋચાઓનું દર્શન રજૂ કરાયું છે. એવી જ રીતે ઉપનિષદોના દિવ્ય જ્ઞાનના વારસાને પણ ઋષિ-શિષ્ય પરંપરાથી આજ પર્યંત જાળવી રખાયો છે.

ઉપનિષદ શબ્દના અર્થમાં આ ગુરુ-શિષ્ય પરંપરાના મૂળ રહેલા છે. ઉપ એટલે નજીક-પાસે. પાસે બેસીને ગુરુના સાંનિધ્યમાં મુખપાઠ પરંપરાથી વિશ્વના આ સૌથી પ્રાચીન વારસાને જાળવી રાખવામાં આવ્યો છે. રામાયણ અને મહાભારત કાળમાં ગુરુ-શિષ્ય પરંપરાનાં અનેક ઉદાહરણો જોવા મળે છે. વનવાસ દરમિયાન સીતાજીની શોધ માટેના ભ્રમણ દરમિયાન રામ અને હનુમાન વચ્ચે ગુરુ-શિષ્યની આદર્શ પરંપરા જોવા મળે છે. શ્રીરામ પંચાયતમાં શ્રીરામ, સીતા, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્નની સાથે હનુમાનજીનું ચિત્ર અચૂક જોવા મળે છે. શ્રીરામ પ્રત્યેની અનન્ય નિષ્ઠાથી અભિભૂત થઈને સીતાજીએ પોતાની માળા એટલે કે મોતીનો હાર હનુમાનજીને ભેટ સ્વરૂપે આપ્યો ત્યારે હનુમાનજીએ વિચાર્યું કે આ હાર ગમે તેટલો કિંમતી હોય, પરંતુ પણ તે મારા માટે શા કામનો? તેમણે દરેક મોતી છૂટું પાડી તેમાં રામ છે કે નહીં તે શોધવાનો પ્રયત્ન કર્યો. સીતાજીએ પૂછ્યું કે, 'હાર શા માટે તોડી નાખ્યો?' હનુમાનજીએ કહ્યું, 'આમા ક્યાંય મારા રામ દેખાય છે તે જોઉ છું.' ત્યારે સીતાજીએ પૂછ્યું કે, 'તમે રામના આટલા ભક્ત છો તો તેમનું સ્થાન ક્યાં છે?' ત્યારે તેમણે પોતાની છાતી ચીરીને હૃદયમાં રામનું સ્થાન બતાવ્યું. જેમ રામ-હનુમાન વચ્ચે તેમ વસિષ્ઠ અને રામ વચ્ચેનો ગુરુ-શિષ્ય સંબધ અત્યંત દીપ્તિમંત અને અનોખો છે. ગુરુ વસિષ્ઠના આશ્રમમાં રહીને શ્રીરામ અને લક્ષ્મણે શિક્ષણ મેળવ્યું અને તેમની દરેક આજ્ઞા શિરોધાર્ય ગણી હતી. તેવી જ રીતે રામ અને વિશ્વામિત્રની જોડી પણ આદર્શ ગુરુ-શિષ્યનું દૃષ્ટાંત છે.

મહાભારતના યુદ્ધમાં નિરાશ અને હતાશ બનેલા અર્જુનને પોતાના કર્તવ્યનું ભાન કરાવવા શ્રીકૃષ્ણએ શ્રીમદ્ ભગવદ્ગીતાનો ઉપદેશ આપ્યો અને અર્જુને આદર્શ શિષ્ય બનીને કહ્યું, 'શિષ્યતેઽહં સાધિ માં ત્વાં પ્રપન્નમ્' અને અંતમાં એવી ખાતરી આપી કે, 'કરિષ્યે વચનમ્ તવ.' હે કૃષ્ણ હવે તમે કહેશો તે પ્રમાણે કરીશ એટલે કે તમારે આજ્ઞાનું પાલન કરીશ. ગીતાના અઢાર અધ્યાયમાં જ્ઞાન, કર્મ અને ભક્તિનો સમન્વય કેવી રીતે સાધી શકાય તેનું અદ્ભુત જ્ઞાન રજૂ કરવામાં આવ્યું છે. અર્જુન જ નહીં, પાંચ પાંડવો અને કુંતી માતા પણ શ્રીકૃષ્ણની આજ્ઞાનું પાલન કરતા હતા અને તેમના જીવનની કટોકટીની પળમાં પણ શ્રીકૃષ્ણની સલાહ પ્રમાણે જ વર્તતા હતા. રાજસૂય યજ્ઞ હોય કે વનવાસમાં એકાંતવાસનું પાલન હોય તેઓ શ્રીકૃષ્ણની સલાહ અચૂક લેતા. શાસ્ત્રમાં કહ્યું છે કે, 'સમાનશીલં વ્યસનેષુ સખ્યં' એટલે કે મિત્રતામાં ઉંમર અથવા વ્યવસાય કે નાત-જાત જોવાતી નથી, પરંતુ, સમાન આચાર-વિચાર અને વ્યસન(આદત)વાળા લોકો વચ્ચે સહજતાથી મિત્રતા થઈ જાય છે? તેવી જ રીતે શ્રીકૃષ્ણ અને અર્જુન એકબીજાના અંતરંગ સખા હતા. આમ છતાં એક આદર્શ ગુરુ-શિષ્ય તરીકે પણ તેમણે સુંદર ઉદાહરણ રજૂ કર્યું છે.

અગત્સ્ય મુનિ અને વિંધ્યાચલ પર્વત વચ્ચે ગુરુ-શિષ્ય સંબંધની ઉત્કટતાનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે. ઋગ્વેદના દસ મંડળના મંત્રદૃષ્ટા ઋષિઓ અને તેમની પાસેથી જ્ઞાન મેળવનાર શિષ્યો દ્વારા આ પરંપરાને અદ્યાપિ પર્યંત જાળવી રાખવામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.

સાંદીપની ઋષિના આશ્રમમાં રહીને પ્રારંભિક અવસ્થામાં શ્રીકૃષ્ણે પણ ગુરુનું માર્ગદર્શન મેળવ્યું હતું અને તેમના પરમ મિત્ર સુદામા સાથેની મૈત્રી પણ આશ્રમકાળ દરમિયાન ગાઢ બની હતી.

ઉદ્દાલક ઋષિની આજ્ઞાથી ખેતરમાં રક્ષા માટે ગયેલા આરૂણિને ખેતરની પાળ તૂટી જતાં પોતાની જાતને વાડ તરીકે આડી રાખીને પાણી વહી જતું અટકાવ્યું અને બેહોશ બની ગયા ત્યારે તેમની ચિંતા કરતા ગુરુએ શિષ્યની ભક્તિ જોઈને ધન્યતા અનુભવી હતી.



સમ્રાટ ચંદ્રગુપ્તને અખંડ ભારતનો સ્વામી બનાવનાર મહર્ષિ ચાણક્ય એટલે કે કૌટિલ્યનું ઉદાહરણ અદ્ભુત છે. એક સામાન્ય બાળકને પદ્ધતિસરનું શિક્ષણ આપી સમ્રાટ બનાવવાની તાકાત કૌટિલ્ય જ ધરાવી શકે. આ પરંપરામાં સમર્થ ગુરુ સ્વામી રામદાસ અને વીર છત્રપતિ શિવાજીની જોડીએ પણ ભારતના ઈતિહાસમાં ગૌરવવંતુ નામ મેળવ્યું છે.

નીતિશાસ્ત્રમાં મળતા ઉલ્લેખ મુજબ કોઈપણ રાજાનો રાજ્યાભિષેક થાય ત્યારે રાજપુરોહિત કે આચાર્ય દ્વારા રાજાને શાસનધુરા સોંપતી વખતે કહેવામાં આવતું કે, રાજા તારી ઉપર ધર્મદંડ છે તે સર્વોપરિ છે એટલે કે રાજ્યસત્તા કરતા પણ ધર્મસત્તાનું પ્રભુત્વ વધારે માનવામાં આવે છે.

ગુરુ ગોવિંદસિંહ અને તેમના પંજપ્યારેની કથા પણ પ્રેરણાદાયી છે. ધર્મ અને રાષ્ટ્રનાં રક્ષણ માટે ગુરુની આજ્ઞાથી પ્રાણની પણ પરવા કર્યા વગર સર્વસ્વ બલિદાન આપવા તત્પર પાંચ તેજસ્વી શિષ્યોની વીરતાને બિરદાવી ગુરુએ શિષ્યોને અદકેરુ માન આપ્યું હતું.

વિશ્વધર્મપરિષદમાં અમેરિકામાં હાજર રહેલા અનેક દેશોના ધુરંધરોની વચ્ચે જઈને ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડનાર સ્વામી વિવેકાનંદ કહેતા કે, હું જે કાંઈ છું તે મારા ગુરુદેવને આભારી છે, તેમણે જ મને આ શક્તિ આપી છે. સ્વામી વિવેકાનંદના ગુરુ સ્વામી રામકૃષ્ણ પરમહંસ ઉચ્ચ કોટિના તપસ્વી હોવા છતાં તે પણ જે નમ્રતા અને ઔદાર્યના દર્શન કરાવતાં તે આપણા સહુનું સૌભાગ્ય છે.

આદ્ય શંકરાચાર્ય મહારાજે અદ્વૈત પરંપરામાં દેશના ચાર ખૂણે ચાર પીઠની સ્થાપના કરીને શિષ્ય પરંપરાનું સર્જન કર્યું અને પૂર્વ-પશ્ચિમ-ઉત્તર અને દિક્ષણ દિશાઓમાં ચાર મહત્ત્વનાં સ્થળોએ તેમના અનુયાયી તરીકે જે ચાર આશ્રમોની સ્થાપના કરી તેના સહુ આચાર્યો દ્વારા આ પરંપરાને અત્યાર સુધી જાળવી રાખવામાં આવી છે. શરૂ કરાવી છે, આદ્ય શંકરાચાર્યની જેમ શ્રીવલ્લભાચાર્યજી, શ્રીરામાનુજાચાર્યજી અને મધ્વાચાર્યજી વગેરે આચાર્યો દ્વારા પણ આ પરંપરા આગળ ધપાવવામાં આવી છે.

નાથ સંપ્રદાયમાં પણ ગુરુ ગોરક્ષનાથ, મત્સ્યેન્દ્રનાથ અને રાજા ભર્તૃહરિ પરંપરામાં આજેય અનેક શિષ્યો જોડાય છે.

વર્તમાન સમયમાં ભગવાન સ્વામીનારાયણ શ્રી ઘનશ્યામ મહારાજ દ્વારા શરૂ થયેલી પરંપરાને અનુસરનારો પણ બહોળો વર્ગ છે.

ગુરુપૂર્ણિમા એટલે વેદવ્યાસની પરંપરા મુજબ જ્ઞાન અને ભક્તિ દ્વારા જીવનને ઉત્કૃષ્ટ બનાવવા અને માનવજીવનની સાર્થકતા માટેના પ્રયાસમાં સફળતા મેળવવાનો અવસર! સદ્ગુરુ જ માનવને ઊર્ધ્વગામી બનાવવા સહાયરૂપ બને છ. આથી કહેવાયું છે કે-

**ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકો લાગુ પાય**
**બલિહારી ગુરુદેવ કી ગોવિંદ દિયો બતાય!** ■

**મહાભારતકાર વેદ વ્યાસની સ્મૃતિમાં અષાઢી પૂર્ણિમાને ગુરુ પૂર્ણિમા કે વ્યાસ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. તા. ૧૦ જુલાઈ ને ગુરુવારે ગુરુવંદનાનું આ અનોખું પર્વ આવે છે. છેક વેદકાળથી લઈને આજ સુધી ભારતમાં ગુરુ-શિષ્યની માનાર્હ પરંપરા જળવાઈ રહી છે. વસિષ્ઠ, ઉદ્દાલક, શંકરાચાર્ય, ચાણક્ય, રામદાસ એમ અનેકાનેક ગુરુઓએ તેજસ્વી શિષ્યો મા ભારતીને ચરણે ધર્યા છે**

# નિષ્ફળતા જીવનને નિખારે!

બોધકથા

સ્વામી વિવેકાનંદે એક વાર યુવાઓને કહ્યું કે, તમે તમારી ભૂલ માટે બીજાને દોષ શા માટે આપો છો? હકીકતમાં તમે જેવું બીજ વાવો છો તેવો જ પાક તૈયાર થાય છે. બીજા પર દોષનો ટોપલો ઢોળવો આપણને દુર્બળ જ બનાવે છે.

પોતાની દુર્બળતાઓ માટે કોઈને દોષ દેવાને બદલે સમગ્ર જવાબદારી તમારા પર લો. એમ કહો કે, હું જે દુઃખ ભોગવી રહ્યો છું તે મારા કારણે જ છે. તેનો અર્થ એમ થાય કે તેને હું જ ખતમ કરી શકુ છું. તેથી એ જાણી લો કે પોતાના ભાગ્યના નિર્માતા તમે પોતે જ છો. કોઈપણ દેવતા અલગ આવીને આપણો બોજ ઉપાડવાના નથી.

જ્યારે આપણે એમ સમજી લઈએ કે કોઈપણ કાર્ય માટે આપણે સ્વયં જવાબદાર છીએ ત્યારે આપણે શ્રેષ્ઠ રૂપમાં સામે આવીએ છીએ. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, સારી શક્તિઓ અને સફળતા હકીકતમાં તમારી આસપાસ જ હોય છે. ઈન્દ્રિયસુખો તથા ભોગની દોડનો કોઈ અંત હોતો નથી. પરંતુ હંમેશાં જેવી રીતે ખરાબ વિચાર અને કર્મો હંમેશાં તમને નષ્ટ કરવા આતુર રહે છે તેવી જ રીતે સારા વિચાર અને સારા કર્મો પણ હજાર દેવદૂતોની જેમ તમારી રક્ષા કરવા હંમેશા તૈયાર હોય છે. તેથી ઘાણીના બળદની જેમ ગોળ ગોળ ફર્યા કરવાથી કોઈ લાભ થતો નથી. તમારે સ્વયં આ ચક્રમાંથી બહાર નીકળવું પડશે. જીવનના આ સંગ્રામમાં ધૂળ-માટી ઊડે તે સ્વાભાવિક છે. જો આ ધૂળને સહન નથી કરી શકતા તે કેવી આગળ વધી શકશે? આ નિષ્ફળતા સફળતાના માર્ગ માટેની અનિવાર્ય સીડી છે. જો કોઈ વ્યક્તિ આદર્શ સાથે પાંચ ભૂલો કરે છે તો આદર્શ વગર પચાસ ભૂલો કરી શકે છે. તેથી દરેક વ્યક્તિના જીવનમાં એક આદર્શ હોવો જરૂરી છે. તેને ક્યારેય છોડવો ન જોઈએ. આદર્શોને જડતાથી વળગી રહેવાથી આપણે ઘણી જગ્યાએ પડવાથી બચી જઈએ છીએ.

સ્વામી વિવેકાનંદ માનતા હતા કે વ્યક્તિનું ચરિત્ર બીજું કંઈ નહીં, પરંતુ તેની આદતો અને વૃત્તિઓનો જ સાર છે. વ્યક્તિની આદતો અને વ્યવહાર જ તેના ચરિત્ર સ્વરૂપ નિશ્ચિત કરે છે. ચિત્તની વિશેષ અવસ્થા, તેની શ્રેષ્ઠતા પ્રમાણે જ આપણા ચરિત્રની સફળતા અને નિર્બળતા સુનિશ્ચિત થાય છે. જીવનમાં નૈતિક



**નિષ્ફળતા સફળતાના માર્ગ માટેની અનિવાર્ય સીડી છે. જો કોઈ વ્યક્તિ આદર્શ સાથે પાંચ ભૂલો કરે છે તો આદર્શ વગર પચાસ ભૂલો કરી શકે છે. તેથી દરેક વ્યક્તિના જીવનમાં એક આદર્શ હોવો જરૂરી છે. તેને ક્યારેય છોડવો ન જોઈએ**

નિયમોનું પાલન બાહ્ય દબાણને કારણે થાય તેના કરતાં અંદરથી થાય તો ખૂબ સારું અને સહજ બને છે. સારા ચિંતન અને આચરણના રૂપમાં જે ચરિત્રનું નિર્માણ થાય છે પાછળથી તે સાધનાનું રૂપ ધારણ કરી લે છે.

આપણી અંદર દિવ્યતાની થોડી ઝલક પણ મળી જાય તો તે પોતાની અંદર નિહિત સંભાવનાઓ પ્રત્યે આશ્વસ્ત કરે છે. સ્વામીજીએ લખ્યું છે કે, આટલી તપશ્ચર્યા બાદ હું આ સચ્ચાઈને સમજી શક્યો છું કે, દરેક પ્રાણીમાં ઈશ્વર હોય જ છે. જે જીવ સેવા કરે છે તે હકીકતમાં ઈશ્વરની સેવા કરે છે. જે વ્યક્તિ તમારી સમક્ષ ઉભેલા ઈશ્વરની સેવા નથી કરી શકતો તે અપ્રગટ ઈશ્વરની સેવા કેવી રીતે કરી શકે?

તેથી તેમણે કહ્યું છે કે, પ્રત્યેક પુરુષ, સ્ત્રી અને તમામ પ્રાણીઓને ભગવાનના રૂપમાં જોવા જોઈએ. તેની સેવા જ સર્વોચ્ચ ધર્મ છે. પથ્થર પૂજતા અને મનુષ્યનો અનાદર કરતા વ્યક્તિ ક્યારેય ધાર્મિક ન હોઈ શકે. તેઓ માત્ર ધાર્મિક હોવાનો દેખાડો કરે છે. ધર્મનો અર્થ છે આપણી અંદરની દિવ્યતાને જગાડવી. પોતની વાત સમાપ્ત કરતા તેમણે એક ખૂબ જ માર્મિક વાત કહી છે કે, હું જાણું છું કે આ માર્ગ લોઢાના ચણા ચાવવા જેવો છે. પરંતુ તમારી અંદર આદર્શની અગ્નિ પ્રગટી રહી છે. નિષ્ફળતાની ચિંતા ન કરો. હકીકતમાં તે જ જીવનનું સૌંદર્ય છે.

કથાસાર

સફળતા અને નિષ્ફળતા જીવનનો એક ભાગ છે. નિષ્ફળતા સફળતાના માર્ગ માટેની સીડી બને છે. ■



# ટ્રાવેલ ગાર્ડિયન



# હાઇવે હંગામા એટલે મસ્તીભરી સફર...

**ટ્રેન કે બસમાં આપને આપની મરજી મુજબ ક્યાંય પણ રોકાણની આઝાદી મળતી નથી. પણ, આપની ગાડીમાં એમ નથી હોતું. જ્યાં સુંદરતા-નૈસર્ગિકતા કે ખાણી-પીણી જુઓ ત્યાં રોકાઇ જાવ. રાતના સમયે કોઇ ઢાબા પર રોકાવ. આખી રાત દરમિયાન ત્યાં કોઇકને કોઇક પરિવાર કે કોઇ મુસાફરો જરૂર હાજર હશે જ. જો કોઇ નિર્ધારિત પાર્કિંગ હોય તો ગાડી ત્યાં જ પાર્ક કરો**

ક્યારેક ક્યારેક કોઈ ચોક્કસ સ્થળને બદલે સફર માટેનો રસ્તો પણ બહુ મજા આપે છે, પરંતુ જે તે સ્થળે પહોંચવાની ઉતાવળ આપણને એ તરફ ધ્યાન આપવા દેતી જ નથી. જો આપ આપના ટુ-વ્હીલર કે થ્રી વ્હીલર કે ફોર વ્હીલર લઈને નીકળો અને માર્ગમાં જે તે રસ્તાને, આસપાસના વાતાવરણને અને નૈસર્ગિકતાને ભરપૂર માણતાં માણતાં સફર કરો તો એ ચિરસ્મરણીય સફર બની રહે છે.

રજાઓની ખરી મજા તો ત્યારે આવે જ્યારે બહારના મનપસંદ સ્થળો પર ફરવા જવાનું હોય. બહાર જવાનું મન તો ક્યારેય પણ થઈ શકે છે. આઝાદ પંખી જેવું મન જ્યારે ફરવા ઈચ્છે, ત્યારે રિઝર્વેશનની ઝંઝટ, પેકિંગની પરેશાની અને ન જાણે કંઈ કેટલીય પરેશાનીઓ સામે આવીને ઊભી રહે છે.

આ પરેશાનીઓને નિવારવાનો એક ઉપાય છે. જો તમે તમારું ટુ વ્હીલર કે ફોર વ્હીલર લઈને ફરવા નીકળી પડો, તો બધી પરેશાનીઓ દૂર થશે ને આપ ઈચ્છો એ પ્રમાણે અને એટલો સમયે હરી-ફરી શકશો પરંતુ આપની ગાડી લઈને હાઈવે પર ફરવા નીકળતા પૂર્વે કેટલીક સાવધાનીઓ રાખવી જરૂરી છે.



### ઉંચે-નીચે રાસ્તે

● સ્થળ નક્કી કરી લો, જે સૌથી પહેલું કામ છે. મોટાભાગના લોકો સ્થળ નક્કી કરવામાં ખૂબ જ કન્ફ્યૂઝ થાય છે. જે સ્થળે જવાનું હોય, ત્યાંનું આપના શહેરથી અંતર, માર્ગનો નકશો અને સફરમાં લાગતા દિવસોનો હિસાબ લગાવો. કેટલીક વાર એક સાથે ૨-૩ જગ્યા પર ફરવાનો પ્રોગ્રામ પણ બને છે. એવે વખતે રાત્રિરોકાણ, કેટલા વાગ્યે જે-તે સ્થળે પહોંચશો એનો અંદાજ હોવો જરૂરી છે.

● આપ જે ગાડી લઈને જવાના છો એને કોઈ સારા મિકેનિક પાસે ચેક કરાવી લો. ગાડી કેટલા દિવસ ચાલવાની છે એ નક્કી કરી કલાકનો હિસાબ ગણી શકાય. રોકાણની પણ ગણતરી કરી લેવી.

● જો આપને હાઈવે પરનો કે બહુ કલાકોના ડ્રાઈવિંગનો અનુભવ ન હોય, તો બહેતર એ રહેશે કે કોઈ ડ્રાઈવરને સાથે લઈ લો.

● રસ્તામાં બોર થતાં બચવા માટે કેટલીક બોર્ડ ગેમ્સ, મનપસંદ ગીતોની સીડી, પેન ડ્રાઈવ અવશ્ય સાથે લઈ લો.

● ગાડીના જરૂરી કાગળ અને જે વ્યક્તિઓ ગાડી ચલાવવાની હોય એના લાયસન્સ અને દરેકની બે-બે ઝેરોક્ષ નકલ અવશ્ય સાથે રાખો.

● આખી ગાડીની વ્યવસ્થિત સર્વિસ કરાવો અને નીકળતાં પહેલાં ઈંધણની માત્રા પણ ચેક કરી લો.

● સમયાંતરે રસ્તામાં વિરામ લો, જેથી આપને અને ગાડીને પર્યાપ્ત આરામ મળી શકે. ચા-નાસ્તા માટે રસ્તામાં રોકાણ કરવાથી કંઈ એટલું બધું મોડું થવાનું નથી એ ધ્યાનમાં રાખો.

● જ્યાં રોકાવ, ત્યાં જો સુવિધા હોય તો કારની અંદર બહાર એમ બંને બાજુથી સફાઈ કરાવો. જો કાર સ્વચ્છ હશે તો આપને સફર કરવાની પણ ખૂબ મજા આવશે.

● પર્યાપ્ત માત્રામાં પાણી સાથે રાખો, ગરમીમાં લીંબુ અને જીરુ, મરી પાઉડર, ખાંડ વગેરે અવશ્ય સાથે રાખો. જેથી લીંબુ પાણી બનાવીને પી લેવાય.

● સંતરા કે ખાટી-મીઠી ચૂસવાવાળી ગોળીઓ સાથે રાખો. જ્યારે પણ જીભ-મોં સૂકાતાં લાગે કે તરત જ એને મોમાં મૂકી દો.

● શક્ય હોય ત્યાં સુધી બે વારથી વધુ વખત ચા-કોફી ન પીઓ.

● એક જ વારમાં ભારે ભોજન લેવાને બદલે સફર દરમિયાન બે-ત્રણવાર હળવું જ ખાવ.

● ડ્રાઈવરની બાજુવાળી સીટ પર બેસીને કદાપી ઉંઘ ન લો. કોશિષ એ રાખો કે કોઈ એક વ્યક્તિ વચ્ચે વચ્ચે ડ્રાઈવર સાથે વાતચીત કરતો રહે.



● એક અભ્યાસ મુજબ કાર ચલાવતી વખતે ગીત ગણગણવાથી મન-મગજ ચેતનાવસ્થામાં રહે છે. એટલા માટે કારમાં સંગીત વાગવા દો, જેથી ગાડી ડ્રાઈવ કરનાર તેને ગણગણતો રહે.

● દર ત્રણ કલાકે ૧૫ મિનિટ માટે ગાડીમાંથી બહાર નીકળી આંટો મારી લો.

● બપોરના ભોજન પછી એક ઝપકી લઈ લો.

● અભ્યાસ જણાવે છે કે ભોજન પછી લીધેલી ઝપકી આગામી ૪-૫ કલાક તરોતાજા રાખે છે.

● કોઈ દિવસ રસ્તામાં બહુ જ થાક લાગે તો જે તે સ્થળે પહોંચવાની ઉતાવળ છોડીને નજીકમાં હોટલમાં રૂમ લઈને નિરાંતે આરામ કરી લો.

● ઘરેથી બનાવેલો નાસ્તો અવશ્ય સાથે રાખો.

### બ્રેક કે બાદ

● ટ્રેન કે બસમાં આપને આપની મરજી મુજબ ક્યાંય પણ રોકાણની આઝાદી મળતી નથી. પણ, આપની ગાડીમાં એમ નથી હોતું. જ્યાં સુંદરતા-નૈસર્ગિકતા કે ખાણી-પીણી જુઓ ત્યાં રોકાઈ જાવ.

● રાતના સમયે કોઈ ઢાબા પર રોકાવ. આખી રાત દરમિયાન ત્યાં કોઈકને કોઈક પરિવાર કે કોઈ મુસાફરો જરૂર હાજર હશે જ.

**સફરનામા**

■ સોહમ્

● જો કોઈ નિર્ધારિત પાર્કિંગ હોય તો ગાડી ત્યાં જ પાર્ક કરો. સડકની તદ્દન નજીકમાં ગાડી પાર્ક ન કરો. જો અંધારું હોય તો ઈન્ડિકેટર અને ડીપર ચાલુ રાખો.

● બારીના ગ્લાસ બંધ કરીને લોક કરીને જ જાવ.

### બચ્ચા પાર્ટી... ઝિંદાબાદ

● બાળકો સાથે કોઈપણ પ્રકારની સફર કરવી આસાન નથી હોતી. એમના માટે વધુ પડતી સાવધાની અને સુવિધાનો ખ્યાલ રાખો.

● ગાડીમાં બાળકોને હંમેશાં પાછળ બેસાડો અચાનક બ્રેક લાગવા પર બાળકોનું સંતુલન જલ્દી બગડે છે. વળી, એ લોકો ચાલુ ગાડીમાં ઉંઘતા હોય છે, જેથી તેમને કંઈપણ વાગી શકે છે.

● બાળકો માટે લ્યુડો, સાપ-સીડી, ફૂલ-રેકેટ કે અન્ય રમતના સાધનો અવશ્ય સાથે લો, જેથી તેઓ બોર ન થાય.

### કઠિન માર્ગ પર...

જ્યારે દૂર સફરે નીકળો છો, તો રસ્તાની મોસમ પણ બદલાય છે. ક્યાંક કાદવ તો ક્યાંક કિચડ તો ક્યાંક પાણી મળી શકે છે. ક્યાંક પહાડ પર ગાડી ચઢાવવી પડે તો ક્યાંક રેતીમાં પૈડાં ફસાઈ પણ જાય. આ બધી મુશ્કેલીઓના સામના માટે ગાડી અને મગજ બંનેને તૈયાર કરી લો.

**કીચડઃ** બહુ ઝડપથી એક્સીલેટર પર પગ રાખવાને બદલે ધીરે ધીરે એને દબાવો અને ખૂબ ઝડપથી અહીં તહીં રસ્તાની શોધ કરતાં બચો.

**પાણીઃ** બહુ ઊંડા પાણીમાંથી ગાડી કાઢવાનો પ્રયાસ ન કરો. એન્જીનમાં પાણી જવાથી ગાડી બંધ થઈ શકે છે.

**પહાડઃ** પહાડી વિસ્તાર પર જાતે ગાડી લઈ જવાનું જોખમ ન ઉઠાવો. જો કોઈ ઊંચું ચઢાણ આવે તો વચ્ચે ગાડીની રેસ ઘટાડો નહીં.

**રેતીઃ** રેતીમાં હળવાશથી એક્સીલેટર દબાવો અને ગાડી ગિયરમાં નાંખો. કેટલીક ગાડીઓમાં રેતીમાંથી નીકળવા માટે દરેક પૈડાંમાં અલગ સ્પિનિંગ સિસ્ટમ હોય છે. જો એવી સુવિધા હોય તો એનો ઉપયોગ કરો.

### જરૂરી સાવધાની

● હંમેશાં સીટ બેલ્ટ બાંધીને જ ગાડી ચલાવો.

● ગાડી ક્યાંય ફસાઈ જાય તો ધ્યાન રાખો કે ચારેય પૈડાં યોગ્ય રીતે ફરી રહ્યાં છે કે નહીં. ગાડી નિયંત્રણ માટે એ જરૂરી છે.

● સ્ટિયરિંગ વ્હિલને મજબૂતીથી પકડી રાખો, જેથી જો અચાનક કોઈ ઝાટકો આવી જાય તો સંતુલન ગુમાવાય નહીં.

● કાચા રસ્તા કે ઉબડખાબડ રસ્તા પર અને આવા રસ્તા પરથી પાકી સડક પર શાંતિથી જાવ.

● સાચી દિશા પરથી ઓવરટેક કરો.

● રાતના સમયે ડીપરનો ઉપયોગ કરો.

● અભ્યાસ જણાવે છે કે ગાડી ચલાવતી વખતે ડ્રાઈવરને જો માત્ર પાંચ સેકન્ડ માટે પણ ઝપકી આવી જાય તો આગળ અથડાવાની શક્યતા વધે છે. વારંવાર કોઈ વિચારોમાં ખોવાવાની, બેસવામાં બેચેની હોય, દૂરનું જોવામાં તકલીફ હોય, પાંપણો ભારે લાગતી હોય, વારંવાર બગાસાં કે આળસ આવતી હોય, ટ્રાફિક સિગ્નલ પર ધ્યાન ન જાય તો એવે વખતે ગાડી રોકીને થોડો આરામ કરી લો.



# વરસાદની સીઝનમાં ફરવા જાવ તો આ વસ્તુઓ અચૂક સાથે રાખો



વરસાદની ઋતુ કોને ન ગમે? ઝરમર વરસાદમાં ઘણા લોકોને લાંબા પ્રવાસ પર નીકળવાનું મન થઈ જાય છે. જો તમે પણ વરસાદની સીઝનમાં ફરવા જવાનું વિચારી રહ્યા હોવ તો તમારી બેગમાં પેકિંગ સમયે શું સાથે રાખવું તેના વિશે જરૂરથી વિચાર કરી લેજો. વરસાદની સીઝનમાં ટ્રાવેલિંગ દરમિયાન કેટલીક મહત્ત્વની વસ્તુઓ સાથે રાખવી ખુબ જ જરૂરી છે.

**ટ્રાવેલ ટિપ્સ**

જો તમે ચોમાસાની ઋતુનો સંપૂર્ણ આનંદ માણવાનું મન બનાવી લીધું હોય, તો પછી શા માટે વિલંબ કરો છો? સામાન પેક કરો અને તમારા મિત્રો અને પરિવાર સાથે લાંબા પ્રવાસ પર નીકળી પડો. આ ઉપરાંત ધ્યાનમાં રાખો કે પેકિંગ કરતી વખતે તમે એવું કંઈપણ ભૂલી ન જાવ- જેના કારણે તમારી પ્રવાસની મજા બગડી જાય.

વરસાદની ઋતુમાં પ્રવાસ પર નીકળતા પહેલા તમારી બેગમાં યોગ્ય વસ્તુઓ અને સાધનો રાખવા ખૂબ જ મહત્વપૂર્ણ છે, જેથી તમારો સેલ ફોન અને પાકીટ ભીના ન થાય. ઝિપલોક બેગ, છત્રી, મચ્છર ભગાડનાર સ્પ્રે અને વોટરપ્રૂફ બેકપેક અવશ્ય તમારી સાથે રાખો.

વરસાદની ઋતુમાં મુસાફરી કરતી વખતે કઈ જરૂરી વસ્તુઓ રાખવી તે વિશે જાણવું ખુબ જ જરૂરી છે. વરસાદની ઋતુમાં તમારી સાથે છત્રી અથવા રેઈનકોટ રાખવા જરૂરી છે. તમારે વોટરપ્રૂફ બેગ પણ પેક સાથે રાખવી જોઈએ. હંમેશા તમારી સાથે ઝિપલોક બેગ રાખો. તે પાકીટ અને સ્માર્ટફોન, કેમેરા અને લેન્સ વગેરે જેવી અન્ય કિંમતી વસ્તુઓ રાખવા માટે ઉપયોગી સાબિત થાય છે અને તેને ભીના થતાં બચાવે છે.



**વરસાદની ઋતુમાં મુસાફરી કરતી વખતે કઈ જરૂરી વસ્તુઓ રાખવી તે વિશે જાણી લેવું. વરસાદની ઋતુમાં તમારી સાથે છત્રી અથવા રેઈનકોટ રાખવા જરૂરી છે. તમારે વોટરપ્રૂફ બેગ પણ પેક સાથે રાખવી જોઈએ. હંમેશા તમારી સાથે ઝિપલોક બેગ રાખો. તે પાકીટ અને સ્માર્ટફોન, કેમેરા અને લેન્સ વગેરે જેવી અન્ય કિંમતી વસ્તુઓ રાખવા માટે ઉપયોગી સાબિત થાય છે અને તેને ભીના થતાં બચાવે છે**

ગુજરાત ગાર્ડિયન

# વડોદરા પાસે બ્રિજ તુટી પડતાં ગોઝારો અકસ્માત, જવાબદારોને દાખલારૂપ સજા કરો

મોરબીના ઝુલતા પૂલ બાદ હવે વડોદરા નજીક મહીસાગર નદી પરનો ગંભીરા પુલના બે ટુકડા થઈ ગયા હતા. તેનો મધ્ય ભાગ નદીમાં જઈને ખાબક્યો હતો, એ સમયે ત્યાંથી પસાર થતી બે ટ્રક અને એક બોલેરો મળીને કુલ પાંચ વાહનો ઊંચાઈએથી નદીમાં પડ્યા હતા. આ કરૂણાંતિકામાં 10 ના મોત થયા છે. વડાપ્રધાન મોદીએ સંવેદના પાઠવવા સાથે મૃતકોના પરિવારજનોને 2 લાખના વળતરની જાહેરાત કરવાની તથા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કરૂણાંતિકાની તપાસ કરવાની ઔપચારિકતા પુરી કરી છે. 35 વર્ષ જુનો એ પુલ જર્જરિત હતો એવો વિપક્ષનો આક્ષેપ છે, ત્યારે સરકાર અત્યાર સુધી કોઈ દુર્ઘટનાની રાહ જોતી હતી ? ખરેખર સરકાર જવાબદારી નક્કી કરી દાખલારૂપ સજા કરશે તો જ હોનારત ટાળી શકાશે.

બુધવારની સવાર એક ગોઝારા અકસ્માતના સમાચાર સાથે ઉગી હતી. વડોદરા જિલ્લામાં સવારે 7.30 કલાકે ચાર દાયકા જૂના પુલનો એક ભાગ તૂટી પડ્યો હતો. આ 900 મીટર લાંબો ગંભીરા પુલ વડોદરા અને આણંદ જિલ્લાને જોડે છે. ફિલ્મમાં ગુનો થાય એ પછી પોલીસ આવે એમ પૂલ તુટી પડ્યાના હેવાલ સાથે જ વહીવટી તંત્ર સફાળું જાગીને ઘટનાસ્થળે પહોંચીને રાહત તથા બચાવ કામગીરી કરવા માંડ્યું હતું. સ્થાનિક તરવૈયાઓ, બોટ અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર, NDRF ટીમો અને અન્ય વહીવટી અને પોલીસ ટીમોએ બચાવ કામગીરી શરૂ કરી હતી. 1985 માં બનેલા આ પુલનું સમારકામ તથા જાળવણીનું કામ સમયાંતરે કરવામાં આવ્યું હોવાની જાહેરાત વહીવટી તંત્રે કરી તો દીધી જ છે, તો સાવ અચાનક જ આ પુલ કેમ તુટી પડ્યો એ સવાલ થાય. શું નિષ્ણાંતોને આ પુલ ગમે ત્યારે કકડભુસ થઈ શકે એવી શંકા પણ જાગી નહીં હોય તો એ તપાસ કેવી થઈ હશે એ અંગે પણ સવાલ પેદા થાય એમ છે. જો કે આ દુર્ઘટના બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તો તત્કાળ ટેકનિકલ નિષ્ણાતોની ટીમને ઘટનાસ્થળે મોકલવા અને પુલ તૂટી પડવાના કારણોની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. મતલબ કે હવે પુલ તુટી પડવાના કારણો શોધવા માટે ધમાધમ થશે. વાસ્તવમાં દર છ મહિને બધા જ પુલોના મજબૂતીકરણની તપાસ નિષ્ણાંતો દ્વારા થવી જોઈએ. હવે કારણોની જાણકારી મેળવીને શું કરવું ? દસના મોત થયા તેમને તો એ પુલ પરથી પસાર થતી વેળા સરકાર પર ભરોસો હતો કે કંઈ નહીં થાય, એ ભરોસો હવે તુટી રહ્યો છે. ખરેખર તો ઘોડા નાસી જાય એ પછી તબેલાને તાળું મારવા જેવો ખેલ છે. પુલ તુટી ગયા પછી તેના કારણો જે કોઈ હોય તે જાણીને ભલે ભવિષ્યમાં એવી ભુલ ન થાય એ તકેદારી રાખવામાં આવે, પરંતુ અત્યારે આ દુર્ઘટના માટે જવાબદાર કોણ છે, એ પહેલાં શોધવાની જરૂર છે. એ તપાસ બાદ કસુરવારને સજા કરવાનું ખરેખર મહત્વનું છે. આ પ્રકારની કરૂણાંતિકામાં દાખલારૂપ સજા સરકાર જ્યાં સુધી નહીં કરે ત્યાં સુધી આ પ્રકારના અકસ્માત થતા જ રહેશે. સરકાર મૃતકોના વારસદારોને વળતર તથા ઘાયલોને સહાય કરવા માત્રમાં જ પોતાની જવાબદારી સમજે છે. પ્રજા પર આ પ્રકારની ઘટનાની લાંબી અસર હોતી નથી. તેઓ ભુલી જાય અને ફરીથી વહીવટી તંત્ર તથા રાજકારણીઓ મગરના આંસુ વહાવીને પાછા હતા તેવા જ થઈ જતા હોય છે. નિષ્ણાંતોની સમિતિ બનાવીને કારણ જાણવાની સાથે સાથે એ પુલ કેમ તુટી ગયો તેની પણ તપાસ થવી જોઈએ. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ટ્વીટ કરીને કરૂણાંતિકાની જાણ કરી સંવેદના દેખાડી છે. પરંતુ એ ટ્વીટ નીચે લોકોની પ્રતિક્રિયા પણ વાંચવા જેવી છે. સરકારને ક્યાં કાચું કપાઈ રહ્યું છે, તે લોકો જ જણાવી રહ્યા છે. મોટા ભાગના રિએક્શનોમાં આ પ્રકારની હોનારત માટે ભ્રષ્ટાચાર એક મહત્વનું કારણ ગણાલાય એ વાત કોઈ અવગણી શકે નહીં. ભ્રષ્ટાચારને કારણે બાંધકામની ગુણવત્તાનો પહેલો ભોગ લેવાઈ જાય છે, તે મુદ્દો કોઈ જ નકારી શકે એમ નથી.

આ દુર્ઘટના બાદ ગુજરાત કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા અમિત ચાવડાએ આક્ષેપ કર્યો હતો કે વિપક્ષે સરકારને વારંવાર માંગ કરી હતી અને લોકોએ તેમને પત્રો પણ લખ્યા હતા કે પુલની સ્થિતિ સારી નથી અને તેનું સમારકામ કરવામાં આવે. પરંતુ સરકારે કોઈ ધ્યાન આપ્યું નહીં. આ જ કારણ છે કે આ અકસ્માત થયો. સરકારની બેદરકારીને કારણે આજે આ પુલ તૂટી પડ્યો અને લોકોના મોત થયા. કોંગ્રેસે સરકાર સમક્ષ ગુજરાતમાં આવી ઘટનાઓ વારંવાર બનતી રહે, તેથી રાજ્યના તમામ પુલોનું ઓડિટ કરાવવા માંગણી કરી છે. એ ઉપરાંત એ પુલોના ફિટનેસ પ્રમાણપત્રો મેળવી પ્રજા સમક્ષ જાહેર કરવા જોઈએ.

હવે સરકાર ફક્ત તપાસ કરીને મૃતકોને વળતર આપીને આખી ઘટના ઉપર પાણી ફેરવી દેશે. પરંતુ જો ખરેખર આ પ્રકારની માનવીય હોનારતો ટાળવી હોય તો ગૃહમંત્રી હર્ષ સંઘવીના તકિયાકલામ કોઈ પણ ચમરબંધીને છોડવામાં નહીં આવે, એમ ફક્ત બોલાવા પૂરતું નહીં, પણ દાખલારૂપ સજા થઈ શકે એ રીતે કસુરવારોને સરકાર સજા કરાવી શકશે તો જ દુર્ઘટના રોકી શકાશે. વળી ભુપેન્દ્ર પટેલ તો પોતે જ ઈજનેર છે, તેથી મોઘમમાં ઘણું જાણતા જ હશે, ત્યારે જરૂર છે ફક્ત એક્સન લેવાની, વાત જ કરતા રહેવાથી દુર્ઘટના રોકી શકાય એમ નથી.

મહત્તમ: ૨૯.૧ લઘુતમ: ૨૭.૮
હવામાં ભેજનું પ્રમાણ: ૭૯% પવનની ગતિ: ૧૭ કિ.મી.

## ઈતિહાસના પાને

### શાનદાર ક્રિકેટર સુનિલ ગાવસ્કરનો જન્મદિન



10 જુલાઈ 1949ના રોજ મુંબઈ ખાતે જન્મેલા સુનિલ ગાવસ્કરને ભારતનો સૌથી પહેલો પ્રોફેશનલ ક્રિકેટર કહી શકાય. કારણ કે આજના ભારતીય ક્રિકેટરો ભલે જાહેરાતો કે કોમેન્ટ્રી દ્વારા અઢળક રૂપિયા કમાતા હોય, પરંતુ તેમને આ રસ્તો દેખાડનાર વ્યક્તિ હતો સુનિલ ગાવસ્કર. ટેસ્ટ ક્રિકેટમાં પહેલીવાર 10000 રનના જાદુઈ આંકડાને સ્પર્શનાર સુનિલ દરેક પ્રકારના શોટ્સમાં મહારથ ધરાવતો હતો. સંજોગો અનુસાર રમત દાખવવામાં કૌશલ્ય ધરાવતા સુનિલે ટેસ્ટ મેચોમાં સૌથી વધુ 34 સદીનો વિશ્વરેકોર્ડ કર્યો હતો. બેટિંગની જેમ જ કેપ્ટનશીપ દરમિયાન ટેસ્ટમેચોમાં પણ સંરક્ષણના સિદ્ધાંતને વળગી રહેનાર ગાવસ્કરના નેતૃત્વ હેઠળ ભારતે હાર તરફ ઢળી રહેલી ઘણી મેચોને ડ્રોમાં ખેંચી હતી. ઘણીવાર તેની વિકેટ પ્રતિસ્પર્ધી ટીમના વિજય કે પરાજયનું કારણ બનતી હતી. કારકિર્દીની શરૂઆતના દિવસોમાં કેટલીક વખત ભારત તરફથી સ્ટ્રાઈક બોલરની ભૂમિકા નિભાવતા ઓપનીંગ સ્પેલ પણ નાંખ્યા હતા. સ્લિપના ચુનંદા ફિલ્ડર તરીકે પણ ખ્યાતિ મેળવનાર સુનિલ ગાવસ્કરના નેતૃત્વ હેઠળ ભારતે 1985માં ઓસ્ટ્રેલિયા ખાતે વર્લ્ડ ક્રિકેટ ચેમ્પિયનશીપ જીતી હતી. મુંબઈ, સમરસેટ અને ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરનાર સુનિલને 1980માં વિઝડન ક્રિકેટર ઓફ ધ યર જાહેર કરવામાં આવ્યો હતો.

## આજનું પંચાંગ

જ્યોતિષાચાર્ય બંકિમ ત્રિવેદી/ દર્શિત ત્રિવેદી

email: bankim.trivedi55@gmail.com Mobile: 9157195666, 9998770044

**તા. ૧૦-૦૭-૨૦૨૫**

**સૂર્યોદયકાલીન કુંડળી-આજના ગોચર ગ્રહો**




**વારઃ** ગુરુવાર
**વિક્રમ સંવતઃ** ૨૦૮૧
**મહાવીર**
**જૈન સંવતઃ** ૨૫૫૧
**શાલીવાહન શક**
**સંવતઃ** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવતઃ** ૨૦૨૫
**માસઃ** અષાઢ
**પક્ષઃ** સુદ
**તિથિઃ** પૂનમ/એકમ
**પારસી તાઃ** ૩૦ **મુસ્લિમ તાઃ** ૧૪
**નક્ષત્રઃ** પૂર્વાષાઢા/ઉત્તરાષાઢા **યોગઃ** ઐન્દ્ર **કરણઃ** વિષ્ટિ
**દિશાશૂલઃ** દક્ષિણ (આ દિશામાં યાત્રા કરવાથી મૂંઝવણ રહે)
**રાહુકાળઃ** ૧૩.૩૦થી ૧૫.૦૦ (રાહુકાળમાં કોઈપણ શુભ કાર્ય આરંભવું નહીં)
**ચંદ્ર રાશિઃ** આજે જન્મેલા બાળકોની રાશિ **ધન** છે. જેથી જન્મેલા બાળકોના નામ **ભ,ધ,ફ,ઢ** અક્ષર પર રાખી શકાય.

**ગ્રહોનું રાશિભ્રમણ આ પ્રમાણે છે**

**સૂર્યઃ** મિથુન **ચંદ્રઃ** ધન **મંગળઃ** સિંહ **બુધઃ** કર્ક **ગુરુઃ** મિથુન **શુક્રઃ** વૃષભ **શનિઃ** મીન **રાહુઃ** કુંભ **કેતુઃ** સિંહ **હર્ષલઃ** વૃષભ **નેપ્ચ્યુનઃ** મીન **પ્લુટોઃ** મકર
**દિવસનાં ચોઘડીયાંઃ** (૧) શુભ (૨) રોગ (૩) ઉદ્વેગ (૪) ચલ (૫) લાભ (૬) અમૃત (૭) કાળ (૮) શુભ **રાત્રીનાં ચોઘડીયાંઃ** (૧) અમૃત (૨) ચલ (૩) રોગ (૪) કાળ (૫) લાભ (૬) ઉદ્વેગ (૭) શુભ (૮) અમૃત
**વિશેષઃ** વ્રતની પૂનમ, ગુરૂપૂર્ણિમા, વ્યાસપૂજા, સૌરાષ્ટ્રમાં મોળાકાતનું જાગરણ.

| શહેર | સૂર્યોદય | નવકારશી | સૂર્યાસ્ત |
|---|---|---|---|
| સુરત | ૦૬.૦૫ | ૦૬.૫૩ | ૧૯.૨૩ |
| અમદાવાદ | ૦૬.૦૩ | ૦૬.૫૧ | ૧૯.૨૭ |
| મુંબઈ | ૦૬.૦૯ | ૦૬.૫૭ | ૧૯.૧૮ |

## આજની રાશિ

તમામ ગણત્રી લગ્નના પરિપેક્ષ્યમાં કરવામાં આવી છે — બંકિમ ત્રિવેદી

| | |
|---|---|
| મેષ (અલઇ) | દિવસ દરમ્યાન ભાગ્યનો સાથ મળતાં તમામ ક્ષેત્રે સફળતા મળતી જણાય. અવાક જળવાય. કાર્યક્ષેત્રે સફલતા. હયાત તથા નવા રોકાણો ફાયદાકારક નીવડે. ધાર્મિક યાત્રા પ્રવાસના યોગ બને છે. ચામડીના તથા જ્ઞાનતંતુના રોગોથી સાચવવું. |
| વૃષભ (બવઉ) | દિવસ દરમ્યાન ખોટું લાગે એવા પ્રસંગો બને. નાણાંકીય બાબતો અંગે સામાન્ય દિવસ છે. કાર્યક્ષેત્રે સંઘર્ષનું પ્રમાણ વધારે રહે. જીવનસાથી સાથે પ્રેમ જળવાય. પરિવારના સભ્યોએ પડવા વાગવાથી સાચવવું. |
| મિથુન (કછઘ) | સ્વભાવમાં ઉગ્રતા વર્તાય. આવક જાવકનું પાસુ સરભર થતું જણાય. નાણાંકીય રોકાણોનું આયોજન યોગ્ય રીતે કરી શકાય. સંતાન સંબંધી ચિંતા બળવી થતી જણાય. જીવનસાથી સાથે સ્નેહના પુષ્પ ખીલવી શકશો. ધંધાકીય ક્ષેત્રે લાભ. આરોગ્ય સારૂં રહેશે. |
| કર્ક (ડહ) | આર્થિક પાસુ મજબૂત બનતું જણાય. કુટુંબના સભ્યો સાથે મનમેળ જળવાશે. મિત્રોના સહકારથી આર્થિક લાભ મળતો જણાય. અગત્યના કાર્યો પૂર્ણ થતા જણાય. સ્વાસ્થ્ય સારૂં રહેશે. આકસ્મિક ધનલાભ ના યોગ બને છે. |
| સિંહ (મટ) | સંતાન સંબંધી પ્રશ્નો ઉકેલાતા જણાય. આધ્યાત્મિકતા માં વધારો થાય. કાર્યક્ષેત્રે સફળતાનો અનુભવ થાય. શરદી ખાંસીનો ઉપદ્રવ રહે. મગજમાં ઇજા થાય તો સાવધાની જરૂરી. સફેદ વસ્તુ, કાપડાના ધંધામાં વિશેષ લાભ. |
| કન્યા (પઠણ) | નવી નોકરી કે ધંધાની શરૂઆત થતી જણાય. વાક્ચાતુર્થ દ્વારા સફળતા પ્રાપ્ત થાય. જીવનસાથી સાથે મતભેદ ટાળવા. દિવસ દરમ્યાન ટુકટે ટુકટે આવક મળતી રહે. વિશ્વાસઘાતનો ભોગ ન બનાય એનુ ધ્યાન રાખવું. |
| તુલા (રત) | નસીબનો સાથ મળતાં ઓછી મહેનતે વધુ આવક મેળવવી શકય બને. પરિવારના સભ્યોની પ્રગતિ થી મન આનંદમાં રહે. કાર્યક્ષેત્રે સફળતા મળતી અનુભવાય. તંદુરસ્તી જળવાશે. મિત્રો નો સાથ મળતો જણાતો નથી. |
| વૃશ્ચિક (નય) | આવકમાં વધારો થતો જણાય. આકસ્મિક ધનલાભના યોગ છે. પરિવારમાં સુખ શાંતિ બરકરાર રહેશે. સંતાન સાથે વાદ વિવાદ ટાળવો. દામ્પત્ય સુખમાં આનંદની અનુભુતિ થતી જણાય છે. |
| ધન (ભધઢફ) | માનસિક શાંતિ આનંદમાં વધારો થાય. ડોકટર, બેંક ધર્મ કે જ્યોતિષ ને લગતા ધંધામાં વિશેષ લાભ મળવી શકાય. ગુપ્તાંગ સંબંધી વ્યાધી થી સાવચેતી જરૂરી. સ્થાવર જંગમ મિલકત થી લાભ. |
| મકર (ખજ) | દિવસ દરમ્યાન થોડી ઉદાસીનતા વર્તા?. વાયુ નો ઉપદ્રવ વધતો જણાય. સાંધાનો દુઃખાવાથી પરેશાની રહે. અગત્યના રોકાણો મુલતવી રાખવા. છતાં લક્ષ્મીની વખતસર હેરફેર થતાં, આવશ્યક કાર્યો પૂરા કરી શકાય. |
| કુંભ (ગશષસ) | નાણાંકીય પાસુ મજબૂત બને. શેર બજાર ટ્રાવેલીંગ, સ્ત્રી શણગાર ક્ષેત્રે લાભ મેળવવો શકય બને. સંતાનની ચિંતા સતાવે. આરોગ્ય જળવાય. ભાગ્ય સારૂં છે. નાના એક. બે દિવસના પ્રવાસનો યોગ બને છે. |
| મીન (દચઝથ) | મનોબળ, મજબૂત બને. પોતાનું જ ધાર્યું કરવાની ઇરછા પ્રબળ બને. આવક વધતી જણાય. માતૃપક્ષ તરફથી સારા સમાચાર મળેય યશ-પ્રતિષ્ટામાં વધારો થતો જણાય. હાડકા અને આંખની કાળજી જરૂરી છે. |

## આજનું ઔષધ -ડો. હરીશ ઠક્કર

drtruptiharishthakkar.blogspot.com

### કેળા ખાવાથી શરદી થાય?

ઘણાં મિત્રો કેળાથી એટલા માટે દૂર ભાગે છે કે કેળા ખાવાથી તેમને શરદી થઈ જાય છે. શ્રાવણ મહિનામાં કેળા ભરેલી લારીઓ ઠેર-ઠેર દેખાય છે અને વ્રત ઉપવાસમાં કેળાનો છૂટથી ઉપયોગ થાય છે. મેડિકલ સાયન્સ શરદીને વાઇરસના ચેપથી કે એલર્જીથી થતી માને છે. એટલે જે લોકોને કેળા ખાવાથી શરદી થતી હોય તેમને પાચનશક્તિ સુધારવાની જરૂર છે. કારણ કે કેળા પચવામાં ભારે છે. તેથી જ લોકો વ્યાયામ કરે છે અને જેને કકડીને ભૂખ લાગે છે તે લોકો માટે કેળા સારું ફળ છે, પણ જેને કેળા પચે નહીં તેને ન કેવળ શરદી જ, પરંતુ અજીર્ણ, એસિડિટી, પેટ ભારે લાગવું વગેરે તકલીફ પણ થઈ શકે. ખરેખર તો પાકા કેળા બળ, માંસ અને વીર્યની વૃદ્ધિ કરનારા છે, પરંતુ તે ગુણમાં ઠંડા અને પચવામાં ભારે હોવાથી જમવાની સાથે અડધું કે એક કેળું ખાવામાં બાધ નથી, પરંતુ જમ્યા પછી બે-ત્રણ કેળા ખાવા બરાબર નથી. તેવું જ વજન વધવાનાં સંદર્ભે છે. કેળામાં ચરબી તો બિલકુલ નથી, પછી એ ક્યાંથી વજન વધારે, પણ વધુ પડતું કંઈ પણ ખાઈએ તો પણ વજન વધે જ.

# પુલવામામાં ઘટસ્ફોટ : દેશમાં વિસ્ફોટક કેટલા આસાનીથી મળે!

**પાયરો પાવડર કાર્બન સાથે મિશ્રિત થાય છે અને ફટાકડાના ઉત્પાદનમાં વપરાય છે. કદાચ, એ કારણે આતંકવાદીઓ સરળતાથી એ સામગ્રી મંગાવી શક્યા હશે, પરંતુ ભારતમાં સુરક્ષા તંત્રો અને જાસૂસી તંત્રની નજર બારીક રહી નથી, એવી શંકા જાય! ઓનલાઇન આ રીતે ઓર્ડર થયો અને કોઈને શંકા ન ગઈ!**

**સમયસર**
**અશોક પટેલ**

2019 માં પુલવામામાં આતંકવાદી હુમલો થયો હતો. હવે છ-સાત વર્ષે ઘરઆંગણે તપાસ ક્યાં પહોંચી એના કોઈ હેવાલ નથી, પરંતુ વૈશ્વિકસ્તરે આતંકવાદી ભંડોળ ક્યાંથી કોને પહોંચે છે, એના ઉપર નજર રાખતી ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સે તેના રિપોર્ટમાં પુલવામા આતંકવાદી હુમલા અંગે જે રહસ્યો ખુલ્લા કર્યા છે, તે ચોંકાવનારા છે. પહેલું આશ્ચર્ય તો એ થાય કે આપણા દેશમાં વિસ્ફોટક કે વિસ્ફોટક બનાવવા માટેની સામગ્રી કેટલી સરળતાથી ઍમેઝોન પર મળી જાય છે! જાણે બોડી બામણીનું ખેતર હોય એમ ન કોઈ તપાસ કે ન કોઈ પગલાંની ચિંતા, બસ જાણે કપડાં કે પુસ્તક મંગાવતા હોઈએ એમ ઍમેઝોન પર ઓર્ડર કરો એટલે સામગ્રી મળી જાય અને પછી એ સામગ્રીથી ધારો ત્યાં ધડાકા કરી શકો!

પુલવામામાં આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. એ માટેની સામગ્રી ઍમેઝોન પરથી મંગાવી શકાય એટલે આપણું તંત્ર કેટલું લાપરવાહ છે, એનો અંદાજ આવે છે ખરો? ઓફકોર્સ, ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સે તેના રિપોર્ટમાં પાકિસ્તાન સામે આંગળી ચીંધી છે. 2019ના પુલવામા આતંકવાદી હુમલામાં પાકિસ્તાનના આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ દ્વારા ઉપયોગમાં લેવાયેલા વિસ્ફોટકો ઈ-કોમર્સ વેબસાઈટ ઍમેઝોન પરથી ખરીદવામાં આવ્યા હતા. FATFના રિપોર્ટ મુજબ 2022માં યુપીના ગોરખપુરમાં ગોરખનાથ મંદિર પર થયેલા હુમલા માટે આતંકવાદીને ઓનલાઈન મની ટ્રાન્સફર પ્લેટફોર્મ PayPal દ્વારા પૈસા આપવામાં આવ્યા હતા. FATFએ ચેતવણી આપી છે કે જો ઈ-કોમર્સ અને ડિજિટલ પેમેન્ટ સેવાઓ ખોટા હાથમાં જાય છે, તો તે આતંકવાદને પ્રોત્સાહન આપવાનું માધ્યમ બની શકે છે. આ ઉપરાંત, US Aid જેવી સંસ્થાઓ પર પણ પ્રશ્નો ઉભા થયા છે.

આતંકવાદીઓએ પુલવામામાં ધડાકા કરવા માટે ઉપયોગમાં લીધેલો એલ્યુમિનિયમ પાવડર ઍમેઝોન પરથી ખરીદ્યો હતો. FATFના 131 પાનાના રિપોર્ટ 'ટેરરિસ્ટ ફાઈનાન્સિંગ રિસ્ક પર વ્યાપક અપડેટ'માં જણાવાયું છે કે FATF અનુસાર, હુમલામાં વપરાયેલ એલ્યુમિનિયમ પાવડર ઍમેઝોન પરથી ખરીદવામાં આવ્યો હતો. આ પાવડરનો ઉપયોગ વિસ્ફોટની શક્તિ વધારવા માટે કરવામાં આવ્યો હતો. FATF એ જણાવ્યું હતું કે ઈ-કોમર્સનો ઉપયોગ ખોટી રીતે પૈસા મોકલવા માટે થઈ શકે છે. આતંકવાદીઓ માલ ખરીદી શકે છે અને ઍમેઝોન દ્વારા બીજી જગ્યાએ મોકલી શકે છે.



**FATFના 131 પાનાના રિપોર્ટ 'ટેરરિસ્ટ ફાઇનાન્સિંગ રિસ્ક પર વ્યાપક અપડેટ'માં જણાવાયું છે કે FATF અનુસાર, હુમલામાં વપરાયેલ એલ્યુમિનિયમ પાવડર ઍમેઝોન પરથી ખરીદવામાં આવ્યો હતો. આ પાવડરનો ઉપયોગ વિસ્ફોટની શક્તિ વધારવા માટે કરવામાં આવ્યો હતો**

એલ્યુમિનિયમ પાવડરનો ઉપયોગ ઘણીવાર ઈમ્પ્રુવાઈઝ્ડ વિસ્ફોટક ઉપકરણોમાં થાય છે. IED બનાવવાનો પ્રયાસ કરતા લોકો ઘણીવાર તેને કાયદેસર વ્યાપારી ઉત્પાદનોમાંથી મેળવે છે અથવા સરળતાથી ઉપલબ્ધ એલ્યુમિનિયમ શરૂઆતની સામગ્રીનો ઉપયોગ કરીને તેને જાતે બનાવે છે. એલ્યુમિનિયમ પાવડરનો ઉપયોગ પેઈન્ટ, રંગદ્રવ્યો, રક્ષણાત્મક કોટિંગ્સ, પ્રિન્ટિંગ શાહી, રોકેટ બળતણ, વિસ્ફોટકો, ઘર્ષક અને સિરામિક્સમાં, અકાર્બનિક અને કાર્બનિક એલ્યુમિનિયમ રસાયણોના ઉત્પાદનમાં અને ઉત્પ્રેરક તરીકે થાય છે. પાયરો પાવડર કાર્બન સાથે મિશ્રિત થાય છે અને ફટાકડાના ઉત્પાદનમાં વપરાય છે. કદાચ, એ કારણે આતંકવાદીઓ સરળતાથી એ સામગ્રી મંગાવી શક્યા હશે, પરંતુ ભારતમાં સુરક્ષા તંત્રો અને જાસૂસી તંત્રની નજર બારીક રહી નથી, એ વાત પણ બહાર આવે એમ છે. એ સામગ્રી ક્યાં મંગાવવામાં આવી અને કેટલી મંગાવવામાં આવી એ પણ મહત્ત્વના મુદ્દા છે. કોઈ ઉદ્યોગ કે બીજા ઉપયોગ માટે એ સામગ્રી કોઈ ઓનલાઈન મંગાવે એવી સંભાવના ઓછી હોય છે. ઉદ્યોગો તો એ સામગ્રી મોટા જથ્થામાં મંગાવતા હોય છે, તેથી તેઓ સીધા વેપારી સાથે સોદા કરતા હોય છે, તો ઘરેલુ ઉપયોગ માટે એ સામગ્રી સ્થાનિક બજારમાં આસાનીથી મળી રહે તેથી ઓનલાઈન ઓર્ડર કરવામાં આવે એવી સંભાવના ઓછી હોય છે. એમ છતાં કોઈક એ રીતે ઓર્ડર કરે ત્યારે વેચનારાથી માંડીને કોઈને પણ શંકા ન જાય ત્યારે દેશમાં આતંકવાદીઓ વિસ્ફોટ કરવામાં સફળ ન થાય તો નવાઈ પામવા જેવું છે.

આ રિપોર્ટમાં 2022ના ગોરખનાથ મંદિર પર થયેલા હુમલાનો પણ ઉલ્લેખ છે. હુમલાખોરે પે-પાલ દ્વારા 6.69 લાખ રૂપિયા (7,685 ડોલર) વિદેશમાં મોકલ્યા હતા. તેણે VPN અને અન્ય તકનીકોનો ઉપયોગ કરીને પોતાની ઓળખ છુપાવી હતી. તે ઈસ્લામિક સ્ટેટને મદદ કરવા માંગતો હતો. 3 એપ્રિલ, 2022ના રોજ, એક વ્યક્તિએ ગોરખનાથ મંદિરમાં સુરક્ષા કર્મચારીઓ પર હુમલો કર્યો. તે ઈસ્લામિક સ્ટેટથી ખૂબ પ્રેરિત હતો. તેને વિદેશમાંથી 10,323.35 રૂપિયા (188 ડોલર) પણ મળ્યા હતા. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આતંકવાદી સંગઠનો માનવતાવાદી સહાયનો દુરુપયોગ કરી રહ્યા છે. તેઓ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચતા માલની ચોરી કરે છે. FATF એ સરકારો અને NGO ને આવી પદ્ધતિઓ અપનાવવા કહ્યું છે જેથી માનવતાવાદી સહાય જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે અને આતંકવાદીઓ તેનો દુરુપયોગ ન કરી શકે. FATF એ કેટલાક જોખમી સંકેતો પણ દર્શાવ્યા છે. આમાં અસામાન્ય ચુકવણીઓ, વિચિત્ર મુસાફરી અને શંકાસ્પદ ઓનલાઈન પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. જો કોઈને આ સંકેતો દેખાય તો તેણે તાત્કાલિક અધિકારીઓને જાણ કરવી જોઈએ.

આ FATF રિપોર્ટ તૈયાર કરવા માટે 80 થી વધુ દેશોમાંથી મળેલી માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર અને ફ્રાન્સે તેને બનાવવામાં મદદ કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે આતંકવાદને ભંડોળ આપવાની પદ્ધતિઓ બદલાઈ રહી છે. રિપોર્ટમાં જણાવાયું છે કે આતંકવાદી સંગઠનો હવે પરંપરાગત ભંડોળ પદ્ધતિઓ તેમજ ઓનલાઈન પેમેન્ટ્સ, ગેમિંગ પ્લેટફોર્મ, સોશિયલ મીડિયા અને ઈ-કોમર્સ સાઈટ્સ જેવા ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરી રહ્યા છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આતંકવાદ ભંડોળ (TF) વ્યૂહરચના સમાન નથી; તેના બદલે, પરિસ્થિતિઓના આધારે અલગ અલગ સ્થળોએ અલગ અલગ પદ્ધતિઓ અપનાવવામાં આવે છે.

ખેર, આતંકવાદીઓની પોલ ખુલી તો ગઈ છે, પણ હજુ આપણે ત્યાં સુરક્ષા દળો તથા જાસુસી એજન્સીઓને વધુ સક્ષમ બનાવવાની જરૂર છે. યાદ રહે કે પહેલગામ આતંકવાદી હુમલાના બે મહિના થઈ જવા છતાં હજુ એ પણ હુમલાખોર પકડાયો નથી. તેને શરણ આપનારાઓને પકડી લેવાથી એમાં કશું હાથ લાગે એમ નથી.

એ તો ફક્ત એક બે દિવસ રાખવાના પૈસા લઈને છુટા થઈ ગયા હશે કે બીજી મદદ કરી હોય તો પણ તેઓને આખા કાવતરાં અંગે ભાગ્યે જ કોઈ જાણકારી હશે. એ જ રીતે આતંકવાદીઓ સાથેની ઓળખાણ પણ ટૂંકી જ હોય છે, તેમની પાસેથી આતંકીઓની કુંડળી મળે એ સંભાવના નથી, ત્યારે આપણા તંત્ર કેટલા નબળા છે, એ પુરવાર થાય છે. આ સંજોગોમાં હવે જ્યારે વૈશ્વિક સ્તરે આવેલા હેવાલના ચોંકાવનારા તથ્યો જાણીને સરકારે હવે વધુ ચુસ્તી દેખાડવી પડશે.

હુમલો થાય એ પછી પગેરૂં કાઢવા કરતાં હુમલો થાય એ પહેલાં જ કાવતરાં પકડી પડાય એ વધુ જરૂરી છે. વળી ઍમેઝોન જેવી સાઈટનો ઉપયોગ થવા માંડ્યો એ પણ ચોંકાવનારો છે. હવે સરકારે ઓનલાઈન પ્લેટફોર્મ પર પણ નજર રાખવી પડશે. તેમના તમામ વ્યવહારો પર નજર રહેશે તો જ બિઝનેસ પ્લેટફોર્મનો ઉપયોગ આતંકી ઘટનાઓ માટે થતો રોકી શકાશે અથવા થાય તો તેની જાણ થતાં જ સચેત થઈને હુમલો નિવારી શકાશે. હવે નવી દિશામાં આતંકીઓ આગળ વધ્યા છે, ત્યારે તેમના ફંડિંગ તથા સામગ્રી મેળવવાના માર્ગો ઉપર નજર રાખીને તેમનો ખાત્મો બોલાવવો પડશે.

# ખૂંપી જવાની તૈયારી હોય તો સહકારી સંસ્થાના સંચાલક થવાય

**સહકારી ક્ષિતિજ**
**સતીષ ડી. ચૌધરી**

(ગતાંકથી શરૂ)

આજથી લગભગ પાત્રીસ-ચાળીસ વર્ષ પહેલા એક એવી ધારણા ધરવામાં આવી હતી કે એક સફળ ઉદ્યમી તેના જન્મ, વારસાગત કુટુંબ પ્રણાલી અને રહેઠાણ ઉપરથી નક્કી કરવામાં આવતો હતો, પરંતુ સફળ અને અસફળ ઉદ્યમી ઉપર કરવામાં આવેલ સંશોધનો ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે કોઈપણ વ્યક્તિ સ્ત્રી કે પુરૂષ જેમાં સફળ ઉદ્યમીના ગુણો સમાયેલ હોય તે સફળ ઉદ્યમી બની શકે છે.

આવા ગુણો જેનામાં મોટી સંખ્યામાં હોય એવા સ્ત્રી-પુરૂષો ઉદ્યમી ગણાય છે.

સહકારી સંસ્થામાં કોઈપણ જ્ઞાતિ-જાતિના ભેદભાવ સિવાય વ્યાપારી, ખેડૂત, કારીગર, કર્મચારી સભાસદ તરીકે દાખલ થાય છે અને તેઓ જ સંસ્થાના સંચાલક તરીકે ગણાતા હોય ત્યારે તેઓ જન્મ, જ્ઞાતિ કે કુટુંબના જુદા-જુદા પ્રકારના વારસાગત ગુણો તો ધરાવતા જ હોય છે.

સહકારી સંસ્થાના સંચાલકોમાં કાયમને માટે કોઈપણ કાર્યની સતત સિદ્ધિ પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખવાના ગુણો હોવા જોઈએ. સહકારી સંસ્થાના સંચાલકો કોઈ પણ કાર્યમાં ઉચ્ચ સફળતા મેળવવાના ગુણો ધરાવે તે ખૂબ જ જરૂરી છે. એટલે કે કોઈપણ સહકારી સંસ્થાના સંચાલકો સંસ્થાની ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યની પરિસ્થિતિનો સતત અભ્યાસ કરી અન્ય સંસ્થાઓની સરખામણીમાં અગ્રેસર રહી સર્વશ્રેષ્ઠ સંસ્થા બનાવવા માટેની સતત જિજ્ઞાસા રાખનારા અને તે માટે હરીફો સામે જરૂર પડે હરીફાઈ કરવાવાળા, ધંધામાં જરૂરી ટેકનિકલ પદ્ધતિઓ અને આધુનિક મશીનરીઓનો ઉપયોગ કરી ઉત્પાદન હાથ ધરી સતત સિદ્ધિ પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખનારા હોવા જોઈએ.

શરૂઆતમાં જ કહેવામાં આવ્યું છે કે સહકારી સંસ્થાના સંચાલકોએ ચોક્કસ કિંમત ચૂકવીને, જરૂરી સાધનો એકઠા કરીને તેમની વચ્ચે એકરૂપતા લાવી કાર્ય શરૂ કરે છે. જ્યારે તેનું પરિણામ ભવિષ્યમાં મળનારી કિંમત ઉપર નિર્ધારિત હોવાથી તે એ પ્રકારનું જોખમ પણ ખેડે છે.



**સહકારી સંસ્થાના સંચાલકોએ સંસ્થાને ધ્યાનમાં લઈ સ્થાનિક, આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ભૌગોલિક અને સાંસ્કૃતિક જરૂરિયાતોને અનુરૂપ યોજનાઓના ઘડતર માટે સૂચના અને માર્ગદર્શન વિસ્તૃત પ્રમાણમાં મેળવવા જોઈએ. તેના માટે સંસ્થામાં એક અલગ માહિતી અને સંરચના વિભાગની રચના કરવી જોઈએ, અને વખતોવખત તેનું બારીકાઈથી વિશ્લેષણ કરવામાં કાયમી ઉત્સાહી હોવા જોઈએ**

સહકારી સંસ્થાઓએ પણ અવારનવાર જોખમ ખેડવા પડે છે. તેને પણ ભવિષ્યમાં મળનારાં પરિણામો ઉપર આધારિત કાર્ય કરવા પડે છે. જેમ કે ધિરાણ સહકારી મંડળી તેના સભાસદોને પ્રથમ ધિરાણ આપે છે અને તેની વસુલાત ભવિષ્યમાં મળનાર હોય છે. તેની સામે મંડળીના સંચાલકો કુદરતી કે કૃત્રિમ પરિબળો અથવા બનાવો સામે જોખમ ખેડીને સભાસદોને ધિરાણ આપે છે. જેને જોખમ ખેડ્યું કહી શકાય.

સામાન્ય રીતે ઉદ્યમશીલ વ્યક્તિઓ પોતાના વિશે હંમેશા હકારાત્મક વિચારો ધરાવતા હોય છે અને તે પોતાની ક્ષમતા કે તાકાતને ભવિષ્યમાં કામ કરવા માટેનાં કાર્યોને અનુરૂપમાં લેતા હોય છે. સહકાર સંસ્થાએ પોતાના કાર્યમાં હંમેશા હકારાત્મક વલણ રાખવું જોઈએ.

જેમકે ધિરાણ મંડળી કન્ઝ્યુમર સ્ટોર્સ ચાલુ કરે છે અથવા સહકારીમાં કોમ્પ્યુટરાઈઝેશન-ટેકનોલોજી વસાવવા વિશે હકારાત્મક વલણ રાખી વસાવે તો તેમાં ચોક્કસ ફાયદો થાય છે. તેના માટે સંચાલકોએ તેના પરિણામ સુધી રાહ જોવી જોઈએ કે ધીરજ રાખવી જોઈએ. આ રીતે આવા ઉદ્યમશીલ સંચાલકોએ આત્મવિશ્વાસ અને આત્મકુશળતા વધારી હંમેશા સહકારી સંસ્થા પ્રત્યે હકારાત્મક વલણ રાખવાવાળા બનવું જોઈએ.

સહકારી સંસ્થાના ઉદ્યમશીલ સંચાલકો પણ પહેલ વૃત્તિવાળા એટલે કે અન્ય સહકારી સંસ્થાની કામગીરીની સફળતા ઉપર આધાર નહીં રાખતા પોતાની મંડળીમાં કોઈપણ વિકાસશીલ કાર્યની શરૂઆત થાય તેની પહેલ કરવાવાળા તેમજ સહકારી સંસ્થામાં કોઈપણ વિકાસશીલ કાર્યની શરૂઆત થાય તેની પહેલ કરવાવાળા તેમજ સહકારી સંસ્થાની કોઈપણ યોજના કે કામગીરીમાં સરકારશ્રીની કે સમયવાયી સંસ્થાની નિર્ણય શક્તિ ઉપર આધારિત નહીં રહેતા કોઈપણ કાર્ય પહેલા કરવાની સ્વતંત્ર વિચારધારાવાળા હોવા જોઈએ.

સહકારી સંસ્થા સામાન્ય રીતે જુદી જુદી જ્ઞાતિ, ધર્મની જુદી જુદી વિચારસરણી ધરાવતા સભાસદોનું એક ધંધાદારી સંયુક્ત સહકારી સાહસ છે.

ત્યારે તેમાં અનેક સમસ્યાઓ સ્વાભાવિક રીતે ઉદ્ભવતી હોય છે. ત્યારે તેના સંચાલકો સમસ્યાઓનો ઉકેલ લાવવાવાળા હોવા જોઈએ કે જેઓ સહકારી સંસ્થાના ઉદ્દેશો-લક્ષ્યાંકોને પરિપૂર્ણ કરવા માટે અલગ-અલગ પદ્ધતિ અપનાવી જુદી જુદી નીતિઓનો અમલ કરી, નવા વિચારોનું ઘડતર કરી નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી તથા અન્ય સફળ સંસ્થાઓના ઉદ્યમશીલ સંચાલકો પાસેથી વિકાસશીલ કાર્ય પૂર્ણતા માટે જરૂરી સલાહ, માર્ગદર્શન અને નવી ટેકનોલોજીનું જ્ઞાન મેળવવાવાળા હોવા જોઈએ.

સહકારી સંસ્થાના સંચાલકોએ પણ સંસ્થાના ધંધાને ધ્યાનમાં લઈ સ્થાનિક, આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ભૌગોલિક અને સાંસ્કૃતિક જરૂરિયાતોને અનુરૂપ યોજના અને નીતિઓના ઘડતર માટે માહિતી સૂચના અને માર્ગદર્શન વિસ્તૃત પ્રમાણમાં મેળવવા જોઈએ તેના માટે સંસ્થામાં એક અલગ માહિતી અને સંરચના વિભાગની રચના કરવી જોઈએ અને વખતોવખત તેનું બારીકાઈથી વિશ્લેષણ કરવામાં કાયમી ઉત્સાહી હોવા જોઈએ.

આમ ઉપર મુજબના ઉદ્યમીના ગુણો સહકારી સંસ્થાના સંચાલકો ધરાવતા હોય અને તેનો સમયસર અમલ કરવામાં આવે તો સહકારી સંસ્થાઓ નિશ્ચિત કાર્યો હાથ ધરી તેમણે ધારેલી સિદ્ધિ-લક્ષ્યાંકો પૂર્ણ કરી સભાસદોના આર્થિક વિકાસમાં ચોક્કસ મદદરૂપ નીવડશે.

(સંપૂર્ણ)

# કામરેજમાં નેશનલ હાઈવે ઉપર તાપી નદીના બ્રિજની ચિંતાજનક સ્થિતિ, ગંભીરા બ્રિજ જેવી દુર્ઘટનાનું જોખમ

**કડોદરા, તા.૯**

કામરેજ નજીક હાઈવે ઉપર તાપી નદીનો બ્રિજની ચિંતાજનક સ્થિતિ હોવાની ચર્ચા ગ્રામજનોમાં ઝઈ રહ્યાં છે. આ બ્રિજ ઉપર ગંભીરા બ્રિજ જેવી દુર્ઘટનાનું જોખમ હોવાનુ પણ લોકો ચર્ચા કરી રહ્યાં છે. તેમજ બ્રિજના સ્પાન વચ્ચે બે ફુટથી વધુની ગેપ હોવાથી અને લોખંડનવી પ્લેટ વારંવાર ખસી જતાં વાહનચાલકોના જડીવ જોખમમાં મૂકાઈ રહ્યાં હોવાની ભીતિ ગ્રામજનો સેવી રહ્યાં છે. ત્યારે તાકીદે અહીં નવો બ્રિજ બનાવવામાં આવે કે પછી આ બ્રિજનું યોગ્ય સમારકામ કરવામાં આવે તેવી માગ સ્થાનિક રહીશો અને ગ્રામજનો કરી રહ્યાં છે.

આ અંગે મળતી વિગતો અનુસાર સુરત જિલ્લાના કામરેજ નજીક નેશનલ હાઈવે 48 પર તાપી નદી ઉપર બનાવવામાં આવેલા બ્રિજની સ્થિતિ ચિંતાજનક બની હોવાની ચર્ચા ગ્રામજનોમાં થઈ રહી છે. આ બ્રિજની વચ્ચે બે સ્પાન વચ્ચે બે ફૂટથી મોટી ગેપ પડી ગઈ હોવાનું જાણવા મળે છે. તંત્ર દ્વારા આ ગેપને ભરવા લોખંડની પ્લેટ મૂકવામાં આવી છે. પરંતુ આ લોખંડની પ્લેટ પણ વારંવાર ખસી જતી હોવાની ચર્ચા ગ્રામજનોમાં થઈ રહી છે.





(તસવીર : તેજસ વશી)

## બ્રિજ વચ્ચે બે ફૂટથી વધુની ગેપ, લોખંડની પ્લેટ વારંવાર ખસી જતાં વાહનચાલકો જીવના જોખમે પસાર થાય છે

આ પ્લેટ વારંવાર ખસી જવાના કારણે વાહનચાલકોના જીવ જોખમમાં મૂકાયા છે. તાજેતરમાં આણંદના ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ વાહનચાલકોમાં ભયનો માહોલ વધ્યો છે. વાહનચાલકોએ લોખંડની પ્લેટને હટાવી કાયમી ઉકેલ લાવવાની માંગ કરી છે. તેમજ અહીં નવો બ્રિજ બનાવવામાં આવે તેવી માગ પણ સ્થાનિક રહીશો કરી રહ્યાં છે.

આ બ્રિજની સ્થિતિ અંગે સ્થાનિક આગેવાનો અને વિરોધ પક્ષે પણ આ મુદ્દે વહીવટી તંત્રને અનેક વખત રજૂઆત કરી છે. આ નેશનલ હાઈવે હોવાથી અહીં પુલ ઉપરથી રોજ 65 હજારની ક્ષમતા સામે રોજના 1.25 લાખથી વાહનો પસાર થઈ રહ્યાં છે. આટલા મોટા ટ્રાફિક ધરાવતા માર્ગ પર બ્રિજની આવી સ્થિતિ ગંભીર ચિંતાનો વિષય બની છે. ત્યારે આ પુલ અંગે સમારકામની યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માગ સ્થાનિક અગ્રણીઓ કરી રહ્યાં છે.



તાપી જિલ્લાના વ્યારા તાલુકામાંથી પસાર થતા નેશનલ હાઇવે 56ની સ્થિતિ અત્યંત ખરાબ થઈ ગઈ છે. વાપીથી શામળાજી સુધી જોડતા આ હાઈવે પર ઠેર-ઠેર મોટા ખાડાઓ પડી ગયા છે. વ્યારાના ઉનાઇ નાકા પાસે આવેલ મીંઢોળા નદીના બ્રિજ પર 5 ઈંચ જેટલા ઊંડા ખાડા પડ્યા છે. આ માર્ગ પરથી દરરોજ હજારો વાહનોની અવરજવર થાય છે. વ્યારાના પાનવાડી વિસ્તારમાં ચંદનવાડી સોસાયટી પાસે પણ મોટા ખાડાઓ જોવા મળે છે. અહીં 5 ઈંચ ઊંડા અને 7થી 10 ફૂટ લાંબા ખાડાઓનો સમૂહ છે. સ્થાનિક વાહનચાલકોએ આક્રોશ વ્યક્ત કર્યો છે. કેટલાક વાહનોના ટ્રાય એંગલ તૂટી ગયા છે. દર વર્ષે ચોમાસા દરમિયાન આ સમસ્યા સર્જાય છે. પરંતુ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા યોગ્ય મરામત કરવામાં આવતી નથી. આ રસ્તા પરથી પસાર થતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અકસ્માતનું જોખમ પણ વધી ગયું છે. લોકોને આગામી દિવસોમાં પણ આ બિસ્માર માર્ગ પરથી પસાર થવું પડશે. રાહદારી મનીષ પટેલે જણાવ્યું કે, હું ધંધા પર જતો હતો ત્યારે રસ્તા પર ખાડા વધારે હોવાથી ગાડી સાઈડ પરથી લેવા છતા ખાડામાં ઘૂસી જતાં એક બાજુનું વ્હિલ ખાડામાં જતા ગાડીની એક્સેલ તૂટ્યું છે. અંદાજે 5000 થી વધુનો ખર્ચ થશે.ખાડા પુરાય તો સારૂ રહેશે ઘણાં લોકો પરેશાન થઈ રહ્યા છે. (તસવીરઃ અલ્પેશ દવે)

# ભારતમાં બેસ્ટ નાણાંકિય મેનેજમેન્ટની કેટેગરીમાં પંડવાઈ સુગર ફેક્ટરીને બીજા ક્રમનો એવોર્ડ મળ્યો

**વ્યારા, તા.૯**

નવી દિલ્હી ખાતે નેશનલ ફેડરેશન ઓફ કો-ઓપરેટીવ સુગર ફેક્ટરીઝ, ન્યુ દિલ્હી દ્વારા આયોજીત "કોઓપરેટિવ સુગર ઈન્ડ. કોન્કલેવ 2025" અને " નેશનલ એફિશિયેન્સી એવોર્ડ સેરેમની"માં ભારત સરકારના કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી અને કેન્દ્રીય રાજયમંત્રી નિમુ બાંભણિય અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુ અને હરીયાણાના સહકાર મંત્રી અરવિંદકુમાર શર્માની વિશેષ ઉપસ્થિતિમાં ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., પંડવાઈ (પંડવાઈ સુગર), જી. ભરૂચ, ગુજરાતને વાર્ષિક કાર્યક્ષમતા પુરસ્કાર ૨૦૨૩-૨૪ હેઠળ બેસ્ટ ફાયનાન્સીયલ મેનેજમેન્ટ કેટેગરીમાં સમગ્ર ભારત દેશમાં બીજા ક્રમનો એવોર્ડ મળ્યો હતો.



(તસવીર : અલ્પેશ દવે)

આ પુરસ્કાર સહકારી ક્ષેત્રમાં પારદર્શિતા, જવાબદારી અને મજબૂત નાણાંકીય શિસ્તનું પ્રતિક છે. આ સિધ્ધી સંસ્થાના ચેરમેન અને અંકલેશ્વર-હાંસોટ મત વિસ્તારના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ, વાઈસ ચેરમેન અરવિંદ પટેલ, તમામ બોર્ડ ઓફ ડીરેક્ટર, તમામ વિભાગના વડાઓ, એન્જીનીયરો, કેમીસ્ટ, કર્મચારીઓ સહિત સમગ્ર ટીમ પંડવાઈ સુગર, સભાસદમિત્રો, ખેડૂતમિત્રો અને સહયોગીઓની સામૂહિક મહેનત અને વિશ્વાસનું પરિણામ છે.

ગૃહમંત્રી અને સહકાર મંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ આપણાં દેશનો સહકારી ખાંડ ઉદ્યોગ આજે ગ્રામીણ ભારતની સમૃધ્ધિ, હરિયાળી ઉર્જા અને આત્મનિર્ભરતાનો મુખ્ય આધારસ્તંભ બની રહ્યો છે. સંસ્થાએ આ સન્માનને વધુ પ્રગતિ અને પારદર્શક કામગીરી માટે પ્રેરણા તરીકે સ્વીકાર્યું છે. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન અને ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ અને અરવિંદ પટેલ, તમામ ડિરેક્ટર અને વડાઓએ હાજર રહી આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

## દિલ્હીમાં નેશનલ ફેડરેશન ઓફ કો-ઓ. સુગર ફેક્ટરીઝ આયોજિત સમારોહમાં કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી અને નિમુ બાંભણિયાા હસ્તે એવોર્ડ એનાયત કરાયો

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાંથી લોખંડના ગર્ડરની ચોરી 90 હજારના 6 ગર્ડર સાથે 3 આરોપી ઝડપાયા

**કીમ, તા.9**

બે દિવસ અગાઉ બુલેટ ટ્રેનના કીમ નજીક પિલર નં.10 અને 11 વચ્ચેથી લોખંડના 6 ગર્ડરની ચોરીથી હતી. અંદાજે 90 હજારની ચોરી કીમ પોલીસ મથકે ફરિયાદ થઈ હતી. આ ચોરીના કેસમાં પોલીસે બાતમીના



આધારે કુડસદની રોયલ રેસીડન્સીમાં છૂપાવી દીધેલા 6 ગર્ડરો સાથે ત્રણ આરોપીને ઝડપી પાડવામાં આવ્યાં હતા. કીમ પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળેલી વિગતો અનુસાર સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહની દેખરેખમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો છે. કુડસદથી કારેલી જવાના રસ્તા પર બુલેટ ટ્રેન પ્રોજેક્ટના નિર્માણ સ્થળે થયેલી ચોરીમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળી છે.

## તસ્કરોએ કુડસદ નજીક રોયલ રેસીડન્સી પાસે છુપાવી દીધા હતા, પીકઅપ, એક્ટિવા સહિત કુલ 4.40 લાખની મતા કબજે લેવામાં આવી

5-6 જુલાઈની રાત્રે પિલર નંબર 10 અને 11ની વચ્ચેથી 6 લોખંડના ગર્ડરની ચોરી થઈ હતી. આ ગર્ડરનું વજન લગભગ 2000 કિલો અને કિંમત 90,000 રૂપિયા હતી. કિમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પી.એચ. જાડેજાની ટીમને બાતમી મળી કે ચોરીનો માલ કુડસદ ગામથી શેખપુર તરફ રોયલ રેસીડેન્સી પાસે છુપાવવામાં આવ્યો છે. પોલીસે દરોડો પાડીને વિક્રમ વાસફોડીયા (35), સંજય વાદી (28) અને તૌસીફ બાદશાહ (34)ની ધરપકડ કરી. આરોપીઓ પાસેથી ચોરીના ગર્ડર ઉપરાંત એક મહિન્દ્રા પિકઅપ (કિંમત 3 લાખ), એક એક્ટિવા (કિંમત 40,000) અને બે મોબાઈલ ફોન મળી કુલ 4.40 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો.

એલ એન્ડ ટી કંપનીના સિક્યોરિટી સુપરવાઈઝરે ગર્ડરની ખરાઈ કરતાં તે બુલેટ ટ્રેન પ્રોજેક્ટના હોવાની પુષ્ટિ થઈ છે. પોલીસે આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# માંગરોળ તાલુકામાં વીજળી પડતાં મોતને ભેટેલા બે વ્યક્તિના પરિવારજનોને સહાય આપવામાં આવી

**વાંકલ, તા.૯**

માંગરોળ તાલુકામાં કુદરતી આફતથી નુકસાન પામેલા લાભાર્થીઓને ધારાસભ્ય ગણપતસિંહ વસાવાના હસ્તે સહાય ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તાજેતરમાં માંગરોળ તાલુકાના કંટવાવ ગામની સુનિતાબેન ભરતભાઈ ચૌધરી ખેતરમાં કામ કરી રહી હતી ત્યારે તેના ઉપર વીજળી પડતા મહિલાનું મોત થયું હતું મહિલાના પતિ ભરત રંગજીભાઈ ચૌધરીને 4 લાખની સહાયનો ચેક આપવામાં આવ્યો હતો જ્યારે રટોટી ગામના રૂમસીભાઈ ચૌધરી સિયાલજ ગામે મજૂરી કામ માટે ગયા હતા ત્યારે વીજળી પડવાથી તેમનું મૃત્યુ થયું હતું. તેમની પુત્રી અમિતાબેન રુમશીભાઈ ચૌધરીને ૪ લાખનો સહાય ચેક આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત માંગરોળ તાલુકાના કંટવા ગામના પશુપાલક ખેડૂત સંજય ભગુભાઈ આહીરના બે બળદના મૃત્યુ થયા હતા તેમને 64,000નો સહાય ચેક આપવામાં આવ્યો હતો. વરસાદ અને વાવાઝોડામાં તાલુકામાં આંઠ જેટલા ઘરોને નુકસાન થયું હતું જેના લાભાર્થીઓ કોસાડી ગામના કાંતુભાઈ શંકરભાઈ વસાવા 6,500, વજુબેન કાંતુભાઈ ગામીત ડુંગરી 4,000, ગુરજી દુબલભાઈ ચૌધરી રતોલાને 6500, કમરીબેન વે ચા ણ ભા ઈ વસાવા ખરેડાને 4000, મોતીભાઈ મગનભાઈ ગામીત વેરાકુઈને 6500, રેખાબેન નગીનભાઈ ગામીત વેરાકુઈને 4000, પુનાભાઈ પ્રભાતભાઈ વસાવા બોરીદ્રાને 4000, રાજુભાઈ વેચાણ વસાવા બોરીદ્રાને 4000નો સહાય ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. તાલુકા પંચાયત ઉપપ્રમુખ મનહરભાઈ વસાવા તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓ માંગરોળના મામલતદાર ઉપસ્થિત રહ્યા હતા.

## કંટવાવ ગામની સુનિતાબેન ચૌધરી અને રટોટી ગામના રૂમશીભાઈ ચૌધરીનું વીજળી પડતા મોત થયુ હતું

# ઓલપાડના CRC કો-ઓર્ડિનેટર્સ માટે એકદિવસીય લાઈફસ્કીલ સંકલ્પના કાર્યશાળાનું આયોજન કરાયું

**ઓલપાડ, તા.૯**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં ભલામણ કરી છે કે કલા, રમત-ગમત અને વ્યવસાયિક હસ્તકલા સહિતની વિવિધ પ્રકારની સંવર્ધન પ્રવૃત્તિઓને અભ્યાસક્રમમાં સ્થાન મળે તેમજ કલા, ક્વીઝ, રમતગમત અને વ્યવસાયિક હસ્તકલા સહિતની વિવિધ પ્રકારની સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમિયાન બેગલેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવશે. આ બેગલેસ દિવસનાં ભાગરૂપે વિધાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યોની ખિલવણી થાય તે માટે દર વર્ષે બાળમેળાની પ્રવૃત્તિઓ બે વિભાગમાં આયોજીત કરવામાં આવે છે. જે પૈકી બાલવાટિકાથી ધોરણ 5 નાં વિદ્યાર્થીઓ માટે બાળમેળા અને ધોરણ 6 થી 8 નાં વિદ્યાર્થીઓ માટે લાઇફસ્કીલ આધારિત બાળમેળાનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત દ્વારા જિલ્લા તથા શહેરી વિસ્તારમાં કાર્યરત સી.આર.સી. કો-ઓર્ડિનેટર્સની એકદિવસીય બાળમેળો-લાઈફસ્કીલ સંકલ્પના કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યશાળા સંદર્ભે વધુ માહિતી આપતાં સંસ્થાનાં જુનિયર લેક્ચરર રશ્મિકાંત પટેલે જણાવ્યું હતું કે આ બાળમેળા અને લાઈફસ્કીલ આધારિત પ્રવૃત્તિઓ પૈકી બાળમેળા દ્વારા વિદ્યાર્થીઓમાં બાળવાર્તા, માટીકામ, રંગપૂરણી, હસ્તકલા, ચીટકકામ, કાગળકામ, ગળીકામ, બાળવાર્તા આધારિત નાટક, વિવિધ જીવન કૌશલ્યોની ખીલવણી જેવી વિવિધ પ્રવૃત્તિઓ અને રમતોનાં માધ્યમથી વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

## નવી શિક્ષણ નીતિ અંગર્ગત કલા, ક્વીઝ, રમતગમત અને વ્યવસાયિક હસ્તકલા સહિતની વિવિધ સંવર્ધન પ્રવૃત્તીઓ માટે શિક્ષકોને તાલીમ આપવામાં આવી

# તાપી જિલ્લામાં વરસાદમાં તૂટી ગયેલા માર્ગોનું સમારકામ

**વ્યારા, તા.૯**

તાપી જિલ્લામાં વરસાદને કારણે માર્ગો બિસ્માર બનતા માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા તાત્કાલિક ધોરણે માર્ગ મરામતની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સોનગઢ તાલુકાના કિકાકુઈ અને વડપાડાના માર્ગ પર પેચવર્કની કામગીરી કરવામાં આવી હતી. જ્યારે વાલોડ તાલુકામાં વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા સમારકામ હાથ ધરાયું હતું.

સમગ્ર રાજ્ય સહિત તાપી જિલ્લામાં ઓછી વધતી માત્રામાં સતત વરસાદ ચાલુ છે. વરસાદના પાણી ગ્રામ્ય વિસ્તારોને જોડતા સ્થાનિક માર્ગ ઉપર ભરાઈ રહેતા રોડ રસ્તાઓને નુકસાન પણ થયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ચોમાસા દરમિયાન બિસ્માર માર્ગો જાહેર જનતાને પડતી મુશ્કેલી નિવારવા માટે સંબંધિત વિભાગોને સૂચના આપતા જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા સોનગઢ તાલુકાના કિકાકુઈથી નિશાણા તરફ જતા રસ્તાને રીપેરીંગ કરવામાં આવ્યું હતું તેમજ વડપાડાથી ઉમરદા જતા રોડને સમારકામ કરવામાં આવ્યું હતું. બિસ્માર બનેલા રસ્તા પર સિમેન્ટ કોન્ક્રીટ વર્ક તેમજ પેવરબ્લોક પેચીંગ વર્કની કામગીરી તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવી છે.

ચોમાસાના કારણે જિલ્લાના અનેક ગ્રામીણ અને શહેરી રસ્તાઓ પર ખાડાઓ, સપાટીનું ધોવાણ અને અન્ય નુકસાન થતા સ્થાનિક નાગરિકો, ખેડૂતો અને વાહનચાલકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આ પડકારને પહોંચી વળવા, માર્ગ અને મકાન વિભાગે વરસાદના વિરામ બાદ તાત્કાલિક સમારકામની કામગીરી શરૂ કરી છે. આ કામગીરીમાં પેચવર્ક દ્વારા ખાડાઓ ભરવા, મેટલવર્ક અને સર્ફેસિંગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. વાલોડ તાલુકાના જામણીયાથી આલ્ગત જતા રોડ પર કોન્ક્રીટ પેચવર્કની કામગીરી કરવામાં આવી હતી.



(તસવીર : અલ્પેશ દવે)

આ સમારકામથી જિલ્લાના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં પરિવહન વ્યવસ્થામાં સુધારો લાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે, જેનાથી સ્થાનિક વેપાર, ખેતી અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓની સાથે સલામત અને સુગમ રસ્તાઓના કારણે નાગરિકોની અવરજવર સરળ બને અને અકસ્માતોનું જોખમ પણ ઘટે તેવા પ્રયાસો જિલ્લા પ્રશાસન દ્વારા કરવામાં આવી રહ્યા છે.

## સોનગઢ તાલુકાના કિકાકુઈ અને વડપાડાના માર્ગ પર પેચવર્કની કામગીરી કરવામાં આવી, જ્યારે વાલોડ તાલુકામાં ખાડા અને રસ્તાઓના ધોવાણનું સમારકામ કરવામાં આવ્યું

# માંગરોળની 23 ગ્રામ પંચાયતના નવા ચૂંટાયેલા સરપંચ, વોર્ડ સભ્યોનો સન્માન સમારંભ યોજાયો

**વાંકલ, તા.૯**

માંગરોળ તાલુકાની 23 જેટલી ગ્રામ પંચાયતો ની યોજાયેલી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી સમર્થિત વિજેતા બનેલા સરપંચ સભ્યોનો સન્માન સમારંભ ધારાસભ્ય ગણપતસિંહ વસાવા ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

ધોળીકુઈ અને વાંસોલી ગ્રામ પંચાયત સમરસ બની છે જેના બિનહરીફ વિજેતા સરપંચ સભ્યો નું પ્રથમ સન્માન કરાયું હતું વાંકલ, સિમોદ્રા, ભાટકોલ, લીંડિયાત, છમુછલ, મોલવણ, નાની ફળી, પાતલ દેવી, કંટવાવ, ઓગણીસા, આમખૂટા, રટોટી, વડોલી,ઝરણી, પાણેઠા, શેઠી, માંગરોળ ગ્રુપ, કંટવા, નંદાવ, કુંવરદા, વકીલપરા અણોઈ, સહિતની ગ્રામ પંચાયતોના વિજેતા સરપંચો સભ્યો નો સન્માન કરાયું હતું. આ પ્રસંગે ધારાસભ્ય ગણપતસિંહ વસાવાએ ગ્રામ પંચાયતોના નવા સુકાનીઓને સંબોધન કરતા જણાવ્યું કે ઘણા ચૂંટણી લડતા ઉમેદવારો માંથી તમારા ઉપર વિશ્વાસ મૂકીને મતદારોએ તમારી પસંદગી કરી છે, કોઈપણ જાતનો મતભેદ ન રાખી દરેકને વિકાસનો લાભ આપજો આપણી મજબૂત લોકશાહીમાં સામાન્ય માણસને પોતાનો પ્રતિનિધિ ચુટવાનો અધિકાર મળ્યો છે લોકશાહીમાં પ્રજા સર્વોપરી છે જે આ ચૂંટણીના પરિણામોમાં જોવા મળ્યું છે સામાન્ય વ્યક્તિઓ ચૂંટણી જીતીને આવ્યા છે વાણી વિવેક અને વિનમ્ર બની ગામના વિકાસનું વિઝન બનાવી કામ કરીએ સરકાર ગમે તેટલી યોજનાઓ બનાવે પણ સરપંચ અને સભ્યો નિષ્ક્રિય રહેશે તો સારી યોજનાનો લાભ પણ ગરીબોને મળવાનો છે. આજના સમયમાં હવે સફળ વહીવટ અને વિકાસ ના કામો કરશો તોજ લોકો તમને ફરી તક આપશે ચૂંટણીનો મુખ્ય હાર્દ જનજનની સુખાકારી માટે સામાન્ય પ્રજાના કામ કરવાનો છે. આ કાર્યક્રમમાં તા. પં. પ્રમુખ મનહર વસાવા તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓ ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : સંતોષ મૈસુરીયા)

## ચૂંટાયેલા પ્રતિનિધિઓને વાણી વિવેકથી વિનમ્ર બની દરેકને વિકાસનો ગ્રામજનોને લાભ આપવા ધારાસભ્ય ગણપતસિંહ વસાવાનો અનુરોધ

# કામરેજના આંબોલી ગામે વોકિંગ માટે નીકળેલા યુવકને નશેડી કારચાલકે દુર સુધી ઘસડતાં ગંભીર

**કડોદરા, તા.૯**

કામરેજના આંબોલી ગામે વોકિંગ માટે નીકળેલા યુવકને એક નશેડી કારચાલકે દુર સુધી ઘસડતાં ગંભીર હાલમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. દરમિયાન ગ્રામજનોએ કારનો પીછો કરી વાવના કેન્ડલ વુડ નહેર રોડ ઉપરથી કાર ઝડપી પાડી. જેમાં કામરેજના આકાશ વાસાણીએ નશો કરી વાહન હંકારી હોવાનું જાણવા મળ્યું હતું.





(તસવીર : તેજસ વશી)

પલસાણા તાલુકાના આંબોલીની ચાવડા સ્ટ્રીટ ખાતે રહેતા 37 વર્ષીય જયંત નવીનચંદ્ર ચાવડા ફળિયાના અશેષ ચાવડા સાથે રવિવારે રાત્રે આંબોલી ગામથી ચારરસ્તા તરફ ચાલવા નીકળ્યા હતા. ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી ફોર વ્હીલ નંબર DD03-N 0011 ચાલકે જયંતને અડફેટે લઈ રોડ ઉપર ઘસડી જઈ ફરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે ગ્રામજનો દોડી આવતા જેનીશભાઈની ફોર વ્હીલમાં ખોલવડ દીનબંધુ હોસ્પીટલ ખાતે સારવાર અર્થે લઈ જવાયા હતા.

ત્યારબાદ વધુ સારવાર અર્થે કામરેજની ધવલ ઓર્થોપેડીક હોસ્પીટલમાં લઈ જવાયા હતા. અકસ્માત સર્જી ફરાર થયેલી ફોરવ્હીલ ચાલકને ગ્રામજનોને પીછો કરી વાવના કેન્ડલ વુડ નહેર રોડ ઉપરથી ઝડપી પાડ્યો હતો. નશાની હાલતમાં પકડાયેલા અને કામરેજ ગામ પ્રથમ રેસીડેન્સી ખાતે રહેતા 33 વર્ષીય આકાશ કિરીટ વાસાણીને ગામજનો દીનબંધુ હોસ્પીટલ ખાતે લઈ ગયા હતા. ત્યારબાદ ઘટનાની જાણ કરતા સ્થળ આવેલી કામરેજ પોલીસને હવાલે કર્યો હતો. ફોર વ્હીલ અડફેટે આવેલા જયંત હાથ અને પગમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.ઘટનાને પગલે ઈજાગ્રસ્તના ભાઈ ચેતન નવીનચંદ્ર ચાવડાએ કામરેજ પ્રથમ રેસી. ખાતે રહેતા ફોર વ્હીલ ચાલક નશેડી આકાશ કિરીટભાઈ વસાણી વિરુદ્ધ કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તેની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગ્રામજનોએ કારનો પીછો કરી ઝડપી પાડયો : કામરેજના આકાશ વાસાણીએ નશો કરી વાહન હંકારવાનો પલસાણા પોલીસે કેસ નોંધી તપાસ હાથ ધરી

# કામરેજની પરિણીતાના નામે બોગસ FB ઉપર બીભત્સ ફોટા અપલોડ કરનારો દેરોડનો યોગેશ નનેરા ઝડપાયો

**કડોદરા, તા.૯**

કામરેજના બાપા સીતારામ ચોક વિસ્તારમાં રહેતા 28 વર્ષીય પરિણીતા રહે છે. ગત 12 એપ્રિલથી 29 જૂન દરમ્યાન તેમના નામના ખોટા ફેસબુક એકાઉન્ટ મારફતે તેમના સબંધી સહિત પરિવારના સભ્યોને તેમના નામે ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી અજાણ્યા વ્યક્તિ દ્વારા અભદ્ર ભાષામાં વાત કરી હતી. તેમજ તેમને બીભત્સ ફોટા મોકલવામાં આવતા હતા. જેને પગલે પોલીસ ફરિયાદ થતાં કામરેજ પોલીસે દેરોડ ગામેથી 32 વર્ષીય યોગેશ નેનરાને ઝડપી પાડ્યો હતો.

ગત એપ્રિલ માસમાં કામરેજની એક પરિણીતાના પડોશીના ફેસબુક આઈડી પર તેમના નામે અજાણ્યા વ્યક્તિએ ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી. રિક્વેસ્ટ મોકલનાર વ્યક્તિની જાણકારી માટે પાડોશીને રિક્વેસ્ટ એક્સેપ્ટ કરવા કહ્યું હતું. બાદમાં રિક્વેસ્ટ મોકલનાર અજાણ્યાએ તેનો ફોટો મોકલતા તેને બ્લોક કરી દેવાયો હતો. ત્યારબાદ પરિણીતાના નામ સાથેના પ્રોફાઈલ ફોટાવાળી ફ્રેન્ડ રિક્વેસ્ટ આવતા પાડોશીએ સ્વીકારી હતી.

થોડીવાર બાદમાં ફરી પડોશીના ફેસબુક આઈડી ઉપર ન્યુડ ફોટા સાથે પરિણીતા વિશે ખરાબ વાતો કરતો હતો. જેથી પડોશીએ આઈડી બ્લોક કરી દીધી નામની ફેક ફેસબુક આઈડી બનાવી અન્યોને ન્યૂડ ફોટા મોકલી બદનામ કરવામાં ઈરાદા વાળા અજાણ્યા ઈસમ સામે રાજવીબેને ગત 29 જૂને કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન સામેવાળાનો ફોટા મંગાવતા ફોટો મોકલી પોતાની વિશાલ તરીકેની

## પરણિતાના નામની બોગસ ફેસબુક આઈ.ડી બનાવી તેણીના સબંધીઓને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી બીભત્સ ફોટા સેન્ડ કરતો હતો અને પરિણીતાને બદનામ કરવાના પ્રયાસ કર્યા હતા

હતી. ત્યાર બાદ પરિણીતાના દિયરને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલતા તેમણે એક્સેપ્ટ કરી હતી. દિયર સાથે પરિણીતાના એડ્રેસ પર પતિ ઘરે ના હોય ત્યારે મળવા આવવાની વાત કરી હતી. પરિણીતાના દૂરના સગા એવી મહિલા પર ફરી ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી તેની સાથે અભદ્ર ભાષામાં વાતો કરી અન્યના ન્યૂડ ફોટા મોકલ્યા હતા. પોતાના ઓળખાણ આપી હતી. ત્યારબાદ પડોશીને નાના વરાછા મળવા માટે બોલાવ્યો હતો. એફબી ઉપર આવેલો ફોટો પડોશીએ પરિણીતાને બતાવતા તે ગામના ધર્મેશ મકવાણાનો હતો, જેથી તપાસ દરમિયાન તે કોઈ ફ્રોડ વ્યક્તિ હોવાનું જણાય આવ્યું હતું. ફરિયાદવાળી ઘટનાને ગંભીરતાપૂર્વક લઈ પરિણીતાએ કામરેજ પોલીસને ફરિયાદ કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### બલેશ્વર પાસે બાઇક ચાલકે રોડ ક્રોસ કરી રહેલા અજાણ્યા યુવકને અડફટે લેતા મોત નિપજ્યું

**કડોદરાઃ** પલસાણા તાલુકાના બલેશ્વર પાસે અજાણ્યા વાહન ચાલકે ત્યાં રોડ ક્રોસ કરી રહેલા ઈસમને અડફટે લેતા મોત નિપજ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ મુંબઇ - અમદાવાદ ને.હા.નં.૪૮ પર પલસાણા તાલુકાના બલેશ્વર ગામની સીમમાં આવેલા બાલેશ્વર ખાડી પાસે . GJ-06-KR-0895 નો ચાલકે પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવીને ત્યાંથી રોડ ક્રોસ કરી રહેલા એક અજાણ્યા ઇસમને ટક્કર મારી અડફેટે લેતા ગંભીર અક્સ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં અજાણ્યા ઇસમને શરીરે ગંભીર ઈજાઓ થતાં મોત નિપજ્યું હતું.જયારે બાઇક ચાલક અક્જસ્માત સર્જીને નાશી ગયો હતો. ત્યાર બાદ સંતોષભાઇ ચુનીલાલભાઇ કુંવર ( ઉ.વ.૩૭ ) અવધૂત નગર, પલસાણા, એ પલસાણા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### ઉમરપાડાના વાડી ગામે પિયરમાં રહેતી મહિલાનો આપઘાત

**વાંકલઃ** ઉમરપાડા તાલુકાના વાડી ગામે પિયરમાં રહેતી મહિલાએ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાય આત્મહત્યા કરી લીધી હતી. રંજનાબેન મુકેશભાઈ વસાવા ના લગ્ન માંડવી તાલુકાના આમલી ગામના મુકેશભાઈ સાથે થયા હતા. છેલ્લા ત્રણેક વર્ષથી પતિ સાથે ઝઘડો થતાં તે પિયરમાં વાડી ગામે રહેતી હતી પતિથી દુર રહેવાથી એકલવાયું જીવન જીવતી આ મહિલાએ ખેતરે કોઈ અગમ્ય કારણોસર પોતાની ઓઢણી વડે ગળે ફાંસો ખાય આત્મહત્યા કરી લીધી હતી આ બનાવ સંદર્ભમાં અંકુરભાઈ પાર્સિંગભાઈ વસાવા રહે વાડી દ્વારા ઉમરપાડા પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો ગુનાની તપાસ એ.એસ.આઇ નાનસિંગભાઈ ભીલાભાઈ કરી રહ્યા છે.

# જલાલપોર મટવાડના સક્ષમ કેરિયર ઈન્સ્ટીટ્યુટના સંચાલકોના મનસ્વી વલણ મુદ્દે કલેકટરને રજૂઆત

**નવસારી, તા.૯**

જલાલપોર તાલુકાના મટવાડ ગામે સક્ષમ કેરિયર ઈન્સ્ટિટ્યૂટ નામની સંસ્થા સામે કાર્યવાહી કરવા ગ્રામજનોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યુ હતુ. સક્ષમ કેરિયર ઈન્સ્ટિટ્યૂટ પાસેથી માંગવામાં આવેલી માહિતી ગ્રામ પંચાયતને આપવામાં આવી ન હતી.


(તસવીર : રમેશચંદ્ર પરમાર)

જલાલપોર તાલુકાના મટવાડ ગામે સક્ષમ કેરિયર ઈન્સ્ટિટ્યૂટ નામની સંસ્થા સામે કાર્યવાહી કરવાની માંગણી સાથે મટવાડ ગામજનો આજે જિલ્લા કલેક્ટર કચેરીએ મોરચો લઈ ગયા હતા અને કલેક્ટરને આવેદન પાઠવ્યું હતું. જેમાં જણાવ્યું હતુ કે, મટવાડ ગામે સક્ષમ કેરિયર ઈન્સ્ટિટ્યૂટ એન્ડ હોસ્ટેલ નામે ખાનગી કોચિંગ ક્લાસ ચાલી રહ્યા છે. ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ગેરકાયદે ખૂંટાડા ખાડીમાં ગ્રે વોટરનો નિકાલ કરી પ્રદૂષણ ફેલાવવામા આવે છે. આ મામલે ઈન્સ્ટિટ્યૂટને નોટિસ ફટકારતા નગરપાલિકાના ટેન્કર દ્વારા ગ્રે વોટર નો નિકાલ કરવામાં આવતો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ગ્રામ પંચાયત દ્વારા સ્થળ તપાસ કરતા ગંદકી ફેલાયેલી જોવા મળી હતી. આથી ગ્રામ પંચાયતે ગંદા પાણીની યોગ્ય જગ્યાએ નિકાલ કરવા નોટિસ આપી હતી. તેમજ આ ઈન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરતા વિધાર્થીઓના આરોગ્યનો પ્રશ્ન ઉઠતા ગ્રામ પંચાયત દ્વારા આ સંસ્થા પાસેથી વિધાર્થીની સંખ્યા, અભ્યાસક્રમ નોંધણી વિગેરે માહિતી માંગવામાં આવતા સક્ષમ કેરિયર ઈન્સ્ટિટ્યૂટ એન્ડ હોસ્ટેલના સંચાલકો દ્વારા માહિતી આપવામા આવી ન હતી. દરમિયાન મટવાડ ગ્રામ પંચાયતે સક્ષમ કેરિયર ઈન્સ્ટિટ્યૂટ એન્ડ હોસ્ટેલ વિરુદ્ધ ૧૬ જેટલા અલગ અલગ પ્રકારની વાંધા અરજીઓ પાઠવવામાં આવી હતી. જેનું પાલન પણ નહીં કરવામાં આવતા સંસ્થાને કાયદાકીય રીતે યોગ્ય પગલાં ભરવામાં આવે તેમજ દંડનીય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરી હતી. વધુમાં આ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ગ્રામ પંચાયતની બાંધકામલક્ષી શરતોનું પાલન પણ કરવામાં આવતું ન હોય સંબંધીત પંચાયત વિભાગની કચેરીમાં રજૂઆતો કરવામાં આવી છે. આ ઈન્સ્ટિટ્યૂટ સામે યોગ્ય તપાસ કરી તત્કાલિક અસરથી સંસ્થા બંધ કરાવવામાં કલેકટર સમક્ષ ગ્રામજનોએ માંગણી કરી હતી.

## ગ્રા.પં. દ્વારા ગેરરીતિ મામલે ૧૬થી વધુ વાંધા અરજી પાઠવી છતા સંચાલકોના પેટનું પાણી હલતુ નથી, ઈન્સ્ટીટ્યુટ બંધ કરાવવા માંગ



વાંસદા રાણી ફળિયા ગુરૂકુલ વિદ્યાલયમાં અલુણા અને જયાપાર્વતી વ્રત નિમિતે ઉજવણી કરવામાં આવી હતી. જેની શરૂઆત પરમજીના P3Yથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં નર્સરી, જુ.કે.જી. થી બાળવાટિકા અને ધો.1 અને 2ની વિદ્યાર્થિનીઓને અલુણાની રાણી બની આવી હતી. કાર્યક્રમ નિમિતે મહેંદી સ્પર્ધા, જોડકણાં, બાળવાર્તાની સ્પર્ધા યોજવામાં આવી હતી. શાળાના આચાર્યા હેમા રાઠોડ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ‘મારા બાળકોને સાચવજો’ જલાલપોર નિમળાઈ ગામના બે સંતાનના પિતાનો રહસ્યમય આપઘાત

**નવસારી, તા.૯**

જલાલપોર તાલુકાના મરોલી કાંઠા વિસ્તારના નિમળાઈ ગામમા રહેતા બે સંતાનોના પિતાએ રહસ્યમય સંજોગોમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આપઘાત કરતા પહેલા યુવકે તેના પિતાને ‘મારા બાળકોને સાચવજો’ લખી ગળે ફાંસો ખાઈ જિંદગીનો અંત આણી લીધો હતો.

જલ્લાપોર તાલુકાના મરોલી ઉભરાટ રોડ પર નિમળાઈ ગામે રહેતો 26 વર્ષીય શ્રમજીવી મનિષ મુકેશભાઈ હળપતી મજૂરી કામ કરતો હતો અને બે સંતાનોનો પિતા હતો. છેલ્લા કેટલાક દિવસોથી મનીષ કોઈક કારણોસર હતાશ રહેતો હતો.



હતાશામાં ગઈ કાલે પોતાના ઘરેથી નીકળી પરિવારજનોને ફોન કરી પિતાને રડતા રડતા મનીષે ‘પોતાના બાળકોને સાચવજો’ કહી ફોન કાપી નાખ્યો હતો અને નિમળાઈથી માંગરોળ ગામ તરફ જતા રસ્તાની બાજુમાં ઝાડી ઝાખરામાં એક ઝુંપડામાં ગળે ફાંસો ખાઈ જિંદગીનો અંત આણી લીધો હતો. બીજી તરફ પુત્ર સાથે થયેલી વાતથી ચિંતાતુર પિતા મહોલ્લાના યુવાનો સાથે મનીષની શોધખોળ કરતા માંગરોળ ગામની સીમમાં ફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવી હતી. આ અંગે મરોલી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઈ. ગોપાલ વિરસિંગે હાથ ધરી છે.

**સતત હતાશામા રહેતા મનીષ હળપતિએ પિતાને ફોન કરી બાળકોને સાચવવાનું કહી જીંદગીનો અંત આણી દીધો: ગામમાં શોકની કાલીમા**

# બીલીમોરામાં પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું

**બીલીમોરા, તા.૯**

બીલીમોરા નગરપાલિકા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં બુધવાર સાંજે પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું હતું. જેમાં ભાજપ ધારાસભ્ય ગણપત વસાવાએ એક રાષ્ટ્ર એક ચૂંટણી અંતર્ગત લોકસભા અને રાજ્યોની વિધાનસભા ચૂંટણી એક સાથે યોજવાનો વિચાર વાસ્તવિક બને તે દિશામાં માર્ગદર્શન આપ્યું હતું.


(તસવીર : ચંદ્રકાંત સોલંકી)

બીલીમોરામાં પ્રબુદ્ધ નાગરિક સંમેલનમાં માંગરોળ ધારાસભ્ય ગણપત વસાવાએ ઉપસ્થિતોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, આપણો દેશ આઝાદ થયો તે સાથે સંસદીય ચૂંટણી આધારિત લોકતંત્રની દિશામાં કદમ માંડ્યા હતા. વર્ષ ૧૯૬૭ સુધી લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે થતી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક રાષ્ટ્ર શ્રેષ્ઠ રાષ્ટ્ર વિચારને ફળીભૂત કરવા લાંબાગાળાનાં અનેક નિર્ણયો લીધા છે. જેમાં એક રાષ્ટ્ર એક રાશન, એક ટેક્ષ, એક બંધારણ, એક હેલ્થ અને આયુષ્યમાન, એક આધારકાર્ડ, એક પેન્શન અને હવે એક રાષ્ટ્ર એક ઈલેક્શન થકી સામાજિક સમરસતા લાવશે.આજે ગુજરાતમાં પાંચ વર્ષમાં લોકસભા, વિધાનસભા, મહાનગરપાલિકા, પાલિકા અને વિવિધ પંચાયત જેવી આઠ ચૂંટણીઓ આવે છે. ૫૦૦થી ૫૫૦ દિવસો આચારસંહિતામાં વેડફાઈ એટલે વિકાસનાં કામો અટકી જાય છે. મોટા રાજ્યોમાં તબક્કાઓમાં ચૂંટણી આવે એટલે અનેક દિવસોનો વેડફાટ થાય છે. વર્ષ ૨૦૨૯થી વર્ષ ૨૦૩૪માં લોક સભા અને વિધાનસભા ચૂંટણીઓ એક સાથે યોજવાનાં આયોજનો છે. જેના કારણે મોંઘવારી ઘટશે, જીડીપી વધશે જેવા અનેક લાભો ગણાવ્યા હતા.

આ પ્રસંગે ગણદેવી ધારાસભ્ય નરેશ પટેલ, ભૂરા શાહ, શીતલ સોની, નિરવ ટેલર, શૈલેષ હળપતિ, શાંતિલાલ પટેલ, ડો. હાર્દિક વૈદ્ય, મયંક પટેલ, વિજય પટેલ, પ્રજ્ઞેશ પટેલ, લિતેશ ગાવિત, રાજેશ પટેલ, પ્રાણલાલ પટેલ, મનીષ નાયક, મનીષ પટેલ, ભાવેશ પટેલ, પ્રશાંત શાહ, રાકેશ પટેલ, રાજેશ પટેલ, સમીર પટેલ, મનીષ દેસાઈ સહિત અનેક અગ્રણીઓ અને પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ‘એક રાષ્ટ્ર એક ચૂંટણી’ને મુદ્દે ધારાસભ્ય ગણપત વસાવાએ માર્ગદર્શન પુરુ પાડ્યું

# ધરમપુરમાં ૭૦ વર્ષ જૂનો, ૭૦ ફૂટ ઊંચો જર્જરીત વાયરલેસ ટાવર તોડીપાડાયો

**વલસાડ, તા.૯**

વલસાડના ધરમપુરનાં જૂના પોલીસ મથકનો આશરે ૭૦ વર્ષ જૂનો અને ૭૦ ફૂટ ઊંચો જર્જરિત વાયરલેસ ટાવર જોખમી બનતા પાલિકાએ તોડી પાડ્યો હતો.


(તસવીર : નવીન પટેલ)

ધરમપુરનાં જૂના પોલીસ મથકને અડીને આશરે ૭૦ વર્ષ પહેલા ૭૦ ફૂટ ઊંચો વાયરલેસ ટાવર ઉભો કરવામાં આવ્યો હતો. આ બિનવપરાસી ટાવર કાળની થપાટોને લઈ જર્જરિત થઈ જોખમી બન્યો હતો. પાલિકાના ચીફ ઓફિસરના ધ્યાને આવતા તેમણે પોલીસ તેમજ વિદ્યુત બોર્ડ સાથે સંકલન સાધી તોડી પડાવ્યો હતો. જાહેર રસ્તાને અડીને આવેલા આ ટાવરને જે.સી.બી.ની મદદ વડે દૂર કરતા સમયે પાલિકાના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. આસપાસના રહેણાકોને ધ્યાને લઈ પ્રથમ ટાવરને ગેસ કટર વડે અડધેથી કાપવામાં આવ્યો હતો. પી.આઈ., પી.એસ.આઈ. અને પોલીસકર્મીઓ કામગીરીમાં જોતરાયા હતા. જ્યારે જી.ઈ.બી.એ સ્થાનિક વીજપુરવઠો બંધ કરાવી કર્મચારીઓને સ્થળ પણ તૈનાત રાખ્યા હતા.

## કાળક્રમે જર્જરીત થઈ જોખમી બનેલો ટાવર તોડી પાડવા જીઈબી, પોલીસ તથા પાલિકા તંત્ર કામે લાગ્યુ હતુ

# ચીખલી બલવાડા ગામના નદીમાં પડી લાપતા બનેલા વૃદ્ધનો ઊંડાચ નજીકથી મૃતદેહ મળ્યો

**ચીખલી,તા.૯**

ચીખલી તાલુકાનાં બલવાડા ગામે વહેતી ખરેરા નદીમાં ગત ૭ જુલાઈએ અકસ્માતે પડીને ગુમ વૃદ્ધનો મૃત્યુદેહ બુધવારે બીલીમોરા નજીકના ઉડાચ ધોલ ફળિયા ખરેરા નદીના પાણીમાંથી મળી આવ્યો હતો.



ચીખલી તાલુકાના બલવાડા નિશાળ ફળિયામાં રહેતા છોટુ ભેકાભાઈ પટેલ (૭૫) ગત તા. ૭/૭/૨૦૨૫ની સાંજે ખરેરા નદીના બ્રિજ પાસે ચાલવા નીકળ્યા હતા. જ્યાં અકસ્માતે તેમનો પગ લપસી જતા નદીના પાણીમાં પડીને લાપતા થયા હતા. જે અંગે પરિવારજનોએ ચીખલી પોલીસ સ્ટેશનમાં ગુમ અંગે ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન છોટુ ભેકાભાઈ પટેલનો મૃત્યુદેહ તા.૯/૭/૨૦૨૫ ને બુધવારે બીલીમોરા નજીકના ઊંડાચ ધોલ ફળિયા નજીકથી પસાર થતી ખરેરા નદીના પટમાંથી મળી આવ્યો હતો. બીજી તરફ છોટુ પટેલના ગુમ થયાના દિવસથી પરિવાર તેમની શોધખોળ કરી રહ્યા હતા અને કોઈ વૃદ્ધનો મૃત્યુદેહ ઊંડાચ ધોલ ફળિયાના નદીના પાણીમાંથી મળી આવ્યાની વાત પ્રસરતા પરિવાર તરતજ સ્થળ ઉપર આવતા મૃત્યુદેહ છોટુભાઈ નો હોવાની ઓળખ પુત્રએ કરી હતી. કેસની વધુ તપાસ બીલીમોરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ કરી રહ્યા છે.

## ચાલવા નિકળેલા છોટુ પટેલ અકસ્માતે નદીમાં પડી ગયા હતા, ત્રણ દિવસે મૃતદેહ મળ્યો

# નવસારી જિલ્લાના ખેરગામ અને વાંસદામાં બે ઈંચ વરસાદ, અન્ય તાલુકા કોરાધાકોર રહ્યા

**નવસારી, તા.૯**

નવસારી જિલ્લા છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજાનું જોર ધીમુ પડતા છૂટોછવાયો વરસાદ યથાવત રહ્યો હતો. જિલ્લામાં મંગળવારે સાંજના ચાર કલાકથી આજે સાંજના ચાર કલાક વાગ્યા સુધી છેલ્લા 24 કલાકમાં ખેરગામ તાલુકામાં ૨.૧ ઈંચ અને વાંસદામાં ૧.૭ ઈંચ જેટલો ભારે વરસાદ પડ્યો હતો. ચીખલીમાં ૧ મીમી વરસાદ જ્યારે નવસારી, ગણદેવી, જલાલપોર અને ચીખલી તાલુકાઓ કોરાધાકોર રહ્યા હતા.

હાલ ચોમાસાનું પુનર્વસુ નક્ષત્ર ચાલી રહ્યું છે. આ નક્ષત્રનું વાહન અશ્વ છે. આથી આ નક્ષત્રમાં અશ્વની જેમ તેની ચાલ અનુસાર સામાન્યથી ભારે વરસાદ અને વાવાઝોડુ ફૂંકાતું હોય છે. નવસારી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજા ધીમા પડતા જનજીવન થાળે પડ્યું છે. સાથે જિલ્લામાં સાર્વત્રિક છૂટોછવાયો વરસાદ યથાવત રહ્યો છે. જિલ્લામાં વિતેલા છેલ્લા 24 કલાકમાં સરેરાશ ૦.૫ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. જેમાં ખેરગામમાં બે ઈંચ અને વાંસદામાં પોણા બે ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે નવસારી, જલાલપોર, ચીખલી અને ગણદેવી તાલુકામાં છૂટાછવાયા વરસાદી ઝાપટા પડ્યા હતા. જિલ્લામાં આજે સવારે ૬ થી ૮ સુધીના બે કલાકમાં ખેરગામમાં. ૧.૭ ઈંચ (૪૫ મિમી) અને ૮ થી ૧૦ સુધીના બે કલાકમાં વાંસદામાં ૧.૨ ઈંચ (૩૦ મિમી) જેટલો ભારે વરસાદ પડતા રસ્તા પર પાણી પાણી થઈ ગયા હતા. બપોર બાદ જિલ્લામાં ઉઘાડ નિકળ્યો હતો. જિલ્લામાં ચાલુ વર્ષે અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ કુલ ૩૪ ઈંચ જેટલો વરસાદ વરસી ચુક્યો છે.

## જલાલપોર, ચીખલી, ગણદેવીમાં ઉઘાડની સ્થિતિ જોવા મળી, જિલ્લામાં મોસમનો ૩૪ ઈંચ વરસાદ પડી ગયો

## ચીખલી રાનવેરીકલ્લા ગામે મકાન ધરાશાયી


(તસવીર : ચંદ્રકાંત સોલંકી)

**ચીખલી:** ચીખલી અને ગણદેવીમાં વરસાદી ઉઘાડ વચ્ચે ખેરગામ તાલુકામાં બુધવાર સાંજે ૪ કલાકે વીતેલા ૧૦ કલાક દરમ્યાન વધુ ૪૮ મીમી વરસાદ વરસ્યો હતો. ચીખલી તાલુકાના રાનવેરીકલ્લા ગામે નવા ફળીયાનાં ઝવરી હાંસજીભાઈ પટેલનું મકાન ધરાશાયી થયું હતું. ગણદેવીમાં મોસમ નો ૭૧૩ મીમી (૨૮.૫૨ ઈંચ), ચીખલીમાં મોસમનો ૯૨૨મીમી (૩૬.૮૮ઈંચ) અને ખેરગામ માં ૧૩૦૪મીમી (૫૨.૧૬ ઈંચ) વરસાદ વરસી ચુક્યો છે.

# વાંસદા નિરપણ ગામના બે ઈસમોની બાઈક સ્લીપ થતા તાન નદીમાં ખાબક્યા, બંનેને બચાવી લેવાયા

**વાંસદા, તા.૯**

વાંસદા તાલુકાના મહારાષ્ટ્ર બોર્ડર ઉપર આવેલા નિરપણ ગામના બે ઈસમો ધરમપુર તાલુકાના જાગીરી ગામથી વાંસદા તરફ આવી રહ્યા હતા. દરમિયાન તાન નદી ઉપર બાઈક લઈ પસાર રહ્યા હતા. દરમિયાન બાઈક સ્લીપ થઈ જતા પાણીના પ્રવાહમાં બંને યુવાનો ખેંચાઈ જતા સરપંચે વાંસદા મામલતદારને જાણ કરી હતી. જેથી બંને ઈસમોને બચાવી લેવામા આવ્યા હતા.

વાંસદા તાલુકાના અને ધરમપુર તાલુકાના બોર્ડર ઉપર આવેલા નિરપણ ગામની તાન નદી ઉપરથી ધરમપુર તાલુકાના જાગીરી ગામેથી બે ઈસમે બિપિન બાબુભાઈ ભોયા (ઉ.વ. ૩૭, રહે. નિરપણ, નીચલું ફળિયું) અને નાનુ મછુંભાઈ ભોયા (ઉ.વ.૬૦, રહે. નિરપણ નીચલા ફળિયા) બન્ને ખેતી કામ પતાવી બાઈક ઉપર વાંસદા તરફ આવી રહ્યા હતા. દરમિયાન મહારાષ્ટ્ર



રાજ્યમાં વધુ વરસાદ પડવાથી નદીના જળસ્તરમાં વધારો થયો હતો. દરમિયાન બંને ઈસમોની બાઈક સ્લીપ થઈ જતા નદીમાં ફસાય ગયા હતા. ગામના સરપંચે મામલતદાર કચેરીએ ફોન કરતા મામલતદાર એલ.આર.ચૌધરી અને માર્ગ મકાન પંચાયત વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર ગૌરાંગ પટેલ તથા પોલીસ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી દોરડાની મદદથી બંનેને બચાવી લેવાયા હતા.

**બિપિન અને નાનુ ભોયાને મામલતદાર ચૌધરી, કાર્યપાલક ઈજનેર ગૌરાંગ પટેલ અને પોલીસ ટીમે બચાવી લીધા**

# જૈન શાસનમાં અહિંસા પાયાની ઈંટ સમાન: પદ્મદર્શનજી

**બીલીમોરા, તા.૯**

સોમનાથ રોડ સ્થિત ગોહરબાગ જૈન સંઘમાં વર્ષાવાસ માટે પધારેલા પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજીએ ચાતુર્માસના પ્રારંભમાં જણાવ્યું હતું કે; ચાતુર્માસ સંયમ, સ્વાધ્યાય, સમર્પણ અને આત્મોત્થાનનું અપૂર્વ પર્વ છે. વિરતિના વૃંદાવનમાં વિહરવાનું પર્વ છે. ચાતુર્માસમાં પાણી અને વાણીની આવશ્યકતા છે. વરસાદ ન પડે તો પશુ-પંખી અને માનવ જગતની અંદર ભારે હાહાકાર સર્જાય. જિનવાણીનું શ્રવણ સદગુરુના શ્રીમુખે સાંભળવાથી આત્માની અંદર રાગ-દ્વેષની પરિણતિના કડાકા બોલાય છે. જૈન શાસનમાં શ્રમણ, શ્રવણ અને શ્રાવણનું મહત્ત્વ ઘણું છે. શ્રમણ ભગવંતનો સત્સંગ જીવનમાં ચડી ગયેલા ભૌતિકતાના રંગ બદલી નાંખે છે અને અધ્યાત્મના ઊંડાણ સુધી પહોંચાય છે.


(તસવીર : ચંદ્રકાંત સોલંકી)

હિંસાના તાંડવનૃત્યથી બચવા ચાતુર્માસ એ અહિંસાના માર્ગ તરફ લઈ જાય છે. વરસાદનાં પાણીનાં કારણે રસ્તાઓ ઉપર ચારેય બાજુ ચિક્કાર જીવ-જંતુઓની ઉત્પત્તિ થાય છે. આથી જ પૂર્વના કાળમાં સંતો, મહંતો અને મહર્ષિઓ ચાર મહિના વર્ષાકાળમાં એક જગ્યાએ રહીને સાધના અને આરાધના કરતા હતા. અત્યારે પણ કેટલાય હિંદુ સંતો વર્ષાકાળમાં એક જગ્યાએ રહીને આત્મસાધના કરીને સત્સંગ દ્વારા પરહિત કરતા હોય છે. અહિંસા એ જૈન શાસનની પાયાની ઈંટ સમાન છે. શ્રીકૃષ્ણ વાસુદેવ ચાતુર્માસમાં દ્વારકાની બહાર જતા નહિં. પાટણમાં ગુર્જરેશ્વર કુમારપાળ મહારાજા ચાતુર્માસમાં પાટણની બહાર જતા નહીં. તપ, ત્યાગ અને સદગુરુના સત્સંગમાં રહેતા.

આજનો માણસ અવિરતિ નામના ખપ્પરમાં હોમાયો છે. ચાતુર્માસ એ ધર્મની મોસમ છે. બને તેટલું બહારનું ટ્રાવેલીંગ ઓછું કરી આત્માનું ટ્રાવેલીંગ કરવું જોઈએ. હિંસાના પાપોમાંથી નિવૃત્તિ લેવી જોઈએ. અહિંસા, સંયમ અને તપ દ્વારા સાચા ધર્મની સાધના કરવાનો આ અપૂર્વ અવસર મળ્યો છે. ૧૦ જૂન કોળી પટેલની વાડીમાં ગુરુગુણ સંવેદનાનો સવારે ૯થી ૧૨નો ભવ્ય કાર્યક્રમ યોજાશે. ચારેય મહિના ‘ધર્મબિંદુ’ ગ્રન્થ ઉપર સવારે ૮થી ૯નો નિત્ય સત્સંગ અને પાંચ રવિવારીય ૯/૩૦ થી ૧૨/૩૦ સુધી જીવન પરિવર્તક યુવા શિબિરો તા. ૧૩/૦૭ થી શરુ થશે.

**ચાતુર્માસમાં સંયમ, સ્વાધ્યાય, સમર્પણ અને આત્મોત્થાનનું પર્વ, પદ્મદર્શનવિજયજીની અમૃતવાણીનો શ્રોતાઓએ લાભ લીધો**

# બીલીમોરા સિનિયર સીટીઝન કલબે ધો.૧૦ અને ૧૨ના તેજસ્વી તારલાઓનું સન્માન કર્યુ

**બીલીમોરા, તા.૯**

બીલીમોરા સિનિયર સીટીઝન ક્લબ વર્ષ 2007થી અનેકવિધ સેવાકીય સમાજોપયોગી પ્રવૃત્તિઓ સાથે કાર્યરત, નિવૃત્ત શિક્ષકો, ડોક્ટરો, એન્જિનિયરો, બેંક મેનેજરો, ક્લાર્કો અને કલાકારો વગેરે 158 આજીવન સભ્યો ધરાવતી સિનિયર સીટીઝન ક્લબ ઓફ બીલીમોરાના હેતુઓ સિધ્ધ કરવા સાધારણ સભા, પ્રમુખ હરીશ ટંડેલના અધ્યક્ષપદે, દક્ષિણ ગુજરાત વરિષ્ઠ નાગરિક સંઘના પ્રમુખ ડૉ.ભરતચંદ્ર દેસાઈની પ્રેરક ઉપસ્થિતિમાં બીલીમોરા નગરપાલિકા સંચાલિત સિનિયર સીટીઝન હોલમાં યોજાઈ હતી. સભ્ય ઝવેર કેવટના સુમધુર સ્વરે પ્રાર્થના બાદ વિમાન દુર્ઘટનાના મૃતકો તથા ક્લબના અવસાન પામેલા સભ્યોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી.

પ્રમુખ હરીશ ટંડેલે શાબ્દિક આવકાર આપી ક્લબની પ્રવૃત્તિઓનો ચિતાર રજૂ કર્યો. મંત્રી હસમુખ પટેલ દ્વારા અગાઉની મિટિંગના ઠરાવોનું વાંચન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૫ના બીલીમોરા કેન્દ્રના ધો.10 અને 12 વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહના પ્રાપ્ત પરિણામ મુજબ વિવિધ દાતાઓ દ્વારા જાહેર કરાયેલા 49 પારિતોષિકો તેજસ્વી તારલાઓને


(તસવીર : ચંદ્રકાંત સોલંકી)

ક્લબના હોદ્દેદારો, સભ્યો દવારા વિધાર્થી દીઠ સર્ટિફિકેટ ઑફ મેરિટ,મેડલ અને વિવિધ સાત રંગના પટ્ટા સાથે સ્માર્ટ રિસ્ટ વોચ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.ગુજરાત રાજ્ય માધ્યમિક બોર્ડ (ધો.૧૦)માં પ્રથમ ઉત્તિર્ણ થયેલા એ.બી.સ્કૂલ નવસારીની, માતા પિતા સાથે હાજર રહેલ વિધાર્થીની કુ.ત્રિશા દિવ્યેશ પટેલ ભાવવિભોર બની હતી. ક્લબ દ્વારા પ્રાથમિક શાળા કેસલીને દત્તક લેવા નિર્ણય કરતા સભામાં ઉપસ્થિત કારોબારી સમિતિ સભ્ય અને જય જલારામ માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ મગન પટેલે 25 હજારનું દાન આપ્યું હતુ. આ પ્રસંગને સફળ બનાવવા ખજાનચી અનંત દેસાઈ, પ્રોજેક્ટ ચેરમેન પૂર્ણાનંદ પટેલ, ઉપપ્રમુખ પ્રા. મીનુ દેસાઈ,પૂર્વ પ્રમુખ ડૉ.નલિનીબેન,દશરથ પટેલ, કલ્પના વ્યાસ, ગીતા મહેતા વિગેરે સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.કાર્યક્રમનું સફળ સંચાલન ડોલી પટેલે કર્યુ હતુ.

## અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિ કરતા સિનિયર સીટીઝન કલબે કેસલી પ્રા.શાળાને દત્તક લેવાની જાહેરાત કરી

# નવસારી: દમણથી વડોદરા લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ભરેલા ટેમ્પો સાથે એક પકડાયો

**નવસારી, તા.૯**

નવસારી નેશનલ હાઈવે નં.48ના બોરીયાચ ટોલનાકેથી એલસીબી પોલીસે ૨૦.૧૦ લાખની કિંમતનો વિદેશી દારૂના જથ્થા સાથે વાહનચાલકની અટકાયત કરી હતી. જ્યારે ગુનામાં સંડોવાયેલા ત્રણ શખશોને વોન્ટેડ જાહેર કરાયા હતા.


(તસવીર : રમેશચંદ્ર પરમાર)

નવસારી એલસીબી પોલીસે બાતમીના આધારે નેશનલ હાઈવે નં.48 દમણથી વડોદરા તરફ જઈ રહેલા આઈસર ટેમ્પો (નં.GJ-16-Z-0136 )ને બોરીયાચ ટોલનાકા ખાતે અટકાવી તલાસી લીધી હતી. તલાસીમાં ટેમ્પોમાંથી વિદેશી દારૂની 6840 નંગ બોટલ કિંમત 20.10 લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. પોલીસે ટેમ્પોચાલક 27 વર્ષીય સુરજ વિરેન્દ્રસિંહ પરમાર (રહે. મૂળ રાજસ્થાન, હાલ રહે. સાન્તાક્રુઝ વેસ્ટ, જુહુ, કોળીવાડ ઝૂંપડપટ્ટી, મુંબઈ)ની અટકાયત કરી પૂછપરછ કરતા દારૂનો જથ્થો રાજુ શર્મા નામના શખશે દમણથી ભરાવી આપ્યો હતો. જ્યારે રાજુ શર્મા સાથે રહેલા ઈનોવાના કારચાલક રાહુલ યાદવ સાથે ટેમ્પાનુ પાઈલોટિંગ કરતા હતા. દારૂ ભરીને દમણથી આવનાર ટેમ્પોચાલક સુરજ પરમારને મુંબઈના અજીતસિંહ પરમારે દમણથી દારૂ ભરાવનાર રાજેશ શર્માની ઓળખાણ કરાવી હતી. આમ ત્રણેય શખ્સ ગુનામાં સનડોવાયેલા હોવાથી ત્રણેયને વોન્ટેડ જાહેર કરાયા હતા. નવસારી એલસીબી પોલીસે રૂરલ પોલીસને કેસ રીફર કર્યો હતો.

## પોલીસે ૨૦.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણને વોન્ટેડ જાહેર કર્યા








# 'ભારતબંધ': દેશના કેટલાક રાજ્યોમાં બેંકો, પરિવહન, વીજપુરવઠો પ્રભાવિત

### વીજળી, ખાણો, ખનિજો, કોલસો, બંદરો અને જાહેર પરિવહન જેવા મુખ્ય ક્ષેત્રોને અસર : પુડુચેરી, આસામ, બિહાર, ઝારખંડ, તમિલનાડુ, પંજાબ, કેરળ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, કર્ણાટક, ગોવા, મેઘાલય, મણિપુરમાં બંધની અસર : કોલકાતા-ભુવનેશ્વરમાં રેલ્વે ટ્રેક બ્લોક : 25 કરોડ કામદારો જોડાયા હોવાનો ટ્રેડ યુનિયનોનો દાવો

**નવી દિલ્હી તા.૯**

૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનો (CTU) ના મંચ દ્વારા જણાવાયું છે કે, કેન્દ્ર સરકારની નીતિઓ, ખાસ કરીને ચાર શ્રમ સંહિતા રદ કરવા બદલ, બુધવારે (૯ જુલાઈ, ૨૦૨૫) ના રોજ ૨૫ કરોડથી વધુ કામદારોએ રાષ્ટ્રવ્યાપી સામાન્ય હડતાળમાં ભાગ લીધો હતો. નવી દિલ્હીમાં કામદારોની રેલીને સંબોધતા યુનિયનોના નેતાઓએ જણાવ્યું હતું કે, હડતાળથી વીજળી, ખાણો, ખનિજો, કોલસો, બંદરો અને જાહેર પરિવહન જેવા મુખ્ય ક્ષેત્રો પ્રભાવિત થયા છે.

સીટીયુએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ગ્રામીણ ભારતમાં અને બ્લોક-સબ-ડિવિઝન સ્તરે પણ અનૌપચારિક ક્ષેત્રના કામદારો, કૃષિ મજૂરો અને ખેડૂતો અને સામાન્ય લોકોના અન્ય વર્ગો દ્વારા ખૂબ મોટી સંખ્યામાં એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. "ઘણા રાજ્યોમાં વિદ્યાર્થીઓ અને યુવાનોની ભાગીદારી નોંધપાત્ર હતી. સંયુક્ત કિસાન મોરચા [SKM] અને કૃષિ મજૂર સંગઠનોના સંયુક્ત મોરચાના કાર્યકરોએ ગ્રામીણ ભારતમાં એકત્રીકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી," તેમણે ઉમેર્યું.

બુધવારે 10 કેન્દ્રીય ટ્રેડ યુનિયનોના સંયુક્ત મંચ દ્વારા બોલાવવામાં આવેલા 'ભારત બંધ' વિરોધ પ્રદર્શનને કારણે અનેક ભારતીય રાજ્યોમાં જાહેર પરિવહનને ભારે અસર થઈ હતી. આ વિરોધ કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરાયેલા શ્રમ સુધારા અને આર્થિક નીતિઓનો વિરોધ કરવાનો છે, જેના પર યુનિયનો આરોપ છે કે તે કામદારોના અધિકારોને નબળી પાડે છે. કોલકાતામાં કેન્દ્ર સરકારના ચાર શ્રમ સંહિતા વિરુદ્ધ રાષ્ટ્રવ્યાપી સામાન્ય હડતાળના સમર્થનમાં કેન્દ્રીય ટ્રેડ યુનિયનોના સભ્યો રેલી કાઢી પૂતળા બાળ્યા હતા. આ હડતાળનો હેતુ જાહેર પરિવહન, સરકારી કચેરીઓ, જાહેર ક્ષેત્રના ઉપક્રમો, બેંકિંગ અને વીમા, ટપાલ સેવાઓ, કોલસા ખાણકામ અને ઔદ્યોગિક ઉત્પાદનમાં અવરોધો દૂર કરવાની માંગ માટે હતો.

દેશના ટ્રેડ યુનિયનોએ બુધવારે હડતાળ પાડતાં મોટાભાગનાં રાજ્યોમાં તેની અસર જોવા મળી હતી. બિહારમાં રાષ્ટ્રીય જનતા દળની વિદ્યાર્થી પાંખના સભ્યોએ જહાનાબાદ રેલ્વે સ્ટેશન પર રેલ્વે ટ્રેક બ્લોક કરી દીધા હતા. પશ્ચિમ બંગાળમાં, આંદોલનકારીઓએ જાધવપુર સહિત અનેક સ્ટેશનો પર રેલ સેવાઓ અવરોધિત કરી હતી, જ્યાં ડાબેરી સંગઠનોના સભ્યો પોલીસની હાજરીનો વિરોધ કરીને ટ્રેક પર બેસી ગયા હતા. ઉત્તર બંગાળમાં રાજ્ય પરિવહન નિગમ (NBSTC) ના બસ ડ્રાઈવરો ફરજના સમય દરમિયાન હેલ્મેટ પહેરવાની સ્થિતિ આવતા અસંતોષ જોવા મળ્યો હતો. ઓડિશાના ભુવનેશ્વરમાં, સેન્ટર ઓફ ઈન્ડિયન ટ્રેડ યુનિયન્સ (CITU) ના ખોરધા જિલ્લા એકમના સભ્યોએ બંધના સમર્થનમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગને અવરોધિત કર્યો હતો. દરમિયાન, કેરળના કોટ્ટાયમમાં, દુકાનો અને મોલ બંધ રહ્યા હતા

## પ્રધાનમંત્રી મોદીને ખાસ સમારોહમાં નામિબિયાનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો

**નવી દિલ્હી તા.૯**

વડા પ્રધાન નરેન્દ્ર મોદીને બુધવારે નામિબિયામાં સર્વોચ્ચ નાગરિક સન્માન 'ઓર્ડર ઓફ ધ મોસ્ટ એન્સિયન્ટ વેલવિટ્શિયા મિરાબિલિસ' એનાયત કરવામાં આવ્યો. નામિબિયાના રાષ્ટ્રપતિ ડૉ. નેતુમ્બો નંદી-ન્દૈતવાહએ રાજધાની વિન્ડહોક સ્થિત સ્ટેટ હાઉસ ખાતે તેમને આ સન્માન આપ્યું હતું. પીએમ તરીકે મોદીનો આ 27મો આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે. પ્રધાનમંત્રીએ નામિબિયાની સંસદને પણ સંબોધિત કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને બુધવારે નામિબિયામાં 21 તોપોની સલામી સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજધાની વિન્ડહોકમાં સ્ટેટ હાઉસ ખાતે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યા બાદ પીએમ મોદીએ રાષ્ટ્રપતિ નેતુમ્બૌ



નંદી ન્દૈતવાહ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી. મોદી-નદૈતવાહ બેઠક મુખ્યત્વે ડિજિટલ ટેકનોલોજી, સંરક્ષણ, સુરક્ષા, કૃષિ, આરોગ્યસંભાળ, શિક્ષણ અને મહત્વપૂર્ણ ખનિજો જેવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા પર કેન્દ્રિત હતી. ગયા વર્ષે એપ્રિલમાં NPCI (નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) અને બેંક ઓફ નામિબિયા વચ્ચે UPI ટેકનોલોજી લાઈસન્સિંગ કરાર પર હસ્તાક્ષર થયાના પરિણામે આ વર્ષના અંતમાં નામિબિયામાં ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. મોદીએ હીરોઝ એકર સ્મારક ખાતે નામિબિયાના સ્થાપક પિતા સેમ નુજોમાને શ્રદ્ધાંજલિ પણ આપી હતી. નુજોમાએ 1990 માં નામિબિયાને સ્વતંત્રતા અપાવી અને 15 વર્ષ સુધી તેના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે સેવા આપી હતી.

### નામિબિયામાં ઔપચારિક સ્વાગત દરમિયાન પીએમ મોદીને 21 તોપોની સલામી આપવામાં આવી : ચાર કરારો પર હસ્તાક્ષર થયા

## NVIDIAએ 3.36 લાખ કરોડના માર્કેટ કેપ સાથે ઈતિહાસ રચ્યો

**વોશિંગ્ટન, તા. 09**

અમેરિકન ચિપ મેન્યુફેક્ચરિંગ કંપની Nvidia એ બુધવારે $4 ટ્રિલિયન (લગભગ રૂ. 3.36 લાખ કરોડ) નું માર્કેટ કેપિટલાઈઝેશન હાંસલ કરીને ઈતિહાસ રચ્યો. વિશ્વની કોઈપણ પબ્લિક લિસ્ટેડ કંપનીએ આ સ્તર પ્રાપ્ત કર્યું હોય તેવું આ પ્રથમ વખત છે. બુધવાર, 9 જુલાઈના રોજ યુએસ શેરબજાર ખુલ્યા પછી, Nvidia ના શેરમાં 2.5% નો વધારો જોવા મળ્યો, ત્યારબાદ કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન $4 ટ્રિલિયનને પાર કરવામાં સફળ રહ્યું હતું.

તાજેતરના સમયમાં Nvidia આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના ક્ષેત્રમાં એક વિશાળ કંપની તરીકે ઉભરી આવી છે. આ કંપનીની ચિપ્સનો ઉપયોગ માઈક્રોસોફ્ટ, એમેઝોન અને ગુગલ જેવી વિશ્વની અગ્રણી કંપનીઓના ડેટા સેન્ટરોમાં AI મોડેલ્સ અને ક્લાઉડ સેવાઓમાં થાય છે.




### 4 ટ્રિલિયન ડોલર પ્રાપ્ત કરનારી પ્રથમ કંપની બની, AIની માંગથી ગ્રાફિક્સ અને ડેટા સેક્ટરને જબરદસ્ત પ્રોત્સાહન મળ્યું. એપલ અને માઈક્રોસોફ્ટને પણ પાછળ છોડ્યા

Nvidia એક એવી કંપની છે જે AI મોડેલ્સને તાલીમ આપવા અને ચલાવવા માટે મહત્વપૂર્ણ હાઈ-એન્ડ પ્રોસેસર બનાવે છે. જોકે અન્ય કંપનીઓ પણ આ કામ કરે છે, Nvidia તે બધાથી આગળ છે. તેથી, AI ક્ષેત્રમાં રોકાણ વધવાની સાથે, Nvidia ની માંગ પણ ઝડપથી વધી રહી છે. અમેરિકામાં પણ, AI થીમ પર આધારિત કંપનીઓમાં રોકાણ કરવાનો ક્રેઝ ઘણો વધી ગયો છે, અને Nvidia આનું સૌથી મોટું ઉદાહરણ છે.

2025 માં અત્યાર સુધીમાં, Nvidia ના શેરમાં 20% નો વધારો જોવા મળ્યો છે. Nvidia હવે Microsoft અને Apple Inc ને પાછળ છોડીને $4 ટ્રિલિયનના માર્કેટ કેપિટલાઈઝેશન સાથે કંપની બની ગઈ છે. Apple Inc નું માર્કેટ કેપ $3.9 ટ્રિલિયન છે અને Microsoft નું માર્કેટ કેપ $3.77 ટ્રિલિયન છે.

## બિહાર ચૂંટણી પહેલા લાલુ યાદવ જેલમાં જશે? CBIની સજા વધારવાની અરજી હાઈકોર્ટે સ્વીકારી

**રાંચી, તા. 09**

ઘાસચારા કૌભાંડ કેસમાં દોષિત લાલુ પ્રસાદ યાદવની સજા વધારવાની માંગ પર ઝારખંડ હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. કોર્ટે સુનાવણી માટે સીબીઆઈની અરજી સ્વીકારી લીધી છે.



### દેવઘર કૌભાંડમાં નીચલી કોર્ટે લાલુ, બેક જુલિયસ અને સુધીર કુમારને સાડા ત્રણ વર્ષની સજા ફટકારી હતી

સીબીઆઈએ લાલુ પ્રસાદ યાદવ, બેક જુલિયસ અને સુધીર કુમાર ભટ્ટાચાર્યની સજા વધારવાની માંગ કરી છે. નીચલી કોર્ટે આ લોકોને સાડા ત્રણ વર્ષની સજા ફટકારી હતી. જ્યારે સીબીઆઈ આ કેસમાં મહત્તમ સજાની માંગ કરી રહી છે. આ કેસ દેવઘર તિજોરીમાંથી ગેરકાયદેસર ઉપાડ સાથે સંબંધિત છે.

એપ્રિલ મહિનાની શરૂઆતમાં, સીબીઆઈએ ઝારખંડ હાઈકોર્ટમાં ઘાસચારા કૌભાંડમાં લાલુ યાદવની સજા વધારવા માટે અરજી દાખલ કરી હતી. અરજી સ્વીકારતા કોર્ટે આ કેસમાં આગામી સુનાવણી ત્રણ મહિના પછી રાખવાનું કહ્યું હતું.

## યુરોપમાં હીટવેવનો કહેર: 10 દિવસમાં 2300 લોકોનાં મોત

**લંડન, તા. 09**

યુરોપમાં ગરમીએ તબાહી મચાવી છે. બુધવાર, 9 જુલાઈના રોજ પ્રકાશિત થયેલા વૈજ્ઞાનિક વિશ્લેષણ અહેવાલ મુજબ, 10 દિવસના હીટવેવ દરમિયાન યુરોપના 12 શહેરોમાં ગરમી સંબંધિત કારણોસર લગભગ 2,300 લોકો મૃત્યુ પામ્યા છે. આ અભ્યાસ 2 જુલાઈના રોજ પૂરા થતા 10 દિવસના હીટવેવ સમયગાળાને લક્ષ્ય બનાવતો હતો, જે દરમિયાન પશ્ચિમ યુરોપના મોટા ભાગો ભારે ગરમીની ઝપેટમાં હતા. જ્યારે સ્પેનમાં તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું, ત્યારે ફ્રાન્સમાં જંગલોમાં આગ લાગી હતી.

ઈમ્પિરિયલ કોલેજ લંડન અને લંડન સ્કૂલ ઓફ હાઈજીન એન્ડ ટ્રોપિકલ મેડિસિનના વૈજ્ઞાનિકો દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસ મુજબ, આ 10 દિવસોમાં અંદાજિત 2,300 મૃત્યુમાંથી 1,500 મૃત્યુ આબોહવા પરિવર્તન સાથે સંકળાયેલા હતા. આબોહવા પરિવર્તને ગરમીના મોજાને વધુ તીવ્ર બનાવ્યા.



આ અભ્યાસમાં બાર્સેલોના, મેડ્રિડ, લંડન અને મિલાન સહિત 12 શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સંશોધકોએ જણાવ્યું હતું કે અહીં આબોહવા પરિવર્તનને કારણે ગરમીના તાપમાનમાં 4 ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો થયો છે. સંશોધકોએ મૃત્યુની સંખ્યાનો અંદાજ કાઢવા માટે સ્થાપિત રોગચાળાના મોડેલો અને ઐતિહાસિક મૃત્યુદર ડેટાનો ઉપયોગ કર્યો હતો.

યુરોપિયન યુનિયનની કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસે બુધવારે એક માસિક બુલેટિનમાં જણાવ્યું હતું કે ગયા મહિને, પૃથ્વી પર જૂન મહિનો રેકોર્ડ પર ત્રીજો સૌથી ગરમ હતો. રેકોર્ડ પર સૌથી ગરમ જૂન 2024 અને 2023 માં હતો. કોપરનિકસે કહ્યું કે જૂન મહિનો (જૂન 2025) પશ્ચિમ યુરોપમાં અત્યાર સુધીનો સૌથી ગરમ જૂન મહિનો હતો. મોટાભાગના પ્રદેશમાં "ભારે ગરમી"નો અનુભવ થયો - જે 38 ડિગ્રી સેલ્સિયસ કે તેથી વધુ તાપમાન જેવી પરિસ્થિતિઓ દ્વારા ચિહ્નિત થયેલ છે.

### આબોહવા પરિવર્તનને કારણે ગરમીના તાપમાનમાં 4 ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો થયો, સ્પેનમાં તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું, ફ્રાન્સના જંગલોમાં આગ

## ન્યૂ મેક્સિકોમાં અચાનક પૂરમાં 3નાં મોત, અનેક ઘરો તણાઈ ગયા

**નવી દિલ્હી તા.૯**

ન્યૂ મેક્સિકોમાં ભારે વરસાદને કારણે અચાનક પૂર આવ્યું, જેના પરિણામે બે બાળકો સહિત ત્રણ લોકોના મોત થયા અને રુઈડોસોમાં અનેક લોકો ઘરોમાં ફસાયા હતા. મંગળવારે પૂરમાં બે નાના બાળકો સહિત ત્રણ લોકોના મોત થયા હતા. જ્યારે રુઈડોસોના રિસોર્ટ ગામમાં ડઝનબંધ ઘરો અને વાહનો ફસાયા હતા.

મંગળવારે ન્યૂ મેક્સિકોના રુઈડોસોમાં ભારે વરસાદને કારણે એક આખું ઘર નદીના પ્રવાહમાં વહી ગયું હતું, જેના કારણે અચાનક પૂરની કટોકટી જાહેર કરવામાં આવી હતી. મંગળવાર રાત સુધીમાં, પાણી ઓસરી ગયું હતું અને શોધ અને બચાવ કામગીરી શરૂ થઈ ગઈ હતી, જ્યારે જાહેર બાંધકામ ટીમોએ રસ્તાઓ પરથી કાટમાળ સાફ કર્યો હતો. અહેવાલમાં જણાવાયું હતું કે ચાર અને સાત વર્ષના બે બાળકો, એક પુરુષ સાથે, નદીના પ્રવાહમાં વહી ગયા હતા.

### રિસોર્ટ ગામમાં ડઝનબંધ ઘરો અને વાહનો મુસીબતમાં મુકાયા, શોધ, બચાવ અને રસ્તા પરથી કાટમાળ હટાવવાની કામગીરી શરૂ

## રાજસ્થાનમાં વાયુસેનાનું જગુઆર ફાઈટર જેટ ક્રેશ પાયલોટ સહિત 2 લોકોના મોત

**નવી દિલ્હી તા.૯**

ભારતીય વાયુસેના (IAF)નું બે સીટવાળું જગુઆર ટ્રેનર વિમાન બુધવારે બપોરે રાજસ્થાનના ચુરુ જિલ્લામાં ક્રેશ થયું હતું. આ દુર્ઘટના સાથે આ વર્ષે જગુઆર સંબંધિત ત્રીજો અકસ્માત છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, સુરતગઢ એરબેઝથી ઉડાન ભરેલું આ ફાઈટર જેટ બપોરે 1.25 વાગ્યે ભાનોડા ગામ નજીક એક કૃષિ ક્ષેત્રમાં તૂટી પડ્યું હતું. બચાવ માટે ઈજેક્શન દરમિયાન સ્ક્વોડ્રન લીડર માર્યા ગયા હતા, જ્યારે બીજો પાયલોટ ઘાયલ થયો હતો. તેની સારવાર ચાલી રહી છે.



રાજસ્થાનના ચૂરૂમાં મંગળવારે રાતે ભારતીય વાયુસેનાનું જગુઆર વિમાન તૂટી પડતાં એક પાયલોટ માર્યો ગયો અને બીજો ઘાયલ થયો હતો. રાત્રિ મિશન પર નીકળેલું ફાઈટર થોડીવારમાં જ તૂટી પડ્યું હતું. રાજલદેસરના સ્ટેશન હાઉસ ઓફિસર (SHO) કમલેશે પુષ્ટિ આપી હતી કે, દુર્ઘટના સ્થળેથી માનવ શરીરના ભાગો મળી આવ્યા છે, જે સંભવિત જાનહાનિ સૂચવે છે.

અમે સંરક્ષણ અધિકારીઓ અને બચાવ કર્મચારીઓ સાથે સંકલન કરી રહ્યા છીએ. તપાસ આગળ વધતાં વધુ વિગતો બહાર આવશે. આ ઘટના 2025 માં જગુઆર વિમાન સાથે જોડાયેલી ત્રીજી દુર્ઘટના છે, જેના કારણે કાફલાની કાર્યકારી સલામતી અંગે ચિંતાઓ ઉભી થાય છે.

### 1970નાં દાયકામાં સેનામાં દાખલ થયેલા જગુઆર જીવતા કફન બન્યા: રાજસ્થાનમાં ત્રીજુ ક્રેશ થયું ટ્વીન-સીટર જગુઆર જામનગર એરફિલ્ડથી રાત્રે ઉડાન ભર્યાના થોડા સમય પછી ક્રેશ થયું હતું

## >> પહેલા પાનાનું શેષ

### વડોદરાની મહિનદીનો...

પસંદગીનો બ્રિજ હતો. સતત ચોવીસ કલાક સરકારી, ખાનગી અને ગુડઝ વાહનોની આ બ્રિજ ઉપર લાઈનો લાગતી રહેતી હતી. સદનસીબે દુર્ઘટના સર્જાઈ ત્યારે ખૂબ જ ઓછા પ્રમાણમાં વાહનો હોવાથી માનવ ખુવારી ઓછી થવા પામી હતી. કદાચ રાત્રિના સમયે દુર્ઘટના સર્જાઈ હોત તો મૃત્યું આંક અનેક ગણો મોટો થયો હતો.

આજે સવારે લગભગ 9.00 કલાકે બ્રિજ તૂટી પડવાની દુર્ઘટના સર્જાઈ હતી. બ્રિજ ઉપરથી પસાર થઈ રહેલી બે ટ્રક, એક બોલેરાજીપ એક ઈકો કાર અને ટુવ્હીલર વાહન ચાલકો અચાનક બે કાંઠે વહેતી મહિસાગર નદીમાં ખાબક્યા હતા અને ગણતરીની પળોમાં કાળ ફરી વળ્યો હતો. મહિસાગર નદીમાં માછીમારી કરી રહેલા લોકો બચાવવા માટે દોડ્યા હતા. પરંતુ ડૂબી રહેલા વાહનોમાં ફસાઈ ગયેલા લોકોને બચાવવાનું મુશ્કેલ હતું. તેમ છતાં માછીમારોએ અનેકને બચાવી લેવાનું પુણ્યનું કામ કર્યું હતું.

મળેલી માહિતી પ્રમાણે પાદરા તાલુકાના મુજપુર ગામ પાસેથી પસાર થતી મહી નદી ઉપર આણંદ જિલ્લાને જોડતો 45 વર્ષ પૂર્વે બ્રિજ બનાવાયો હતો. જે પાદરા મુજપુર - ગંભીરા બ્રિજ તરીકે ઓળખાય છે. છેલ્લા ઘણા વર્ષથી આ બ્રિજ જર્જરીત થઈ ગયો હતો.

દરમિયાન આજે વહેલી સવારે મુજપુર પાસે બ્રિજના વચ્ચેથી ટુકડા થઈ જતા બ્રિજ ઉપરથી પસાર થઈ રહેલા એક પછી એક સાત જેટલા વાહનો બ્રિજ નીચેથી પસાર થતી અને બે કાંઠે વહેતી મહીસાગર નદીમાં ખાબક્યા હતા. ગંભીરા બ્રિજ તૂટ્યો હોવાની જાણ મુજપુર, ડબકા, એકલબારા, મહુવડ ગામના લોકોને થતા જ લોકો બચાવ કામગીરી માટે ઘટના સ્થળે દોડી ગયા હતા. અને મહી નદીમાં પડેલા વાહનોમાંથી બહાર નીકળીને મહી નદીના વહેતા પાણીમાં તરફડીયા મારતા લોકોને બચાવી લીધા હતા.

આ ઘટનામાં બે બાળકો સહિત 13ના મોત નીપજ્યા હતા. પાદરા અને આણંદ જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં હાહાકાર મચાવી મૂકનાર આ ઘટનાની જાણ થતા લોકોનો તંત્ર સામે ભારે આક્રોશ જોવા મળ્યો હતો. લોકો જણાવી રહ્યા હતા કે 45 વર્ષ જૂના ગંભીરા બ્રિજના સમારકામ માટે તંત્રનું અનેક વખત ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ બાબતે મુજપુર જિલ્લા પંચાયતના સદસ્ય હર્ષદસિંહ પરમારે વર્ષ 2022માં માર્ગ અને મકાન વિભાગને લેખિતમાં રજૂઆત કરી હતી. પરંતુ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ના આવતા આજે આ દુર્ઘટના સર્જાઇ છે.

મુજપુરનો પરિવાર સવારે સાત કલાકે ઘરેથી બગદાણા પુનમ ભરવા માટે નીકળ્યો હતો અને બ્રીજ પર પહોંચતા જ માત્ર 15 મિનિટમાં બ્રીજ તૂટી જવાની ઘટના બની અને એકજ પરિવારના ત્રણ લોકોના મોત નીપજ્યા હતા અને એક ગંભીર હાલતમાં વડોદરા સરકારી દવાખાનામાં સારવાર હેઠળ છે. કલાકોની શોધખોળના અંતે વધુ ત્રણ મૃતદેહ મળી આવતા મૃત્યુ આંક 13 ઉપર પહોંચ્યો હતો.

### અમેરિકાએ વિદ્યાર્થી...

રોજ કાયદામાં હસ્તાક્ષરિત થયો હતો. આ ફી, જે ફુગાવા પર આધારિત હોવાથી વાર્ષિક ધોરણે બદલાશે, તે સિક્યોરિટી ડિપોઝિટ જેવી છે. જો અરજદારો ચોક્કસ માપદંડો પૂર્ણ કરે તો રકમ પરત મળશે. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા અરજદારોને યુએસ ઈમિગ્રેશન કાયદાઓનું પાલન કરાવવાના પ્રયાસ તરીકે તેને જોવામાં આવે છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે 4 જુલાઈના રોજ તેના પર હસ્તાક્ષર કર્યા પછી, વન બિગ બ્યુટીફુલ બિલ કાયદો બન્યો. નવો વિઝા નિયમ ઓમ્નિબસ એક્ટનો એક ભાગ છે. નવા નિયમ મુજબ, આ ફરજિયાત ફી, જે 2026 થી અમલમાં આવશે. તે કોઈપણ એલિયન દ્વારા જારી કરાયેલ નોન-ઈમિગ્રન્ટ વિઝા અરજીઓ પર લાગુ થશે, જેમાં પ્રવાસી/વ્યવસાય (B-1/B-2), વિદ્યાર્થી (F/M), કાર્ય (H-1B), અને વિનિમય (J) વિઝાનો સમાવેશ થાય છે, જેમાં ફક્ત રાજદ્વારી વિઝા શ્રેણીઓ (A અને G) માટે મુક્તિ છે. કાયદામાં દર્શાવેલ મુજબ, ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS) વિઝા જારી કરતી વખતે હાલના વિઝા અરજી ખર્ચ ઉપરાંત આ સરચાર્જ લાદશે.

ગેરકાયદેસર ઈમિગ્રેશન સામે અમલીકરણને મજબૂત બનાવવાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના તીવ્ર પ્રયાસો વચ્ચે આ નવા નિયમો આવ્યા છે. બિલમાં મુસાફરી સંબંધિત અન્ય ફીનો સમાવેશ થાય છે, જેમાં વિઝા વેવર પ્રોગ્રામના પ્રવાસીઓ માટે 24 ડોલર I-94 ફી, 13 ડોલર ઈલેક્ટ્રોનિક સિસ્ટમ ફોર ટ્રાવેલ ઓથોરાઈઝેશન (ESTA) ફી અને 10 વર્ષના B-1/B-2 વિઝા ધરાવતા ચોક્કસ ચીની નાગરિકો માટે 30 ડોલર ઈલેક્ટ્રોનિક વિઝા અપડેટ સિસ્ટમ (EVUS) ફીનો સમાવેશ થાય છે. તે કોઈ પણ માફ કરી શકાય તેવી નથી.

### ટ્રમ્પે વધુ...

દક્ષિણ કોરિયા (૨૫ ટકા), મ્યાનમાર (૪૦ ટકા), લાઓસ (૪૦ ટકા), દક્ષિણ આફ્રિકા (૩૦ ટકા), કઝાકિસ્તાન (૨૫ ટકા) અને મલેશિયા (૨૫ ટકા) માટે જકાત લાદતા પત્રો જારી કર્યા હતા. આ પત્રોમાં ટ્યુનિશિયા, બાંગ્લાદેશ, ઈન્ડોનેશિયા, કંબોડિયા, બોસ્નિયા અને હર્ઝેગોવિના, સર્બિયા અને થાઈલેન્ડ જેવા અન્ય દેશોને પણ આવરી લેવામાં આવ્યા હતા, જેમાં ૨૫ ટકાથી ૩૬ ટકા સુધીની જકાત લાદવામાં આવી હતી.

ટ્રમ્પે 90 દિવસની વાટાઘાટોની અવધિ પૂર્ણ થયા પછી ટ્રુથ સોશિયલ પર પત્રો પોસ્ટ કર્યા હતા, જે 10 ટકાના બેઝલાઈન લેવી સાથે શરૂ થઈ હતી. ટ્રમ્પ 1 ઓગસ્ટની તેમની સમયમર્યાદા પહેલા દેશોને વાટાઘાટો માટે વધુ સમય આપી રહ્યા છે, પરંતુ તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે પત્રો મેળવનારા દેશો માટે કોઈ વિસ્તરણ કરવામાં આવશે નહીં.

## બિહારમાં મતદાર યાદી સુધારણા સામે રાહુલ ગાંધીની આગેવાની હેઠળ વિપક્ષનું વિરોધ પ્રદર્શન

**પટના તા.૯**

મતદાર યાદી સુધારણા સામે પટનામાં રાહુલ ગાંધીની આગેવાની હેઠળ વિપક્ષનું વિરોધ પ્રદર્શન બુધવારે યોજાયું હતું. તેમાં રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવે ખાસ સઘન સુધારા દ્વારા મતદારોને મતાધિકારથી વંચિત રાખવાનો આરોપ ચૂટણી પંચ પર મૂક્યો હતો. બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચ પર પક્ષપાતનો આરોપ મુકી વિપક્ષ મતદાન સુધારણા કાર્યક્રમ યેનકેન પ્રકારે રોકવા માગતો હોવાનો ભાજપએ આરોપ લગાવ્યો હતો.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી, રાષ્ટ્રીય જનતા દળના તેજસ્વી યાદવ સહિત વરિષ્ઠ વિપક્ષી નેતાઓએ બુધવારે બિહારમાં મતદાર યાદીના ચાલી રહેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) સામે પટનામાં વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું હતું. તેમણે આરોપ લગાવ્યો કે ઓક્ટોબર-નવેમ્બરમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા મતદારોના મોટા વર્ગને મતાધિકારથી વંચિત રાખવાનું આ પગલું છે. વાહનની છત પરથી મુખ્યત્વે યુવા પ્રદર્શનકારીઓના એકઠા થયેલા મેળાવડાને સંબોધતા રાહુલે કહ્યું, સર ફક્ત તમારા મત જ નહીં પરંતુ તમારા ભવિષ્યનું પણ ચોરી કરવાનો પ્રયાસ છે.

બિહારના યુવાનો તે થવા દેશે નહીં કારણ કે સમગ્ર વિપક્ષ તમારી સાથે ઉભો છે. કોંગ્રેસના નેતાએ ચૂંટણી કમિશનર પર ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના ઉમેદવાર હોવાનો પણ આરોપ લગાવ્યો, જે ભારતના ચૂંટણી પંચમાં રાજકીય પક્ષપાત સૂચવે છે. આરજેડી નેતા તેજસ્વી યાદવે આરોપ લગાવ્યો કે, ચૂંટણી પંચ એક રાજકીય પક્ષનું પાંખ બની ગયું છે. શું ગુજરાતના બે લોકો નક્કી કરશે કે કયો બિહારી મતદાર મતદાન કરી શકે છે અને કયો નહીં? ચૂંટણી પંચે તેની વિશ્વસનીયતા ગુમાવી દીધી છે.



### ECI એ બિહારના મતદારોને SIR હેઠળ દસ્તાવેજો પૂરા પાડવા માટે વધુ સમય આપ્યો, રસ્તામાં પોલીસે રેલી પર રોક લગાવતા ઝપાઝપી થઈ હતી

